CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883




સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026
25 વર્ષ
લગાતાર
પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 112, Dt. 11-09-2026 (FRIDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789

## હવે મોલ, રેસ્ટોરન્ટ-હોટલ, કાફે, દુકાનો 24 કલાક ખુલ્લા રાખી શકાશે

# ગુજરાતમાં 'નાઈટ લાઈફ'ને લીલીઝંડી!

## વિધાનસભામાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારા વિધેયક પસાર




- પોલીસ સહિતની ઓથોરિટી બંધ કરાવી શકશે નહીં
- બાકીના વિસ્તારોમાં રાત્રે 11 થી સવારના 6 વાગ્યા સુધી દુકાન બંધ રાખવાની જોગવાઈ હતી

## પહેલા રેલવે સ્ટેશનો, પેટ્રોલપંપ અને બસ સ્ટેશન, નેશનલ હાઈવે હોસ્પિટલોના વિસ્તારોમાં જ 24 કલાક દૂકાનો ખૂલ્લી રાખવાની છૂટ હતી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે અંતિમ દિવસ છે. આજે ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારા વિધેયક રજૂ ગૃહમાં પસાર થઈ ગયું છે. આ સાથે જ હવે મોલ,રેસ્ટોરન્ટ-હોટલ, કાફે, દુકાનો જેવા એકમો ૨૪ કલાક ચાલુ રાખી શકાશે.પોલીસ કે અન્ય સ્થાનિક ઓથોરિટી આવીને તેને કોઈ રીતે બંધ કરાવી શકશે નહીં. અલબત્ત આ એકમોએ પોતાની આસપાસ સ્વચ્છતા, ટ્રાફિક અને સલામતી સંદર્ભે ચોકસાઈ રાખવાની રહેશે. મહાનગર પાલિકાઓ, હોસ્પિટલો, નેશનલ હાઈવે પરના એકમો, રેલવે સ્ટેશનો, પેટ્રોલપંપ અને બસ સ્ટેશન વિસ્તારોમાં જ ૨૪ કલાક દુકાન ચાલુ રાખવાની છૂટ હતી. નગરપાલિકા અને રાજ્ય ધોરીમાર્ગના એકમો ૨થી સવારે ૬ અને બાકીના વિસ્તારોમાં રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધી દુકાન બંધ રાખવાની જોગવાઈ હતી. તેમાં હવે સંપૂર્ણ મુક્તિ અપાઇ છે. જોકે કામદારોના રજા સહિતના હકો અને સુરક્ષા સંબંધિત જોગવાઈઓ યથાવત્ રહેશે. ગુમાસ્તા ધારામાં હવે નોંધણી માટે સેલ્ફ ડિક્લેરેશન અને સેલ્ફ સર્ટિફાઇડ દસ્તાવેજોના આધારે અરજી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. નોંધણીની અરજીમાં ઇન્સ્પેક્ટરની ભૂમિકા દૂર કરવામાં આવી છે. વિધાનસભામાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ બિલને લઈને કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકારને સવાલો કર્યા હતા કે ઉદ્યોગ વિભાગ, શહેરી વિકાસ સહિત ૯ વિભાગો સંકળાયેલા હોવા છતાં માત્ર એક વિભાગ મારફતે બિલ કયા નિયમના આધારે રજૂ કરવામાં આવ્યું છે? રોજગાર, શહેરી વિકાસ, દુકાનદાર અને મેડિકલ સહિતના વિવિધ ક્ષેત્રોને એક જ બિલમાં જોડવાની સંગતતા શું છે અને ૯ વિભાગોમાં સુધારા કયા નિયમ મુજબ લાવવામાં આવ્યા તે અંગે પણ તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની મંજૂરીથી કાયદો બનેલા કાયદાઓમાં આ રીતે સુધારા કેવી રીતે કરી શકાય, જ્યારે પ્રવાસન અને વાહન વ્યવહાર જેવા વિભાગોનો બિલમાં ઉલ્લેખ પણ નથી.





સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
LOCAL
RELEVANT
TRUSTED
ALWAYS WITH YOU
આજના અખબારમાં સૌથી પહેલા કયું પાનું વાંચશો ?
GOOD NEWS BRIGHTER PEOPLE BETTER TOMORROW
City News | SPECIAL
PEOPLE | IDEAS | TRENDS | OPPORTUNITIES | CHANGE
Zen G
યુવા વિચાર. ઉજ્જવલ આવતીકાલ.
THE NEXT GENERATION PAGES STARTS HERE...
YOUTH VOICES REAL STORIES
Same City Bigger Dreams
LEARN GROW EXPLORE
IDEAS THAT MATTER
BE THE CHANGE
City News
A BRIGHTER CITY FOR A BRIGHTER TOMORROW
IDEAS
CAREER
LIFESTYLE
TECHNOLOGY
ENTERTAINMENT
SOCIAL IMPACT
Good Ideas Start with Good News
હવે રોજ
Zen G ના સમાચારનું એક પેજ
માત્ર City News માં !
એક પેજ નહીં... હવે રોજ Zen G નો અવાજ !
શિક્ષણ
નવા માર્ગ, મોટા સપના
કેરિયર
તૈયારી આજે, સફળતા કાલે
નવા વિચાર
યુવા મગજ, નવી દિશા
યુવા અવાજ
તમારી વાત, અમારો મંચ
સમાજ માટે
સારી શરૂઆત, આરો સમાજ
મનોરંજન
ફન પણ, ફેક્ટ પણ
ટેક્નોલોજી
આજનું ઇનોવેશન, આવતીકાલની તાકાત
સકારાત્મકતા
સારા વિચારો, સુંદર આવતીકાલ
Same City. A Brighter Generation.
સિટી ન્યૂઝ | Zen G
NEWS FOR TODAY. IDEAS FOR TOMORROW.

## PM મોદી–પુતિન ભારત મંડપમમાં ભેટ્યા : મોદીએ તિરૂકકુરલની કોપી ભેટ કરી

# ‘દોસ્તી સાથે ડીલ’

રંગ ‘રસિયા’



## પુતિન સાથે ડિફેન્સ ડીલ્સ; Su-57 ફાઈટર જેટ મળવાની શક્યતા, રડાર પર તેને પકડવું મુશ્કેલ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત મંડપમ પહોંચી ગયા છે. બંનેની બેઠક શરૂ થઈ ગઈ છે. બેઠકમાં સંરક્ષણ સહયોગ પર ચર્ચા મહત્વપૂર્ણ રહેવાની અપેક્ષા છે.

રશિયા દ્વારા ભારતમાં Su-૫૭ ફાઈટર જેટના ઉત્પાદન અને જરૂરી ટેકનોલોજી શેર કરવાની ઓફર પર સમજૂતી શક્ય છે. Su-૫૭ એડવાન્સ સ્ટીલ્થ ફાઈટર જેટ છે અને તેને રડાર માટે પણ પકડવું મુશ્કેલ છે. આ બીજા દેશની સરહદમાં ઘૂસીને એરસ્ટ્રાઈક કરવામાં ગેમચેન્જર સાબિત થઈ શકે છે. પુતિન ગુરુવારે મોડી રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. એરપોર્ટ પર વિદેશ રાજ્ય મંત્રી કે.વી. સિંહે તેમનું સ્વાગત કર્યું હતું.

મોદી-પુતિનની વાતચીતમાં S-૪૦૦ની બાકીની ખેપ અને એડવાન્સ બ્રહ્મોસ-NG જેવા સંરક્ષણ સહયોગના મુદ્દાઓ પર પણ ચર્ચા શક્ય છે. આ ઉપરાંત, ૨૦૩૦ સુધીમાં બંને દેશોનો વેપાર ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવા પર વાત થઈ શકે છે.

રશિયા સાથે ઉદ્યોગ, રેલવે, સ્ટીલ અને ટનલિંગમાં સહયોગ વધારવા, ભારતીય કંપનીઓને રશિયન બજારમાં વધુ તકો આપવા અને પરમાણુ ઊર્જા, ક્રિટિકલ મિનરલ્સ, કુશળ કામદારો અને ખાતરના ક્ષેત્રમાં સહયોગ વધારવા પર પણ ચર્ચા શક્ય છે. સૂત્રો અનુસાર, વડાપ્રધાન મોદી અને પુતિનની બેઠકમાં વેપાર, ઉદ્યોગ, પરમાણુ ઊર્જા અને રોજગાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે.

- **૨૦૩૦ સુધીમાં ૧૦૦ અબજ ડોલરનો વેપાર:** બંને દેશો ૨૦૩૦ સુધીમાં પરસ્પર વેપારને ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવા માંગે છે.
- **ઔદ્યોગિક સહયોગ:** રેલવે, સુરંગ નિર્માણ અને સ્ટીલ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વાત થઈ શકે છે. ભારતીય કંપનીઓ માટે રશિયન બજારમાં પહોંચ સરળ બનાવવા પર પણ ચર્ચા થશે.
- **પરમાણુ ઊર્જા:** પરમાણુ ઊર્જામાં સહયોગ વધારવા અને ઈંધણના પુરવઠા તથા પ્લાન્ટ્સના જાળવણી પર વાત થઈ શકે છે.
- **કુશળ કામદારો:** રશિયામાં ભારતીય કુશળ કામદારોની સંખ્યા વધારવા અને બંને દેશો વચ્ચે લોકોની અવરજવર સરળ બનાવવા પર ચર્ચા શક્ય છે.
- **મહત્વપૂર્ણ ખનિજો:** મહત્વપૂર્ણ ખનિજોની શોધ અને પુરવઠામાં બંને દેશોના સહયોગ પર વાત થઈ શકે છે.
- **ખાતર:** રશિયાથી ખાતરનો પુરવઠો જાળવી રાખવા અને આ ક્ષેત્રમાં નવા સંયુક્ત પ્રોજેક્ટ શરૂ કરવા પર ચર્ચા થઈ શકે છે.

આજે BRICS વેપાર મંચ મુખ્ય કાર્યક્રમ રહેશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તેના પૂર્ણ સત્રને સંબોધિત કરશે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે અને ઈનોપ્રોમ પ્રદર્શનમાં પણ ભાગ લેશે.

### ઈરાનના રાષ્ટ્રપતિ દિલ્હી પહોંચ્યા

બ્રિક્સમાં સામેલ થવા માટે ઈરાનના રાષ્ટ્રપતિ પજેશકિયાન પણ પહોંચી ગયા છે. તેમનું વિમાન પાલમ એરફોર્સ સ્ટેશન પર ઉતર્યું. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ BRICS પહેલા દિલ્હી પહોંચ્યા છે.

### ભારતમાં યોજાનારી BRICS સમિટ સફળ થાય : ચીન

ચીને ભારતમાં યોજાનારી ૧૮મી BRICS સમિટના સફળ આયોજનને સમર્થન આપ્યું છે. ભારતમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગે કહ્યું કે ચીન આ વર્ષે ભારતમાં યોજાનારી BRICS સમિટને સફળ જોવા માંગે છે. ચીની રાજદૂતે એમ પણ કહ્યું કે ચીન BRICS સાથે જોડાયેલા દેશો સાથેના સહયોગને ખૂબ મહત્વ આપે છે.

### S-400ના બાકીના જથ્થાની સપ્લાય

ભારત, S-૪૦૦ ના બાકીના જથ્થાની સપ્લાય અને તેની જાળવણી સાથે જોડાયેલા મુદ્દાઓ પર રશિયા સાથે વાત કરી શકે છે. આ સિવાય SU-30MKI લડાયક વિમાનોને અપગ્રેડ કરવા પર પણ વાત થઈ શકે છે. "સુપર સુખોઈ" યોજના હેઠળ, આ વિમાનો સુધારેલા રડાર અને નવા શસ્ત્રોથી સજ્જ હશે. બ્રહ્મોસ-NG મહત્વપૂર્ણ છે. આ હાલની બ્રહ્મોસથી હળવી હશે અને આને તેજસ જેવા લડાયક વિમાનોથી પણ છોડી શકાશે.

### ડોલર પર નિર્ભરતા સમાપ્ત કરવા માટે બ્રિક્સ બેંક બની : પજશકિયાન : BRICS પોર્ટ–રેલ કનેક્ટિવિટી વધારવા ઈરાને પ્રસ્તાવ મૂક્યો

### રૂપિયા–રૂબલમાં વેપાર વધારવાના પ્રયાસો

ભારત અને રશિયા ડોલરની જગ્યાએ રૂપિયા અને રૂબલમાં વેપાર વધારવા માંગે છે. આનાથી બંને દેશો વચ્ચે ચુકવણી તેમની પોતાની કરન્સીમાં થઈ શકશે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે રશિયા ડોલર હટાવવાનો પ્રયાસ નથી કરી રહ્યું, પરંતુ ચુકવણીની સરળ પદ્ધતિઓ માટે તૈયાર છે. તેમણે જણાવ્યું કે BRICS દેશો સાથે રશિયાનો લગભગ ૯૦% વેપાર સ્થાનિક ચલણમાં થઈ રહ્યો છે. બંને દેશો પાસે એકબીજાનું ચલણ પણ જમા થઈ ગયું છે. હવે આ પૈસાનો વેપાર અને રોકાણમાં ઉપયોગ કરવા અને રૂપિયા-રૂબલમાં ચુકવણી સરળ બનાવવા પર વાતચીત થઈ શકે છે.

# ગ્લોબલ સાઉથની તાકાત




**49.5%** દુનિયાની વસ્તી બ્રિક્સ દેશોમાં | **40%** વૈશ્વિક જીડીપી | **26%** વૈશ્વિક વેપાર

**R5 પાંચ ચલણોનો અનોખો સંયોગ**

મૂળ પાંચ દેશોના ચલણોના અંગ્રેજી નામ 'R' થી શરૂ થાય છે

Real બ્રાઝિલ | Rouble રશિયા | Rupee ભારત | Renminbi ચીન | Rand દ. આફ્રિકા

આનાથી જ ચર્ચામાં આવ્યો R5

**11 પૂર્ણ સભ્ય દેશો**

ઈથિયોપિયા, સાઉદી અરેબિયા, ઈન્ડોનેશિયા | બ્રાઝિલ | રશિયા | ભારત | ચીન | દક્ષિણ આફ્રિકા | ઈરાન, સંયુક્ત આરબ અમીરાત, ઈજિપ્ત

10 પાર્ટનર દેશ : બેલારુસ, બોલિવિયા, ક્યુબા, કઝાકિસ્તાન, મલેશિયા, નાઈજીરિયા, થાઈલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન, વિયેતનામ.

પાર્ટનર દેશોને પૂર્ણ સભ્ય દેશોથી અલગ દરજ્જો પ્રાપ્ત છે. તેઓ બ્રિક્સની બેઠકો અને સહયોગના અલગ-અલગ ક્ષેત્રોમાં ભાગ લઈ શકે છે

# વધતો વ્યાપ, બદલાતું વિશ્વ

બ્રિક્સથી ૧૧ દેશોના મંચ સુધીની સફર. દુનિયાની લગભગ અડધી વસ્તી, દુનિયાની લગભગ ૪૦% જીડીપી અને વૈશ્વિક વેપારમાં વધતી ભાગીદારી. હવે બ્રિક્સની અસલી પરીક્ષા તેના કદની નથી, પણ આ તાકાતને સમાન અવાજ અને નક્કર અસરમાં બદલવાની છે.

## અક્ષરથી 'મહાશક્તિ' બનવાની સફર

## જેણે બદલી દુનિયાની આર્થિક અને રાજકીય ભૂગોળ

# ગ્લોબલ સાઉથનો નવો ધ્રુવ

# બ્રિક્સ

- બ્રિકથી 11 દેશો સુધી પહોંચ્યો સમૂહ, હવે તાકાતને અસરમાં બદલવાનો પડકાર
- આમાં ચીન અને ભારત જેવા મોટા બજારો, રશિયા અને પશ્ચિમ એશિયાની ઊર્જા શક્તિ સામેલ

**આથી વધી રહી છે બ્રિક્સની વેલ્યૂ** | મોટું બજાર + ઊર્જા + સંસાધનો + વ્યુહાત્મક અસર

બ્રિક્સના સભ્યો એશિયા, આફ્રિકા, યુરોપ અને દક્ષિણ અમેરિકા સુધી ફેલાયેલા છે. ચીન અને ભારત જેવા મોટા બજારો, રશિયા અને પશ્ચિમ એશિયાની ઊર્જા શક્તિ અને આફ્રિકાની ઉભરતી અર્થવ્યવસ્થાઓ તેને મોટું આર્થિક વજન આપે છે. આ જ તાકાત બ્રિક્સને ગ્લોબલ સાઉથનો અવાજ, વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા અને સ્થાનિક ચલણમાં વેપાર જેવા મુદ્દાઓ પર આગળ ધપાવે છે.

## ભારત મંડપમમાં 18મું શિખર સંમેલન : આ મુદ્દાઓ પર નજર

- **ગ્લોબલ સાઉથ** વિકાસશીલ દેશોના અવાજને મજબૂત બનાવવો.
- **આર્થિક સહયોગ** વેપાર, રોકાણ અને સપ્લાય ચેઈનને પ્રોત્સાહન આપવું.
- **ટેકનોલોજી** AI, ડિજિટલ સહયોગ અને નવી ટેકનોલોજી.
- **ઊર્જા** ઊર્જા સુરક્ષા, સ્વચ્છ ઊર્જા અને ટકાઉ વિકાસ.
- **વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા :** વિકાસશીલ દેશોની વધુ સારી ભાગીદારીની માંગ.

નોંધઃ ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સના અલગ-અલગ વિભાગોમાં વર્ષભર બેઠકો ચાલી રહી છે. ઊર્જા, સંસ્કૃતિ, માનકીકરણ, શિક્ષણ, યુવા અને પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં પણ કાર્યકારી જૂથો યોજાયા છે.

### બ્રિક્સથી ગ્લોબલ સાઉથને શું મળ્યું?

## માત્ર અવાજ જ નહીં, પોતાની સંસ્થાઓ અને વિકલ્પો પણ

- **વિકાસ માટે પોતાની બેંકઃ** ૨૦૧૪માં ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB) ની સ્થાપના થઈ. તેનો હેતુ બ્રિક્સ અને અન્ય વિકાસશીલ દેશોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટકાઉ વિકાસ માટે ભંડોળ પૂરું પાડવાનો છે. શરૂઆતની અધિકૃત મૂડી ૧૦૦ અબજ ડૉલર હતી.
- **આર્થિક સંકટમાં નાણાકીય સુરક્ષાઃ** ૧૦૦ અબજ ડૉલરનું કન્ટિન્જન્ટ રિઝર્વ એરેન્જમેન્ટ (CRA) બનાવવામાં આવ્યું. જરૂર પડ્યે સભ્ય દેશોને વિદેશી હૂંડિયામણ અને ચૂકવણી સંતુલનના દબાણ સામે લડવામાં મદદ કરવા માટે આ એક સુરક્ષા કવચ છે.
- **ડૉલર સિવાય અન્ય વિકલ્પોની શરૂઆતઃ** બ્રિક્સે સ્થાનિક ચલણમાં વેપાર અને ચૂકવણી વધારવાની દિશામાં કામ શરૂ કર્યું છે. ક્રોસ-બોર્ડર પેમેન્ટ સિસ્ટમ્સને પરસ્પર જોડવા અને સ્થાનિક ચલણમાં ધિરાણ આપવા પર પણ કામ ચાલી રહ્યું છે.

## 5 મોટા પડકારો

### પશ્ચિમ સાથે ટકરાવ કે સહયોગ?

કેટલાક સભ્યો બ્રિક્સને પશ્ચિમી વર્ચસ્વના વિકલ્પ તરીકે જુએ છે. પરંતુ ભારતનું વલણ તેને પશ્ચિમ-વિરોધી મંચ બનાવવાનું નથી. ભારત બ્રિક્સને સહયોગ, ગ્લોબલ સાઉથનો અવાજ અને સંસ્થાઓમાં સુધારાના મંચ તરીકે વિકસાવવા માંગે છે.

પડકારઃ 'એન્ટી-વેસ્ટ' ક્લબ બનવાથી અટકાવવું અને અમેરિકા-યુરોપ સાથેના સંબંધોને પણ સંતુલિત રાખવા.

**૧૧ દેશો, ૧૧ હિતોઃ** બ્રિક્સમાં ભારત અને ચીન વચ્ચે વ્યુહાત્મક સ્પર્ધા છે. રશિયાની પોતાની પ્રાથમિકતાઓ છે. પશ્ચિમ એશિયામાં ઈરાન, સાઉદી અરેબિયા અને UAEના હિતો અલગ છે.

પડકારઃ વિસ્તરણની સાથે સંયુક્ત એજન્ડા અને સર્વસંમતિ જાળવી રાખવી.

**ચીનનું વધતું વર્ચસ્વઃ** બ્રિક્સમાં ચીન સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં છે. ભારત માટે સવાલ એ છે કે ચીન સાથે આર્થિક સહયોગ રાખવા છતાં વ્યુહાત્મક સંતુલન કેવી રીતે જાળવવું.

પડકારઃ બ્રિક્સની દિશા કોઈ એક દેશના પ્રભાવથી નક્કી ન થાય.

**ડૉલરનો વિકલ્પ?**

સ્થાનિક ચલણમાં વેપાર અને વૈકલ્પિક ચુકવણી પ્રણાલીઓની વાત કરવી સરળ છે, પરંતુ તેને મોટા પાયે લાગુ કરવી મુશ્કેલ છે. અલગ-અલગ દેશોનું ચલણ, બેંકિંગ વ્યવસ્થા અને મૂડી બજારની સ્થિતિ ભિન્ન છે.

પડકારઃ માત્ર ઘોષણાઓથી આગળ વધીને એવી વાસ્તવિક વ્યવસ્થા બનાવવી જેનો વેપારીઓ ખરેખર ઉપયોગ કરી શકે.

# દ બિગ પિક્ચર

## 25 વર્ષની સફર, હવે અસરની પરીક્ષા

- **2001 - એક વિચારઃ** અર્થશાસ્ત્રી જિમ ઓ'નીલે બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનની ઉભરતી અર્થવ્યવસ્થાઓ માટે 'BRIC' શબ્દ આપ્યો. ત્યારે આ કોઈ સંસ્થાનું નામ નહોતું, માત્ર એક આર્થિક સંકલ્પના હતી.
- **2009 - એક મંચઃ** રશિયાના યેકાતેરિનબર્ગમાં ચારેય દેશોનું પ્રથમ શિખર સંમેલન યોજાયું. આર્થિક વિચાર રાજકીય અને રાજદ્વારી મંચનું રૂપ લેવા લાગ્યો.
- **2011 - બ્રિકથી બ્રિક્સઃ** દક્ષિણ આફ્રિકા જોડાતાં સમૂહનો વ્યાપ આફ્રિકા સુધી પહોંચ્યો અને તે 'BRICS' બન્યું.
- **2014 - પોતાની સંસ્થાઓઃ** બ્રિક્સે ન્યૂ ડેવલપમેન્ટ બેંક અને ૧૦૦ અબજ ડૉલરના કન્ટિન્જન્ટ રિઝર્વ એરેન્જમેન્ટ દ્વારા પોતાનું નાણાકીય માળખું સ્થાપિત કર્યું.
- **2023-25 - મોટું વિસ્તરણઃ** ઈજિપ્ત, ઈથિયોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને UAE જોડાયા પછી સમૂહનું કદ ઝડપથી વધ્યું. ૨૦૨૫માં ઈન્ડોનેશિયા પૂર્ણ સભ્ય બન્યું.
- **2026 : ભારતનો વારો :** ભારત ચોથી વાર બ્રિક્સની અધ્યક્ષતા કરી રહ્યું છે. હવે સવાલ માત્ર એ નથી કે બ્રિક્સ કેટલું મોટું છે, પરંતુ એ છે કે શું આટલા અલગ-અલગ દેશોને એક સમાન શક્તિમાં પરિવર્તિત કરી શકાય છે?
- **આ છે ભારતનું વલણઃ** બ્રિક્સ કોઈના વિરોધમાં નથી, પરંતુ વધુ પ્રતિનિધિત્વ ધરાવતી બહુધ્રુવીય વૈશ્વિક વ્યવસ્થા માટેનું મંચ હોવું જોઈએ. ભારત તેને ગ્લોબલ સાઉથનો અવાજ અને સહયોગનું મંચ બનાવી રાખવા પર ભાર મૂકી રહ્યું છે.
- **ભારતની અધ્યક્ષતા (ચોથી વાર):** ભારતે ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ચોથી વાર બ્રિક્સની અધ્યક્ષતા સંભાળી. આ વખતે બ્રિક્સની સ્થાપનાના ૨૦ વર્ષ પણ પૂર્ણ થઈ રહ્યા છે. અગાઉ ભારત ૨૦૧૨, ૨૦૧૬ અને ૨૦૨૧માં અધ્યક્ષ રહી ચૂક્યું છે.




### સમિટની આ છે થીમ

'બિલ્ડિંગ ફોર રેઝિલિયન્સ, ઈનોવેશન, કોઓપરેશન એન્ડ સસ્ટેનેબિલિટી' (એટલે કે સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહયોગ અને ટકાઉ વિકાસ.) ૧૨-૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ૧૮મું બ્રિક્સ શિખર સંમેલન યોજાશે. અહીં ગ્લોબલ સાઉથ, AI, ઊર્જા સુરક્ષા, સપ્લાય ચેઈન અને આર્થિક સહયોગ જેવા મુદ્દાઓ મુખ્ય રહેશે.

### આ વખતે બ્રિક્સ પાસેથી શું અપેક્ષાઓ?

## વૈશ્વિક આર્થિક મોરચે મોટા નિર્ણયો પર રહેશે નજર

- **ગ્લોબલ સાઉથનો અવાજ મજબૂત થાયઃ** ખાદ્ય-ઊર્જા સુરક્ષા, આબોહવા, વિકાસ ભંડોળ અને વૈશ્વિક સંસ્થાઓમાં વધુ પ્રતિનિધિત્વ પર સંયુક્ત વલણ.
- **વેપારનો નવો રોડમેપઃ** 'બ્રિક્સ ઈકોનોમિક પાર્ટનરશિપ સ્ટ્રેટેજી ૨૦૩૦' માં વેપાર, રોકાણ, ડિજિટલ ઈકોનોમી અને નાણાકીય સહયોગ પર ભાર.
- **સપ્લાય ચેઈનમાં વિવિધતાઃ** દવાઓ, ખાદ્યાન્ન અને અન્ય મહત્વના ક્ષેત્રોમાં વિશ્વસનીય સપ્લાય ચેઈન બનાવવા પર ભાર. આનાથી ભારતને નવા રોકાણની તકો મળી શકે છે.
- **સ્થાનિક ચલણ અને ડિજિટલ પેમેન્ટઃ** સ્થાનિક ચલણમાં વેપાર વધારવા અને વિવિધ દેશોની ચુકવણી પ્રણાલીઓ વચ્ચે બહેતર કનેક્ટિવિટી આગળ વધારવાની અપેક્ષા છે. ઉદ્દેશ્ય ડૉલરને રાતોરાત હટાવવાનો નથી, પણ ચુકવણીના વધુ વિકલ્પો તૈયાર કરવાનો છે.

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

આશરે અઢી દાયકા પહેલાં વિશ્વની ચાર ઝડપથી ઉભરતી અર્થવ્યવસ્થાઓને એક નામ આપવામાં આવ્યું હતું... બ્રિક (BRIC). ત્યારે આ કોઈ સંગઠન નહોતું કે ન તો કોઈ ઔપચારિક જોડાણ. અર્થશાસ્ત્રી જિમ ઓ'નીલે આપેલા આ શબ્દનો માત્ર એટલો જ અર્થ હતો કે બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન આવનારા વર્ષોમાં વિશ્વ અર્થવ્યવસ્થા પર મોટો પ્રભાવ પાડી શકે છે. પરંતુ આ વિચાર ધીમે ધીમે એક વાસ્તવિક જૂથમાં પરિવર્તિત થઈ ગયો. સપ્ટેમ્બર ૨૦૦૬માં ચાર દેશોના વિદેશ મંત્રીઓની ન્યૂયોર્કમાં યોજાયેલી બેઠકથી જે પાયો નંખાયો હતો, તે ૨૦૦૯માં પ્રથમ શિખર સંમેલન સુધી પહોંચ્યો. ૨૦૧૧માં દક્ષિણ આફ્રિકા જોડાયું અને બ્રિકમાંથી બ્રિક્સ (BRICS) બન્યું. ૨૦૧૪માં સમૂહે ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB) અને ૧૦૦ અબજ ડૉલરના કન્ટિન્જન્ટ રિઝર્વ એરેન્જમેન્ટ (CRA) દ્વારા પોતાની આર્થિક સંસ્થાઓ ઊભી કરી. ત્યારબાદ ૨૦૨૩ પછી થયેલા વિસ્તરણથી તેનો વ્યાપ વધુ વિસ્તર્યો. ૨૦૨૫માં ઈન્ડોનેશિયા પૂર્ણ સભ્ય બનવાની સાથે આજે બ્રિક્સમાં ૧૧ દેશો છે. એટલે કે જે સમૂહ ક્યારેક માત્ર ચાર દેશોની આર્થિક શક્યતાઓનું પ્રતીક હતો, તે હવે વૈશ્વિક અર્થવ્યવસ્થાના આશરે ૪૦ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતું મંચ બની ચૂક્યો છે. જોકે અહીં પડકાર કોઈપણ એક મુદ્દા પર સામૂહિક નિર્ણય લેવાનો આવે છે; કારણ કે ભારત-ચીન વચ્ચે વ્યુહાત્મક મતભેદો છે તો રશિયાનો પશ્ચિમ સાથે તણાવ છે. બીજી તરફ ઈરાન, સાઉદી અરેબિયા અને UAEના પોતાના હિતો છે.

## મોટો સમૂહ, કેટલી નક્કર તાકાત?

સભ્યોની સંખ્યા વધવાથી આર્થિક અને રાજકીય કદ વધ્યું છે. પરંતુ જેટલા વધુ દેશો હશે, તેટલી જ વધુ પ્રાથમિકતાઓ અને સર્વસંમતિ સાધવી તેટલી જ મુશ્કેલ બનશે.

પડકારઃ આ વિશાળ કદને સંસ્થાકીય તાકાતમાં અને જમીન પર દેખાતા પરિણામોમાં બદલવું.

## મેડ સર્વિસનો રાફડો ફાટ્યો છે ત્યારે રાજકોટે સતર્ક રહેવાની જરૂર...

# વિયા 'મેઈડ' એજન્સીથી સાવધાન; કામવાળી બહેનના નામે ઠગાઈનો નવો કીમિયો



**એજન્સીના નિયમ મુજબ અધવચ્ચેથી કામવાળી બહેન જઈ શકે નહીં, કારણોસર જાય તો બીજી વ્યવસ્થા કરવી પડે**



NEW ☐ RENEWAL ☑ FORM NO. :

VIYAA HOME SERVICE PROVIDER

(Customer Registration Form)

CONTRACT NO : CITY NAME : DATE : 25-04-26

Customer Details

Name : Bhakti. D. MaM

Company Name :

Address : Shyam. New Collatewadi Main Road Shreeji Hotel Wadi Shori Ma, Kalavad Road

Location : Kalavad City : Rajkot

Pin Code : 36001 State : Gujarat

Telephone No.

Mobile No. 9925823523 Mobile No. 9373955555

Email :

Service Details

Category : ☐ SERVANT ☐ COOK ☐ DRIVER ☐ CHILD CARE ☐ ELDER CARE ☐ PATIENT CARE ☐ HOTEL STAFF ☐ OFFICE BOY / PEON ☑ MAID ☐ OTHER

Category Specification :

No. of Worker Required : 1

Gender Preferences : ☐ Male ☑ Female ☐ Couple Age Preferences : 18-35

Family ☑ Veg. ☐ Non Veg.

No. of Hours Need : ☑ 24 HOURS / LIVE (including Food + Stay)

No. of People in the House : Flat : ☐ Bungalow : ☐

Duty Time : 24 Salary : 17000-/

Remark

Plan Details

Plan A : A Plan : One years

Plan B Service Charge : 17000-/

Plan C Service Period : 1 Years

Token Amount : 7000-/

Remark

Payment Details :

Service Charge : 17000

Token Amount : Receipt No. :

Payment Mode : G-P Cash Cheque NEFT / RTGS

Amount Chque No. Bank Name : Date :

Amount Chque No. Bank Name : Date :

Remark

Cheuqe in Favour of VIYAA HOME SERVICES PROVIDER

Executive Details : (For company use) Only)

Executive Name : Hiralal Mobiel No. : 9104765267 Sign

VIYAA HOME SERVICE PROVIDER Office No. 820, 8th Floor, Siddhivinayak Arcade, Near APMC Metro Station, Vasna Gupta Nagar Road, Vasana, Ahmedabad-380007.

VIYAA HOME SERVICES PROVIDER
Office No. 820, 8th Floor, Siddhivinayak Arcade,
Near APMC Metro Station, Vasna Gupta Nagar Road,
Vasana, Ahmedabad-380007.
(M) 91047 65267, 70432 65096 E-mail : viyaa2020@gmail.com

## ઘરે કામવાળી, અથવા બાળકો સાચવવા બહેનો બુક માટે એડવાન્સ 6 મહિનાનું પેમેન્ટ ચૂકવવાનું

- કામવાળી માત્ર બે મહિનામાં બહાનું ગોતી રફુચક્કર થઈ જાય છે
- એજન્સી પૈસા પરત આપતી નથી; રાજકોટમાં ઢગલાબંધ ફરિયાદો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજકાલ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઘરકામ, વૃદ્ધોની સંભાળ કે બાળકોને સાચવવા માટે 'આયા બહેનો' કે 'મેડ' પૂરી પાડતી આકર્ષક જાહેરાતોનો રાફડો ફાટ્યો છે. શહેરમાં નોકરીયાત વર્ગ અને જરૂરિયાતમંદ પરિવારો આવી જાહેરાતો જોઈને મદદની આશાએ તેમનો સંપર્ક કરે છે. પરંતુ, સુવિધાના નામે ચાલતી કેટલીક ઓનલાઈન એજન્સીઓ વાસ્તવમાં લોકોના ખિસ્સા ખંખેરવાનું એક વ્યવસ્થિત કૌભાંડ ચલાવી રહી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.આ ઠગ એજન્સીઓની કામ કરવાની પદ્ધતિ ખૂબ જ ચાલાકીભરી હોય છે. જ્યારે કોઈ ગ્રાહક તેમનો સંપર્ક કરે છે, ત્યારે તેમની પાસે નિયમોના બહાને એક ફોર્મ ભરાવવામાં આવે છે અને ફરજિયાતપણે આખા એક વર્ષનો સર્વિસ ચાર્જ (જેમ કે તાજેતરના કિસ્સામાં જોવા મળ્યા મુજબ ૧૭,૦૦૦ રૂપિયા) એડવાન્સમાં વસૂલવામાં આવે છે. એડવાન્સ પૈસા ચૂકવ્યા બાદ એજન્સી દ્વારા કામવાળા બહેનને મોકલવામાં આવે છે. પરંતુ આ બહેનો માત્ર એક કે બે મહિના જ કામ કરે છે અને ત્યારબાદ પોતાના પરિવારમાં કોઈની ગંભીર બીમારી કે અકસ્માતનું ખોટું બહાનું કાઢીને પોતાના વતન જતા રહે છે. ગ્રાહકે ભરેલા એક વર્ષના એડવાન્સ પૈસા એજન્સી ચાંઉ કરી જાય છે.આ ફ્રોડની સૌથી મોટી ખાસિયત એ છે કે આ બોગસ એજન્સીઓ જાણીજોઈને બહારના રાજ્યો કે દૂરના અંતરિયાળ વિસ્તારોમાંથી મહિલાઓને લાવે છે. તાજેતરમાં સામે આવેલા એક કિસ્સામાં (જેમ કે 'VIYAA HOME SERVICES' નામની એજન્સી અને રાજસ્થાનના ડુંગરપુરની મહિલાનો કિસ્સો) જોવા મળ્યું છે કે આ મહિલાઓ પરપ્રાંતીય હોવાથી, એકવાર તેઓ કામ છોડીને ગયા પછી તેમનો સંપર્ક કરવો કે તેમને પાછા બોલાવવા ગ્રાહકો માટે અશક્ય બની જાય છે. એજન્સી સંચાલકો પણ થોડા સમય પછી ગ્રાહકોના ફોન ઉપાડવાનું બંધ કરી દે છે. આ પ્રકારના સંગઠિત સાયબર અને ફિઝિકલ ફ્રોડનો ભોગ બનતા બચવા માટે નાગરિકોએ ભારે સાવચેતી રાખવાની જરૂર છે. કોઈપણ અજાણી ઓનલાઈન જાહેરાત પર ભરોસો કરી ક્યારેય મોટું એડવાન્સ પેમેન્ટ ન કરવું જોઈએ. કામવાળા બહેન રાખતા પહેલા એજન્સીની યોગ્ય ખરાઈ કરવી, ઘરે કામ કરવા આવનાર વ્યક્તિનું સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરજિયાત વેરિફિકેશન કરાવવું અને શક્ય હોય ત્યાં સુધી જાણીતા સંદર્ભો મારફતે જ કામ માટે માણસો રાખવા હિતાવહ છે. જો કોઈની સાથે આવી છેતરપિંડી થાય, તો તુરંત પોલીસ અથવા ગ્રાહક સુરક્ષા ફોરમનો સંપર્ક કરવો જોઈએ.



### રેસકોર્ષ મેદાનમાં સોમવારથી 25 સપ્ટેમ્બર સુધી ઉજવાશે

# ભાજપના સિદ્ધિ વિનાયક ધામ 19માં વર્ષે ગણપતિ મંગલ મહોત્સવનું ભવ્ય આયોજન





## શહેર ભાજપ પ્રમુખ માધવ દવેની આગેવાનીમાં તમામ તૈયારીઓ પૂર્ણ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં ગણેશોત્સવની ધામધૂમથી તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે રાજકોટ મહાનગર ભાજપ દ્વારા સતત ૧૯મા વર્ષે "શ્રી ગણપતિ મંગલ મહોત્સવ"નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ આગામી તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬, સોમવારથી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬, શુક્રવાર સુધી શહેરના રેસકોર્સ સ્થિત કવિશ્રી રમેશ પારેખ રંગદર્શન ખાતે ઊભા કરાયેલા 'સિદ્ધિ વિનાયક ધામ'માં હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. બાર દિવસ સુધી ચાલનારા આ મહોત્સવની શરૂઆત ૧૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે મેયરશ્રીના બંગલેથી નીકળતી પ્રસ્થાન યાત્રા અને શ્રી ગણપતિજીના સ્થાપન સાથે થશે. દર્શનાર્થીઓ માટે રોજ સાંજે ૫:૦૦ કલાકથી દર્શન ખુલ્લા મુકાશે. આ ઉપરાંત ભક્તો માટે દરરોજ સાંજે ૬:૩૦ કલાકે મહાઆરતી અને રાત્રે ૧૧:૪૫ કલાકે શયન આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવના વિશેષ દિવસ તરીકે ૨૧ સપ્ટેમ્બરે ગણપતિ દાદાને ખાસ 'છપ્પન ભોગ' અર્પણ કરવામાં આવશે, જેના દર્શનનો લહાવો પણ ભાવિકો મેળવી શકશે.આ મહોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ ન રહેતા કલા અને સંસ્કૃતિનો અદભુત મંચ પણ બનશે. ઉત્સવ દરમિયાન બહેનો અને બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે આરતી સુશોભન, વાનગી સ્પર્ધા, વન મિનિટ સ્પર્ધા, પાણીપુરી સ્પર્ધા, લાડુ જમણ સ્પર્ધા અને વેશભૂષા જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાશે. રાત્રિના સમયે સંગીત અને સાહિત્યના રસિકો માટે લોકગાયક નિલેશ ગઢવી અને રાજભા ગઢવી (ગીર)ના સાહિત્યિક ડાયરા, ભવ્ય સંગીત સંધ્યા 'નમો નમ કોન્સર્ટ', તેમજ જીતુભાઈ દ્વારકાવાળા અને ગુણવંતભાઈ ચુડાસમાનો હસાયરો લોકોનું મનોરંજન કરશે. સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે ૧૭ સપ્ટેમ્બરના રોજ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સાંજે ૬ થી ૯ દરમિયાન મહા રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ દિવ્યાંગ બાળકો અને સરકારી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પણ વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. ઉત્સવ સમિતિ દ્વારા આ તમામ સ્પર્ધાઓના ફોર્મ સાંજે ૬ થી ૧૧ દરમિયાન વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રોજેક્ટ ઇન્ચાર્જ કિશોરભાઈ રાઠોડ અને મહોત્સવ સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે. રાજકોટ મહાનગર ભાજપના અધ્યક્ષ અને આ મહોત્સવના ઇન્ચાર્જ ડો. માધવ દવે દ્વારા રાજકોટની ધર્મપ્રેમી જનતાને સપરિવાર પધારીને આ ગણપતિ મંગલ મહોત્સવમાં દાદાના આશીર્વાદ પ્રાપ્ત કરવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. અંતિમ દિવસે, ૨૫ સપ્ટેમ્બરે હવન અને પૂર્ણાહુતિ સાથે ગણપતિ દાદાનું વિસર્જન કરી તેમને ભાવભીની વિદાય આપવામાં આવશે.

### કાર્યક્રમની રૂપરેખા

મહોત્સવનો પ્રારંભ ૧૪ સપ્ટેમ્બરે સવારે ૧૦:૦૦ વાગ્યે મેયરશ્રીના બંગલેથી નીકળતી પ્રસ્થાન યાત્રા અને ગણપતિ સ્થાપન સાથે થશે. ૧૫ સપ્ટેમ્બરે સાંજે ૪:૩૦ કલાકે બહેનો માટે આરતી સુશોભન સ્પર્ધા અને રાત્રે ૯:૦૦ કલાકે ફાઈનઆર્ટસના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ૧૬ તારીખે સાંજે બાળકો (ધો. ૧ થી ૮) માટે વન મિનીટ સ્પર્ધા અને રાત્રે નિલેશ ગઢવીનો લોકડાયરો જામશે. ૧૭ સપ્ટેમ્બરે પીએમ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે સાંજે ૬ થી ૯ રક્તદાન કેમ્પ અને રાત્રે ભવ્ય 'નમો નમ કોન્સર્ટ' યોજાશે. ૧૮ તારીખે સાંજે બહેનોની વાનગી સ્પર્ધા અને રાત્રે દિવ્યાંગ તથા સરકારી શાળાના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ રહેશે, જ્યારે ૧૯ સપ્ટેમ્બરે રાત્રે ૯:૦૦ કલાકે રાજભા ગઢવી (ગીર) અને સાથી કલાકારોનો ડાયરો યોજાશે. મહોત્સવના આગળના દિવસોમાં, ૨૦ સપ્ટેમ્બરે સાંજે ૪:૩૦ કલાકે ગણપતિ ચિત્ર સ્પર્ધા અને રાત્રે ૯:૦૦ વાગ્યે 'શ્રીનાથજીની ઝાંખી' નું આયોજન કરાયું છે. ૨૧ સપ્ટેમ્બરે સાંજે ૪:૩૦ કલાકે બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજાશે અને દાદાના 'છપ્પન ભોગ' ના દર્શન થશે. ૨૨ તારીખે સાંજે બહેનો માટે વન મિનીટ સ્પર્ધા અને રાત્રે 'શિવ શબદ' ભક્તિ સંગીતનો કાર્યક્રમ રહેશે. ૨૩ સપ્ટેમ્બરે ખાણીપીણીની રમઝટ સાથે સાંજે ૪:૩૦ કલાકે બહેનો માટે પાણીપુરી સ્પર્ધા અને ૭:૩૦ કલાકે ભાઈ-બહેનો માટે લાડુ જમણ સ્પર્ધા યોજાશે. ૨૪ તારીખે સાંજે ૭:૩૦ વાગ્યે તમામ સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવશે અને રાત્રે ૯:૦૦ કલાકે ગુણવંતભાઈ ચુડાસમા તથા જીતુભાઈ દ્વારકાવાળાનો 'હસાયરો' યોજાશે. અંતે, ૨૫ સપ્ટેમ્બર શુક્રવારે સવારે હવન, પૂર્ણાહુતિ અને ગણપતિ વિસર્જન સાથે આ ૧૨ દિવસીય ભવ્ય મહોત્સવનું સમાપન થશે.

## 17 સપ્ટેમ્બરે આખા રાજકોટમાં RMC અને શહેર ભાજપનું મેગા આયોજન

# મોદીના જન્મદિને રાજકોટ ઝળહળશે ‘આશીર્વાદના દિવડા’થી..




## કુંભાર કારીગરોને પ્રોત્સાહન મળે અને સ્થાનિક રોજગારીને વેગ આપવા માટે ચાઈનીઝ કે ઈલેકટ્રિક દીવડાનો ઉપયોગ નહીં કરવામાં આવે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તા. ૧૭ સપ્ટેમ્બરને અનોખી રીતે ઉજવવા ગુજરાત ભાજપ દ્વારા સમગ્ર રાજ્યમાં એક મહિના સુધી વિવિધ સેવાકીય અને રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટમાં પણ આ ઉજવણીને યાદગાર બનાવવા શહેર ભાજપ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટમાં ગણપતિ મહોત્સવ દરમિયાન તા. ૧૭ સપ્ટેમ્બરની સાંજે ભવ્ય નમો નમ કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ શહેરભરમાં આશીર્વાદનો દિવડો કાર્યક્રમ યોજાશે, જેમાં રાજકોટના વિવિધ વિસ્તારો અને તમામ વોર્ડમાં માટીના કોડિયામાં દીવા પ્રગટાવી દેશની પ્રગતિ અને વિકાસ માટે પ્રાર્થના કરવામાં આવશે.

આશીર્વાદનો દિવડો કાર્યક્રમની વિશેષતા એ રહેશે કે સમગ્ર આયોજનમાં માત્ર માટીના પરંપરાગત દીવડાઓનો જ ઉપયોગ કરવામાં આવશે. ચાઈનીઝ કે ઈલેક્ટ્રિક દીવડાનો ઉપયોગ નહીં કરવામાં આવે. આ નિર્ણયના માધ્યમથી પરંપરાગત કુંભાર કારીગરોને પ્રોત્સાહન મળે અને સ્થાનિક રોજગારીને પણ વેગ મળે તેવો હેતુ રાખવામાં આવ્યો છે.

### માટીના કોડિયામાં દીવા પ્રગટાવી દેશની પ્રગતિ અને વિકાસ માટે પ્રાર્થના કરવામાં આવશે

શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે અને પ્રવક્તા રાજુ ધ્રુવે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને દેશની જનતા તરફથી મળેલા પ્રેમ અને વિશ્વાસના પ્રતિકરૂપે આશીર્વાદનો દિવડો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટવાસીઓ દ્વારા પ્રગટાવવામાં આવનારો દરેક દીવડો દેશ સતત પ્રગતિના પંથે આગળ વધે અને ભારત વધુ સશક્ત બને તેવી શુભકામનાનું પ્રતિક બનશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ સ્થળો નક્કી કરવામાં આવશે અને દરેક વોર્ડમાં વિશેષ આયોજન કરીને માટીના દીવડાઓ પ્રગટાવવામાં આવશે. આ રીતે વડાપ્રધાનના જન્મદિવસે સમગ્ર રાજકોટ પ્રકાશ, આશીર્વાદ અને રાષ્ટ્રપ્રગતિના સંકલ્પથી ઝળહળી ઊઠશે.

ગણપતિ મહોત્સવની ધાર્મિક ઉજવણી સાથે જોડાયેલો આ વિશેષ કાર્યક્રમ રાજકોટમાં રાષ્ટ્રપ્રેમ અને સાંસ્કૃતિક પરંપરાનો સુંદર સમન્વય સર્જશે. સ્થાનિક કુંભાર કારીગરોના હસ્તકૌશલ્યને પ્રોત્સાહન આપતા માટીના દીવડાઓથી ઉજવાતો આ કાર્યક્રમ શહેર માટે પણ એક આગવી પહેલ બની રહેશે.

### વડોદરાની MS યુનિવર્સિટીમાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીના બે કપલની પ્રેમલીલા કેમેરામાં કેદ

# ચાલુ કોલેજમાં ક્લાસરૂમમાં બે કપલની 'સેક્સ લીલા'!



## બિનદાસ્ત બની ક્લાસરૂમમાં જ KISS-KISS ચાલુ જ રાખી





**સિટી ન્યૂઝ@વડોદરા**

MS યુનિવર્સિટીમાં ફરી વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓના કિસ કરતા વીડિયો સામે આવ્યા છે. બે કપલ ક્લાસરૂમમાં બિનધાસ્ત બનીને અન્ય વિદ્યાર્થીઓની હાજરીમાં રોમાન્સ કરતા જોવા મળે છે. આર્ટ્સ ફેકલ્ટીના આ બે વીડિયો હાલ સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ વાઈરલ થઈ રહ્યા છે. આ મામલે યુનિવર્સિટી તપાસ પણ શરૂ કરી દીધી છે. ક્લાસરૂમમાં જ્યારે આ બે કપલ રોમાન્સમાં મગ્ન હતા ત્યારે તેની પાછળ બેઠેલા કોઈ વ્યક્તિએ આ વીડિયો શૂટ કરી લીધો હતો.જો કે વાઈરલ વીડિયોની સિટી ન્યુઝ પુષ્ટિ કરતું નથી.આ અંગે કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થી નેતા પંકજ જયસ્વાલે જણાવ્યું હતું કે, આ ઘટના પહેલીવાર નથી આવી ઘટના અગાઉ પણ બનેલી છે. યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિ જ્યારે આવવાના છે, ત્યારે તેઓ એશિયાનો બીજા નંબરનો મોટામાં મોટો ડોમ છે. આ ડોમ નીચે આ ઘટના બની છે.આર્ટ્સ ફેકલ્ટીના સત્તાધીશો અગાઉ પણ નિષ્ફળ રહ્યા છે અને આજે પણ નિષ્ફળ છે. આ બાબતે કડક પગલાં લેવાતા હોય તો લેવા જ જોઈએ.

### પોલીસનો નવો દાવ; ડ્રગ્સના દુષણને ખતમ કરવા અને નેટવર્ક તોડવા એક્શન

# રાજકોટમાં ડ્રગ્સની બાતમી આપવા QR કોડ જાહેર




## ડ્રગ્સ સામે ડબલ એક્શનઃ SOG બાદ હવે અલગ એન્ટી નાર્કોટિક્સ વિંગ પણ સક્રિય

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં ડ્રગ્સનું દૂષણ ચિંતાજનક રીતે વધી ગયું છે. આ સ્થિતિમાં એસઓજીએ આજે ડ્રગ્સ વિશે માહિતી મળે તે માટે ક્યુઆર કોડ જાહેર કર્યો છે. આ ક્યુઆર કોડ સ્કેન કરવાથી ડ્રગ્સ વિશે માહિતી આપી શકાશે. જેમાં માહિતી આપનારે પોતાનું નામ આપવાની જરૂર નહીં રહે. શહેરમાં કેટલાક એવા ફૂટેલા પોલીસમેનો છે જે બાતમીદારનું નામ સંબંધીત પક્ષ સુધી પહોંચાડી દેતા હોય છે. જેને કારણે બાતમીદારના જીવ ઉપર જોખમ સર્જાય છે. ઘણાં બાતમીદારો ઉપર હૂમલા થઈ ચૂકયા છે. કેટલાક બાતમીદારોના મર્ડર પણ થઈ ગયા છે આજ કારણથી બાતમીદારો પોલીસને બાતમી આપતા અચકાતા હોય છે કે ડર અનુભવતા હોય. છે. આ સ્થિતિમાં બાતમીદારનું નામ કોઈપણ રીતે ગુપ્ત રહે તે ખૂબજ જરૂરી હોય છે હવે આ બાબતને ધ્યાને રાખીને જ ડ્રગ્સ વિશે બાતમી આપનાર માટે હેલ્પલાઈન નંબર નહીં પરંતુ ક્યુઆર કોડ જાહેર કરાયો છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં એસઓજીની મુખ્ય કામગીરીમાં ડ્રગ્સ પકડવાની બાબતનો પણ સમાવેશ થાય છે. શહેરમાં ડ્રગ્સના મોટાભાગના કેસો એસઓજી કરે છે. આમ છતાં હવે ડીજીપીની સૂચનાથી શહેરમાં એન્ટી નાર્કોટીક્સ વિંગની રચના કરવામાં આવી છે જેમાં એક પીઆઈ અને માણસોની નિયુક્તિ પણ કરી દેવામાં આવી છે. એન્ટી નાર્કોટીક્સ વિંગને હવે માત્ર ડ્રગ્સની જ કામગીરી કરવાની રહેશે આ રીતે શહેરમાં હવે ડ્રગ્સ પકડવાની કામગીરી માટે પોલીસના બે-બે યુનિટની રચના થઈ ગઈ છે. આ બંને યુનિટ દ્વારા કેટલુ ડ્રગ્સ પકડવામાં આવે છે. ડ્રગ્સના દૂષણને કેટલા અંશે નિયંત્રીત કરવામાં આવે છે. તેનો આગામી દિવસોમાં ખ્યાલ આવશે.

## રાજકોટમાં મોંઘવારી નડે છે, કહી કોર્પોરેટરો મેદાને, ભથ્થું ત્રણ ગણું કરવાની માંગ

# ભાજપ કોર્પોરેટરોને પણ મોંઘવારી નડી ખરી !

## નગરસેવકોએ માસિક ભથ્થું 15,500થી 50,000 કરવા મેયરને લેખિતમાં રજૂઆત



**સિટી ન્યૂઝ@રાજકોટ**

દેશભરમાં વધતી જતી મોંઘવારી વચ્ચે સામાન્ય જનતા બાદ હવે રાજકોટના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ પણ મોંઘવારીનો માર અનુભવી રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાના ૪૦થી વધુ નગરસેવકોએ પોતાના માસિક ભથ્થામાં સીધો સાડા ત્રણ ગણો વધારો કરવાની માંગ કરી છે. વર્તમાન ૧૫,૦૦૦ના વેતનની સામે સીધું ૫૦,૦૦૦ માસિક ભથ્થું કરવા અંગે અગાઉ પક્ષની સંકલન બેઠકમાં મૌખિક ચર્ચા કરાયા બાદ, હવે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્ણ થતાં જ મેયર ડૉ. નેહલ શુક્લને સત્તાવાર લેખિત પત્ર સોંપવામાં આવ્યો છે. કરકસર અને પારદર્શિતાની વાતો વચ્ચે શાસક પક્ષના આ પદાધિકારીઓ આ વિનંતી પર કેવો વહીવટી નિર્ણય લે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.રાજકોટ મનપામાં હાલ ભાજપના ૬૭ અને કોંગ્રેસના ૫ મળીને કુલ ૭૨ ચૂંટાયેલા કોર્પોરેટરો છે. નગરસેવકોને દર મહિને ફિક્સ ૧૫,૦૦૦નું માનદ વેતન અને બેઠકોના સામાન્ય ભથ્થા ચૂકવવામાં આવે છે. કોર્પોરેટરોનું કહેવું છે કે મતવિસ્તારના રોજિંદા પ્રશ્નોના નિરાકરણ, સ્થાનિક મુલાકાતો, કાર્યક્રમોમાં હાજરી અને સતત વધતા પેટ્રોલ-ડીઝલના ખર્ચ સામે આ રકમ ખૂબ જ ઓછી પડે છે. આ મુદ્દે અગાઉ અનૌપચારિક રજૂઆતો થઈ હતી, પરંતુ હવે મહિલા કોર્પોરેટરોની પહેલ હેઠળ ૪૦થી વધુ સભ્યોની સહી સાથેનો લેખિત પત્ર મેયર સહિતના પાંચેય મુખ્ય પદાધિકારીઓને સુપરત કરવામાં આવ્યો છે.હાલ મળતા ૧૫,૦૦૦ના વેતનમાં એકસામટો ૩૫,૦૦૦નો માસિક વધારો માંગીને રકમ ૫૦,૦૦૦ કરવાની રજૂઆતમાં અમદાવાદ અને સુરત મહાનગર પાલિકાના ઊંચા વેતન માળખાનો દાખલો આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને અલગથી વેતન, વાહનની સુવિધા, વિવિધ ભથ્થા અને અતિથિ સત્કાર ખર્ચ મળતા હોય છે, જ્યારે સામાન્ય સભ્યો માત્ર માનદ વેતન પર નિર્ભર રહે છે. આથી લોકસેવાની સાથે વ્યક્તિગત આર્થિક બોજ વધ્યો હોવાની લાગણી કોર્પોરેટરો દ્વારા રજૂ કરવામાં આવી છે.લોકપ્રતિનિધિઓના વેતન વધારાનો મુદ્દો જાહેર જનતા અને રાજકીય વર્તુળોમાં હંમેશા સંવેદનશીલ રહ્યો છે. સામાન્ય પ્રજા મોંઘવારીમાં પીસાઈ રહી હોય ત્યારે શાસકો દ્વારા પોતાના વેતનમાં તોતિંગ વધારો કરવામાં આવે તો પક્ષની છબી ખરડાવાની અને જનઆક્રોશ ફાટી નીકળવાની દહેશત પણ વ્યક્ત થઈ રહી છે.

પરિણામે, મેયરે સ્થાનિક સ્તરે કોઈ તાત્કાલિક વચન આપવાનું ટાળ્યું છે અને આ સમગ્ર મામલો ભાજપ પ્રદેશ સંગઠન સમક્ષ મૂકીને ત્યાંથી મળનારી લીલી ઝંડી બાદ જ યોગ્ય નિર્ણય લેવાની ખાતરી આપી છે.

> **પ્રજા મોંઘવારીથી ત્રાહિમામ છે ત્યારે જ કોર્પોરેટરોને 50 હજારની ચિંતા**

## ISROનું 'રેડ એલર્ટ' 44 વર્ષના સૌથી શક્તિશાળી વાવાઝોડાનો ખતરો

# ગુજરાત-મહારાષ્ટ્રમાં મહાવિનાશક વાવાઝોડું ત્રાટકશે?

## ઓક્ટોબરથી ડિસેમ્બરમાં આવી શકે છે દરિયાકાંઠા વિસ્તારોમાં જોખમ વધારે




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ISRO દ્વારા વર્ષ ૨૦૨૬ના ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન દેશના દરિયાકાંઠાના વિસ્તારો માટે એક મહત્વપૂર્ણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. સેટેલાઇટ અને હવામાન ડેટાના આધારે બંગાળની ખાડી અને અરબ સાગરમાં ત્રણ શક્તિશાળી વાવાઝોડાં આવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ વખતે વાવાઝોડાંની કુલ વિનાશક ક્ષમતા (PDI) છેલ્લા ૪૪ વર્ષના સરેરાશ કરતાં બમણી નજીક (૮૩%વધુ) રહેવાનું અનુમાન છે. આગામી ત્રણ મહિનામાં દરિયાકાંઠાના રાજ્યો માટે ભારે પવન, અતિભારે વરસાદ અને ઊંચા મોજાંનો મોટો પડકાર ઉભો થઈ શકે છે. આ પૂર્વ-અનુમાનથી સરકારી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોને સમયસર તૈયારી કરવાનો મહત્ત્વની તક મળશે. ઈસરો(ISRO)ના જણાવ્યા મુજબ ૨૦૨૬ના પોસ્ટ-મોન્સૂન સિઝનમાં નોર્થ ઈન્ડિયન ઓશિયનમાં ત્રણ ચક્રવાતી વાવાઝોડાં(સાયક્લોન) બની શકે છે. PDIથી કોઈ પણ સાયક્લોનની તાકાતનો અંદાજ લગાવવામાં આવે છે. તેમાં વાવાઝોડાના પવનની ઝડપ કેટલી છે અને તે કેટલા સમય સુધી શક્તિશાળી રહે છે, જેવી બાબતો ધ્યાન પર લેવાય છે. સરળ ભાષામાં કહીએ તો, PDI જેટલો વધારે હશે, સાયક્લોન એક્ટિવિટી એટલી જ વધારે મજબૂત હોઈ શકે છે.વાવાઝોડાની સંભવિત વિનાશક ક્ષમતાનું આંકલન કરવા માટે વૈજ્ઞાનિક સમુદાય Power Dissipation Index (PDI) જેવા સૂચકાંકનો ઉપયોગ કરે છે. તે માત્ર વાવાઝોડાંની સંખ્યા જ નથી દર્શાવતું, પરંતુ તેની તીવ્રતા અને તે કેટલો સમય ટકી રહેશે જેવા પરિબળોને પણ ધ્યાનમાં લે છે. તેથી માત્ર વાવાઝોડાંની સંખ્યા જોઈને જ કોઈ સિઝનને વધુ ખતરનાક ગણી શકાય નહીં. ઓછી સંખ્યામાં બનેલા પરંતુ અતિ શક્તિશાળી અને લાંબા સમય સુધી સક્રિય રહેતા વાવાઝોડાં પણ મોટા પાયે નુકસાન પહોંચાડી શકે છે.

### 44 વર્ષમાં સૌથી વધુ તીવ્રતાનું અનુમાનઃ 40 વર્ષના ડેટા પરથી તૈયાર કરાઈ રિપોર્ટ

રિપોર્ટમાં ૧૯૮૨થી ૨૦૨૫ સુધી ઉત્તર હિંદ મહાસાગરમાં ચોમાસા પછીની સિઝનમાં આવેલા ચક્રવાતોની સંખ્યા અને તેમના PDIનો અભ્યાસ કરવામાં આવ્યો છે, જે દરમિયાન PDIની સરેરાશ ૭.૧૫×૧૦ નોટ્સ ક્યુબ રહી હતી. જ્યારે ૨૦૨૬ના ઓક્ટોબર-ડિસેમ્બરમાં તે વધીને ૧૩.૦૬×૧૦ નોટ્સ ક્યુબ સુધી પહોંચવાનું અનુમાન છે, એટલે કે આ વખતે માત્ર વાવાઝોડાંની સંખ્યા જ નહીં, પરંતુ પવનની ઝડપ અને વાવાઝોડું કેટલા સમય સુધી ટકી રહેશે તેનો પણ અંદાજ લગાવાયો છે. આ ચોક્કસ અનુમાન તૈયાર કરવા માટે વાતાવરણ અને સમુદ્રની અલગ-અલગ પરિસ્થિતિઓ સાથે જોડાયેલા આશરે ૪૦ વર્ષના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જાન્યુઆરીથી ઓગસ્ટ સુધી મળેલી માહિતીના આધારે ઓક્ટોબરથી ડિસેમ્બરની 'પોસ્ટ મોન્સૂન સિઝન'માં વાવાઝોડું બનવાની શક્યતાઓ અને તેની સંભવિત તાકાત પર અસર કરતા વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખીને આ તારણ કાઢવામાં આવ્યું છે.

### બંગાળની ખાડીમાં વધુ હલચલ રહેવાની શક્યતા

વૈજ્ઞાનિક આંકડાઓ અનુસાર, ઉત્તર હિંદ મહાસાગરમાં બંગાળની ખાડી ચક્રવાતી પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર રહી છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં અરબ સાગરમાં પણ વાવાઝોડાની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ દરમિયાન અરબ સાગરમાં સરખામણીએ વધુ વાવાઝોડાં જોવા મળ્યાં હતાં.આની સીધી અસર ભારતના પૂર્વ અને પશ્ચિમ બંને કિનારા પર પડી શકે છે. બંગાળની ખાડીમાં સર્જાતી સિસ્ટમ ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ સહિતના પૂર્વ કિનારાના વિસ્તારોને અસર કરી શકે છે, જ્યારે અરબ સાગરમાં બનતી મજબૂત સિસ્ટમ ગુજરાત, મહારાષ્ટ્ર અને પશ્ચિમ કાંઠાના અન્ય વિસ્તારો માટે જોખમ ઊભું કરી શકે છે. કોઈપણ ચોક્કસ વાવાઝોડાની અસર તેના માર્ગ અને તેની તીવ્રતા પર નિર્ભર કરે છે.

### કાંઠાના રાજ્યો માટે સતત મોનિટરિંગ જરૂરી

વાવાઝોડાની સ્થિતિમાં ઝડપી પવન ઉપરાંત ભારે વરસાદ, સમુદ્રમાં ઊંચા મોજાં, દરિયાકાંઠાના વિસ્તારોમાં જળબંબાકાર અને કેટલીક પરિસ્થિતિઓમાં સમુદ્રના પાણી જમીન તરફ ધસી આવવાનું જોખમ રહે છે. માછીમારો અને સમુદ્રમાં કામ કરતા લોકો માટે સમયસર મળતી ચેતવણી ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે.આવી સિઝનમાં ભારતીય હવામાન વિભાગ(IMD)ની સત્તાવાર ચેતવણીઓ સૌથી વધુ મહત્વની રહેશે. સંભવિત વાવાઝોડાની દિશા, તીવ્રતા અને તટ સાથે અથડાવાની શક્યતાઓ અંગેની માહિતી હવામાન સિસ્ટમ સક્રિય થયા પછી વધુ સ્પષ્ટ થતી હોય છે.

### શું ત્રણ મોટાં વાવાઝોડાં આવવા નિશ્ચિત છે?

ના. ઉપલબ્ધ વૈજ્ઞાનિક માહિતીના આધારે ઓક્ટોબર-ડિસેમ્બરને વાવાઝોડાં માટે સક્રિય સિઝન ગણવામાં આવે છે, પરંતુ કોઈ એક સિઝનમાં નિશ્ચિતપણે ત્રણ અતિ શક્તિશાળી વાવાઝોડાં આવશે જ, એવો દાવો ત્યારે જ થઈ શકે જ્યારે સંબંધિત સત્તાવાર પૂર્વાનુમાન કે અભ્યાસ તેની સ્પષ્ટ પુષ્ટિ કરે. આથી દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકો માટે અત્યારે સૌથી જરૂરી બાબત એ છે કે તેઓ સત્તાવાર હવામાન ચેતવણીઓ પર નજર રાખે, સ્થાનિક તંત્રના નિર્દેશોનું પાલન કરે અને કટોકટીની સ્થિતિ માટે જરૂરી તૈયારીઓ રાખે.

### કેનેડિયન એન્જિનિયરે ઉડતી છત્રી બનાવી

# હવે છત્રી પકડવી નહીં પડે સાથે હાજર રહેશે ફ્લાઈંગ અમ્બ્રેલા



**સિટી ન્યૂઝ@કેનેડા**

ચોમાસામાં કે કાળઝાળ તડકામાં છત્રી હાથમાં પકડીને ચાલવાની ઝંઝટમાંથી રિમોટ કન્ટ્રોલ બની ચૂકેલા માણસને હવે કાયમ માટે મુક્તિ મળી જાય એવી નવતર પ્રકારની શોધ સામે આવી છે. કૅનેડિયન એન્જિનિયર જૉન ત્સેએ એક એવી અદ્ભુત ફ્લાઈંગ અમ્બ્રેલા એટલે કે ઊડતી છત્રી બનાવી છે જે માલિકની પાછળ-પાછળ પોતાની જાતે જ હવામાં ઊડીને છાંયડો અને રક્ષણ આપે છે.આ અનોખી છત્રીનો વિડિયો એન્જિનિયરે પોતાની I Build Stuff નામની યુટ્યુબ ચૅનલ પર શૅર કર્યો છે. દેખાવમાં એ પીળા રંગની સામાન્ય છત્રી જેવી લાગે છે, પણ ખરેખર તો આ એક અત્યાધુનિક ડ્રોન છે. એન્જિનિયરે છત્રીની અંદર ખાસ ફ્રેમ બનાવીને ચાર પાંખડાં એટલે કે પ્રોપેલર્સ ફિટ કર્યાં છે. છત્રીનો ઉપયોગ ન કરવો હોય ત્યારે એનાં પાંખડાં અંદરની તરફ ફોલ્ડ થઈ જાય છે. આ છત્રીમાં ટાઇમ-ઑફ-ફ્લાઇટ ડેપ્થ કૅમેરા સિસ્ટમ લગાવવામાં આવી છે. આ સિસ્ટમ વ્યક્તિના માથાની મૂવમેન્ટને ઓળખી લે છે અને માણસ જેમ-જેમ આગળ ચાલે એમ-એમ છત્રી હવામાં તેની બરાબર ઉપર જ ઊડે છે.

આ ખાસ છત્રીને હલકી અને મજબૂત બનાવવા માટે કાર્બન ફાઈબર નાયલૉન અને 3D પ્રિન્ટિંગ પાર્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સિવાય એમાં પ્રોફેશનલ ફ્લાઇટ કન્ટ્રોલર અને ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS) પણ સેટ કરી છે.





### ફ્લાઈટ પકડી મુંબઈના વડાપાઉંનો ટેસ્ટ લેવા આવી

# દિલ્હીની યુવતી રૂ.20નું વડાપાઉં ખાવા મુંબઈ આવી 15000 ખર્ચો કર્યો

**સિટી ન્યૂઝ@મુંબઈ**

શું તમે ક્યારેય માત્ર ૨૦ રૂપિયાની વાનગી ખાવા માટે અન્ય શહેરમાં વિમાન પકડીને ગયા છો? દિલ્હીની એક કન્ટેન્ટ-ક્રીએટરનો દાવો છે કે તેણે અસ્સલ મુંબઈયા વડાપાંઉ ખાવાની ઘેલછામાં કંઈક એવું જ કરી બતાવ્યું છે. સોશ્યલ મીડિયા પર વાઈરલ થવા લોકો જાતજાતના પ્રૅન્ક કરતા હોય છે એ જ રીતે આ છોકરી ગપગોળા હાંકતી હોઈ શકે છે, પણ જો તે સાચી હોય તો તેણે મુંબઈના વડાપાંઉ ખાવા શું કર્યું એ જાણી લઈએ. WittySpace નામથી ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ ચલાવતી આ ફૂડ-બ્લૉગરે જણાવ્યું કે તે દિલ્હીમાં વડાપાંઉ ખાઈ રહી હતી ત્યારે તેને મનમાં વિચાર આવ્યો કે 'આ પણ કોઈ વડાપાંઉ છે? અસલી વડાપાંઉ તો સપનોં કી નગરી મુંબઈમાં જ મળે.' બસ, પછી શું? તેણે તરત બૅગ પૅક કરી અને મુંબઈની પ્લેનની ટિકિટ બુક કરી લીધી. દિલ્હીથી મુંબઈ માટે ૫૦૦૦ રૂપિયાની ફ્લાઇટ બુક કરી. ઍરપોર્ટ પર ૧૬૫ રૂપિયાની ચા પીધી અને ૫૦ રૂપિયાવાળાં નૂડલ્સ ૩૦૦ રૂપિયામાં આરોગ્યાં. મુંબઈ પહોંચીને ૪૦૦૦ રૂપિયાના ભાડાની હોટેલમાં રાત રોકાઈ. બીજા દિવસે ઑનલાઇન મગાવવાને બદલે તે પોતે મુંબઈની ગલીઓમાં ઘૂમી અને આખરે ૨૦ રૂપિયામાં મળતું અસલી રોડસાઇડ વડાપાંઉ ખોળી કાઢ્યું. ફ્લાઇટ, હોટેલ અને ખાવા-પીવાનો ખર્ચ ગણીને ફૂડ-બ્લૉગરને આ ખાણી-પીણીની યાત્રા પૂરા ૧૫,૦૦૦ રૂપિયામાં પડી. પોતાના વિડિયોમાં તેણે કહ્યું કે પહેલી બાઇટ લેતાં જ મને લાગ્યું કે આટલા પૈસા ખર્ચીને મુંબઈ આવવાનો નિર્ણય બિલકુલ સાચો હતો, આ જ અસલી મુંબઈની શાન છે.



# જીવ બચાવવા બાળકો બારીમાંથી કૂદી પડ્યા : 35 વિદ્યાર્થીઓ સારવાર હેઠળ

# કોંગોની સ્કૂલમાં આગ 30 વિદ્યાર્થીઓ ભડકે બળ્યા

**સિટી ન્યૂઝ@બુકાઉ**

કોંગોના બુકાવુ શહેરમાં ગુરુવારે બે શાળાઓમાં આગ લાગવાથી ૨૬ વિદ્યાર્થીઓના મોત થયા. તેમાં ૧૯ છોકરીઓ અને ૭ છોકરાઓ છે. ૨૯ વિદ્યાર્થીઓની સારવાર ચાલી રહી છે.

રિપોર્ટ્સ અનુસાર આગ પહેલા એક ઘરમાં લાગી હતી. ત્યારબાદ તે કુરાહા સેકન્ડરી સ્કૂલ અને ઉજામા પ્રાઈમરી સ્કૂલ સુધી ફેલાઈ ગઈ. ઘણા વિદ્યાર્થીઓ કુરાહા સેકન્ડરી સ્કૂલની અંદર ફસાઈ ગયા હતા. તેમાંથી કેટલાકનો શ્વાસ રૂંધાઈ ગયો હતો. આ વિસ્તાર રવાન્ડા-સમર્થિત AFC/M૨૩ વિદ્રોહીઓના નિયંત્રણમાં છે, જેમણે ફેબ્રુઆરી ૨૦૨૫માં પૂર્વી કોંગોમાં હુમલો કર્યો હતો.



મૃત્યુઆંક વધી શકે છે.

રિપોર્ટ્સ અનુસાર, શાળામાંથી બહાર નીકળવાનો રસ્તો ખૂબ જ સાંકડો હતો. કેટલાક વિદ્યાર્થીઓએ બારીઓમાંથી કૂદવાનું શરૂ કર્યું. કેટલાક વિદ્યાર્થીઓ દરવાજા તરફ દોડ્યા. બધા એકસાથે બહાર નીકળવાના પ્રયાસમાં ઘણા વિદ્યાર્થીઓ પડી ગયા અને લોકો તેમના પરથી પસાર થઈ ગયા. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જે વિસ્તારમાંથી આગ શરૂ થઈ તે ગીચ વસ્તીવાળો છે. કોંગોના પૂર્વીય ભાગમાં એવા ખનિજો જોવા મળે છે જેની જરૂરિયાત મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય તકનીકી વસ્તુઓના નિર્માણમાં હોય છે. આ જ કારણ છે કે આ વિસ્તારના ખનિજ સંસાધનો અને વ્યાપારી માર્ગો પર નિયંત્રણને લઈને અલગ-અલગ સશસ્ત્ર જૂથો વચ્ચે સંઘર્ષ ચાલતો રહ્યો છે. AP અનુસાર પૂર્વીય કોંગોમાં ૧૦૦ થી વધુ સશસ્ત્ર જૂથો સક્રિય છે.



## નેતન્યાહુ બોલ્યા મિશન પુરું, હેપ્પી ન્યૂ યર

# ઈઝરાયલે લેબનોનમાં સુરંગ ઉડાવી

## 2 કિ.મી. લાંબી હિઝબૂલ્લાહની સુરંગમાં વિસ્ફોટથી 4.1નો ભૂકંપ આવ્યો

**સિટી ન્યૂઝ@બૈરુત**

ઈઝરાયલે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહની ૨ કિલોમીટરથી વધુ લાંબી સુરંગને બ્લાસ્ટ કરીને તબાહ કરી દીધી. આ વિસ્ફોટ એટલો તેજ હતો કે વિસ્તારમાં ૪.૧ તીવ્રતાના ભૂકંપ જેવા આંચકા અનુભવાયા. લેબનોનની સરકારી ન્યૂઝ એજન્સી અનુસાર, ધમાકાથી આસપાસના વિસ્તારોમાં જમીન ધ્રૂજવા લાગી. આ હુમલા બાદ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું, મિશન પૂરું થયું. હેપ્પી ન્યૂ યર.

ઈઝરાયલી સેના અનુસાર, સુરંગમાં ઈરાનમાં બનેલા ઘણા રોકેટ, મિસાઈલ અને ડ્રોન રાખવામાં આવ્યા હતા. અહીં મશીનગન, એન્ટી-ટેન્ક મિસાઈલ અને સેંકડો બારૂદી સુરંગો તથા વિસ્ફોટકો પણ મળ્યા. સેનાએ જણાવ્યું કે આ પરિસરમાં હિઝબુલ્લાહની બદ્ર યુનિટનું કમાન્ડ સેન્ટર પણ હતું.

નેતન્યાહુના મતે આ ટનલ નેટવર્ક બનાવવામાં લગભગ ૨૦ વર્ષ લાગ્યા હતા. આ માટે ઈરાને ફંડિંગ કર્યું હતું. ઈઝરાયલી રક્ષામંત્રી ઈઝરાયલ કાટ્ઝે તેને આતંકી નેટવર્ક ગણાવ્યું. આ ટનલ લેબનોનની અલી અલ-તાહેર પહાડીના વિસ્તારમાં આવેલી હતી. ઈઝરાયલનું કહેવું છે કે આ વિસ્તારમાં જમીનની ઉપર અને નીચે બંને જગ્યાએ તેનું નિયંત્રણ થઈ ગયું છે. ગયા અઠવાડિયે ઈઝરાયલે દાવો કર્યો હતો કે તેણે વિસ્તાર પર કબજો કરી લીધો છે. સેનાના એક અધિકારીના મતે હિઝબુલ્લાહના ઘણા ઉગ્રવાદીઓને હવાઈ હુમલામાં મારી નાખવામાં આવ્યા હતા, જ્યારે કેટલાક ભાગી છૂટ્યા હતા. હિઝબુલ્લાહનું 'બદ્ર' યુનિટ દક્ષિણ લેબનોનમાં સંગઠનના સૌથી મહત્વપૂર્ણ સૈન્ય એકમોમાંનું એક છે. તે લિટાની નદીના ઉત્તરના વિસ્તારમાં સક્રિય છે. યુનિટનું નામ ૬૨૪ ઈસવીસનની બદ્રની લડાઈ પરથી લેવામાં આવ્યું છે. આ લડાઈ પયગંબર મુહમ્મદના નેતૃત્વ હેઠળની સેના અને મક્કાના કુરેશ વચ્ચે થઈ હતી. ઈઝરાયલે છેલ્લા કેટલાક દિવસોમાં દક્ષિણ લેબનોનમાં ફરીથી હુમલા તેજ કર્યા છે. જૂનમાં ઈરાન અને અમેરિકાની વાતચીત પછી ઈઝરાયલ-લેબનોન વચ્ચે સમજૂતી થઈ હતી.



## પાકિસ્તાને ઈરાનને ચેતવણી આપી

# હૂતીનો યમનના મોખા શહેર પર કબજો કર્યો

**સિટી ન્યૂઝ@સના**

યમનમાં ઈરાન સમર્થિત હુતી વિદ્રોહીઓએ લાલ સાગરના વ્યૂહાત્મક બંદર શહેર મોખા પર કબજો કરી લીધો છે. આ શહેર બાબ અલ-મંદેબ સ્ટ્રેટથી લગભગ ૭૫ કિલોમીટર દૂર છે. આ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંથી એક છે. મોખા પર પહેલા યમની નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સનો કંટ્રોલ હતો. આ હુતીઓ વિરુદ્ધ લડનાર સાઉદી સમર્થિત જૂથ છે. બંને વચ્ચે છેલ્લા ૯ દિવસથી લડાઈ ચાલી રહી હતી. મોખા પર કબજા પછી છેલ્લા ૪ વર્ષમાં આ હુતીઓની સૌથી મોટી પ્રાદેશિક સફળતા માનવામાં આવી રહી છે. હવે હુતી લડવૈયા યમનના મહત્વના શહેર તાઈઝ તરફ આગળ વધી રહ્યા છે.

હુતી વિદ્રોહીઓને ઈરાન જ્યારે યમન સરકારને સાઉદી અરબ સમર્થન આપી રહ્યા છે. યમનમાં હુતી હુમલાઓ વચ્ચે પાકિસ્તાને હાલમાં સૈન્ય કાર્યવાહીનો ઇનકાર કર્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા સજ્જાદ હૈદર ખાને જણાવ્યું કે સાઉદી અરબ સાથેના સંરક્ષણ કરાર હેઠળ હાલમાં હુતીઓ વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી પર કોઈ ચર્ચા થઈ રહી નથી. હાલમાં આવી કોઈ વાત ચર્ચામાં નથી. જ્યારે સમય આવશે, ત્યારે કરાર હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.




## ‘હમારી માંગ જો માને નહીં વો સરકાર નિકમ્મી હૈ’ના નારા લાગ્યા

# બેંક કર્મચારીઓની માંગ સાફ 5-ડે બેન્કિંગ જ અમારી માંગ

## આજથી ત્રણ દિવસ બેંક બંધ રહેતા ગુજરાતમાં કરોડોના ટ્રાન્ઝેક્શન ઉપર અસર




**બેંકમાં શનિ–રવિ રજાની માંગ સાથે હડતાલ કરી, કર્મીઓની માંગ સોમવારથી શુક્રવાર જ બેંક ચાલુ રાખવી**

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાત સહિત દેશભરમાં SBI, PNB અને યૂનિયન બેંક સહિત સરકારી અને કેટલીક ખાનગી બેંક આજે ૧૧ સપ્ટેમ્બરથી ત્રણ દિવસ બંધ રહેશે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સે( UFBU) બે વર્ષથી પડતર ૫-ડે વર્કિંગની માંગ સાથે આજે શુક્રવારે એક દિવસની હડતાલનું એલાન કર્યું છે. જે બાદ ૧૨ સપ્ટેમ્બરે મહિનાનો બીજો શનિવાર અને ૧૩ સપ્ટેમ્બરે રવિવાર હોવાથી બેંકની શાખાઓ બંધ રહેશે. જો સરકાર અને બેંક મેનેજમેન્ટને માંગણી ન સ્વીકારી, તો ૨૬ ઓક્ટોબરે દેશભરની બેંકમાં અનિશ્ચિતકાળની હડતાલ શરૂ થઈ જશે.

UFBU જોડાયેલા સંગઠનોએ હડતાલ પાછી ખેંચવાનો નિર્ણય ન લેતા ગુજરાતમાં પણ તેની મોટી અસર થઈ છે. રાજ્યમાં આશરે ૭૫ હજાર બેંક કર્મચારીઓ અને અધિકારીઓ હડતાલમાં સામેલ થઈ રહ્યા છે. લગભગ ૫,૪૦૦ બેંક શાખાઓની કામગીરી બંધ અથવા ખોરવાઈ છે. ૧૫,૦૦૦ કરોડના ટ્રાંઝેક્શનને અસર થઈ છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં બેંક કર્મચારીઓ કામકાજ બંધ રાખીને હડતાલમાં જોડાયા છે. અમદાવાદમાં તો લાલ દરવાજા પાસે બેંક કર્મચારીઓએ ’૫- ડે બેન્કિંગ જો ના દે, વો સરકાર નિકમ્મી હૈ’ના નારા લગાવ્યા હતા. જ્યારે સુરતમાં કાળા કપડા પહેરી અને બેનરો સાથે વિરોધ નોંધાવ્યો હતો.રાજકોટ જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકોના ૧૦,૦૦૦ કરતા વધુ અધિકારી અને કર્મચારીઓ દ્વારા પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાલ પાડી વિરોધ નોંધાવ્યો હતો. તેમજ પ્લે કાર્ડ દર્શાવી અને જોરદાર સૂત્રોચ્ચાર કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પંજાબ નેશનલ બેંક ઓફિસર્સ એસોસિએશનના સર્કલ પ્રેસિડેન્ટ તુષાર ગોયલે જણાવ્યું હતું કે, ૫-ડે વર્કિંગ અને Performance Linked Incentive (PLI)નો વિરોધ છે. હાલમાં સરકારી બેંકોમાં ગ્રાહકોની સરખામણીએ કર્મચારીઓની પૂરતી ભરતી થતી નથી, જેથી પૂરતો સ્ટાફ ફાળવવામાં આવે તેવી પણ અમારી માંગ છે. ગુજરાત બેંક વર્કર્સ યુનિયનના મહામંત્રી જતિન ધોળકિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, નવોદય કર્મચારીઓની પેન્શન યોજના, જૂનું પેન્શન અપડેશન, ગ્રેચ્યુઈટી કાયદા હેઠળની મહત્તમ મર્યાદામાં વધારો અને પેન્શન પર સમાન DA લાગુ કરવાની પડતર માંગણીઓ અંગે પણ યોગ્ય નિર્ણય લેવા રજૂઆત કરાઈ છે. જો કે ગ્રાહકોને પડતી અગવડ બદલ યુનિયન દ્વારા ખેદ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાની ઘટના

# ટ્રક-પિકઅપ વાનનો અકસ્માત; 8નાં મોત



**રાયપુરથી નાગપુર જઈ રહ્યા હતા મૃતકોમાં 3 બાળકોનો સમાવેશ**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં શુક્રવારે ટ્રક અને એસયુવી વચ્ચે થયેલી ટક્કરમાં ૩ બાળકો સહિત ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૩ લોકો ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સવારે લગભગ ૪ વાગ્યે નાગપુર-રાયપુર નેશનલ હાઈવે પર પિંપળગાંવ રોડ પાસે થયો હતો.તમામ લોકો છત્તીસગઢના રાયપુરથી નેશનલ હાઈવે-૫૩ના રસ્તે નાગપુર જઈ રહ્યા હતા. ટ્રકમાં ફસાયેલી કારને બહાર કાઢવા માટે બે જેસીબીની મદદ લેવી પડી હતી. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને રાહત-બચાવ કામગીરી શરૂ કરી.આ પહેલા ગુરુવારે નાંદેડ જિલ્લામાં નાંદેડ-ભોકર રોડ પર એક વાન અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા હતા, જ્યારે ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સાંજે લગભગ ૭ વાગ્યે સીતાખંડી ઘાટ પાસે થયો હતો. ટાટા મેજિક વાન નાંદેડથી ભોકર તરફ જઈ રહી હતી, ત્યારે સામેથી આવતા ટ્રક સાથે તેની જોરદાર ટક્કર થઈ હતી.ટક્કર એટલી જોરદાર હતી કે વાન ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચ્યા અને વાનમાં ફસાયેલા ઘાયલોને બહાર કાઢ્યા. તમામ ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા.

# લદ્દાખ પ્રશ્ને વાંગચૂક ફરી આંદોલન કરશે

### જો સરકાર ખાતરી નહીં આપે તો 19થી 24 સપ્ટેમ્બર સુધી આંદોલન કરશું



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

લદ્દાખના કાર્યકર્તા સોનમ વાંગચુકે લેહ અને કારગિલના નેતાઓની બુધવારે દિલ્હીમાં યોજાયેલી બેઠક પર નિરાશા વ્યક્ત કરી. વાંગચુકે કહ્યું કે જો લદ્દાખના મુદ્દે સરકાર તરફથી કોઈ નક્કર ખાતરી નહીં મળે તો ૧૯થી ૨૪ સપ્ટેમ્બર સુધી ફરી આંદોલન કરશે.તેમણે કહ્યું- અમને સરકાર પર ભરોસો છે તેથી દર વખતે સરકાર સાથે વાતચીત કરવા આવીએ છીએ. આશા છે કે આ ભરોસો તૂટે નહીં.વાંગચુકે કહ્યું કે દિલ્હીમાં બેઠક ખૂબ સારા વાતાવરણમાં થઈ પરંતુ તેમાંથી કંઈ નિષ્કર્ષ નીકળ્યો નહીં. ચાર મહિના પહેલા જે નિર્ણયો થયા હતા, તેને જ પુનરાવર્તિત કરવામાં આવ્યા. કોઈ નવો પ્રસ્તાવ આવ્યો નહીં અને લદ્દાખની માંગણીઓ પર પણ સરકારે કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નહીં.આ પહેલા તેમણે X પર લખ્યું- આજે અમને પ્રખ્યાત કોમેડિયન જસપાલ ભટ્ટીની મીટિંગ્સ યાદ આવી રહી છે. જેમ કે અમે અનુમાન લગાવ્યું હતું, ૯ સપ્ટેમ્બરે થયેલી આ મીટિંગ લદ્દાખનું ધ્યાન ૧૦ સપ્ટેમ્બરથી શરૂ થનારી મોટી લેહથી કારગિલ પદયાત્રા માર્ચથી હટાવવા માટે માત્ર એક ગેરમાર્ગે દોરનારી વાત લાગી રહી છે.

# તમિલનાડુમાં ચર્ચની છત તૂટી, 3ના મોત

### 20 ફૂટ ઉંચો સ્ટીલનો મંચ તૂટી પડતા 11 મજૂરી ઘાયલ



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

તમિલનાડુના વેલ્લોર જિલ્લામાં ગુરુવારે નિર્માણાધીન ચર્ચની છત પડતાં ૩ મજૂરોના મોત થયા હતા. આ દુર્ઘટના કટપાડી નજીક મંડી કૃષ્ણાપુરમમાં બની હતી. મજૂરો ચર્ચની છત માટે કોંક્રિટ નાખી રહ્યા હતા, ત્યારે સ્લેબ તૂટી પડ્યો હતો.આ દુર્ઘટનામાં ૧૧ મજૂરો ઘાયલ થયા છે. જેમને વેલ્લોર ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ હોસ્પિટલ, ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ હોસ્પિટલ અને પડોશી આંધ્ર પ્રદેશના ચિત્તૂરની એક હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.પોલીસે જણાવ્યું કે આ ઈમારત ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા માટે બનાવવામાં આવી રહી હતી. ત્યારે ૨૦ ફૂટ ઊંચો સ્ટીલનો મંચ અને સપોર્ટ ફ્રેમવર્ક અચાનક તૂટી પડ્યો. જેના કારણે મજૂરો ભારે કોંક્રિટ અને કાટમાળ નીચે દબાઈ ગયા.દુર્ઘટના બાદ અરક્કોનમથી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી, અને જિલ્લા પ્રશાસન, પોલીસ અને ફાયર વિભાગ સાથે મળીને કાટમાળમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢ્યા.

## અમદાવાદમાં મહાપાલિકાની મંજૂરી વગર હોર્ડિંગ્સ માટે ઝાડ કાપતા કાર્યવાહી

# મંજુરી વગર ઝાડ કાપતા ચિત્રા એડ એજન્સી સામે પોલીસ ફરિયાદ







**સિટી ન્યૂઝ@વડોદરા**

અમદાવાદમાં ચિત્રા એડ એજન્સી સામે અમદાવાદ મહાનગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. YMCAથી યોગા સર્કલ રોડ પર મંજૂરી વગર ઝાડ કાપવામાં આવ્યા હોવાના મામલે મનપાએ એજન્સીને નોટિસ પાઠવી હતી. નોટિસનો જવાબ ન આપતાં હવે સરખેજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, YMCAથી યોગા સર્કલ તરફ જતા રોડ પર ચિત્રા એડ એજન્સી દ્વારા મંજૂરી વગર ઝાડ કાપવામાં આવ્યા હતા.મામલો ધ્યાન પર આવતા મનપાએ એજન્સીને નોટિસ પાઠવી ૩ દિવસમાં ખુલાસો રજૂ કરવા જણાવ્યું હતું. પરંતુ નિર્ધારિત સમયમર્યાદામાં એજન્સી દ્વારા કોઈ ખુલાસો ન કરવામાં આવતા મનપાએ હવે સરખેજ પોલીસને જાણ કરી છે.

ચિત્રા એડ એજન્સી સામે આ પહેલી કાર્યવાહી નથી. અગાઉ પણ એજન્સી દ્વારા મંજૂરી વગર ઝાડ કાપવામાં આવ્યા હોવાનો મામલો સામે આવ્યો હતો. તે સમયે મનપાએ કાર્યવાહી કરીને એજન્સીને રૂ.૧૦ લાખનો દંડ ફટકાર્યો હતો.અગાઉ ઝાડ કાપવાના મામલે દંડ અને હવે મંજૂરી વગર ઝાડ કાપવાના મામલે નોટિસ બાદ પોલીસમાં જાણવાજોગ ફરિયાદ થતાં ચિત્રા એડ એજન્સી સામે મનપાનું વલણ વધુ કડક બન્યું છે. હવે પોલીસ અને મનપાની આગળની કાર્યવાહી બાદ રોડ કાપવાની કામગીરી કયા હેતુથી અને કોની મંજૂરી વિના કરવામાં આવી હતી તે અંગે વધુ વિગતો સામે આવી શકે છે.






### હવે પરમિટ સરેન્ડર, ડૂપ્લિકેટ ફિટનેસ સર્ટિ, કે વાહન ટ્રાન્સફર કરવા માટે RTO જવું નહીં પડે

# RTO ધક્કા બંધ; 10 સેવા ઓનલાઈન

### 15 મીથી ઓનલાઈન સેવા શરૂ; NOC, માલિકી હક ટ્રાન્સફર સહિતની સેવા પણ ઘરબેઠાં મેળવી શકાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના વાહનચાલકો માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રાજ્યની આર.ટી.ઓ. કચેરીઓમાં વાહનચાલકો અને અરજદારોની સુવિધા માટે વિવિધ કામગીરી હવે ઓનલાઇન કરવામાં આવશે. ૧૫ સપ્ટેમ્બરથી કુલ ૧૦ સેવાઓ ઓનલાઇન અને ઓટો એપ્રુવલ મોડ પર શરૂ કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાના કારણે અરજદારોને સામાન્ય કામગીરી માટે વારંવાર આરટીઓ કચેરીના ધક્કા ખાવામાંથી રાહત મળશે. અત્યાર સુધી કેટલીક સેવાઓ માટે અરજદારે આરટીઓ કચેરીમાં જઈને અરજી કરવી પડતી હતી અને ત્યારબાદ સંબંધિત અધિકારી અથવા ઈન્સ્પેક્ટરની મંજૂરીની રાહ જોવી પડતી હતી. હવે આધારકાર્ડ આધારિત ઈ-કેવાયસી અને કોન્ટેક્ટલેસ પદ્ધતિથી અરજી કરવાની રહેશે. અરજદારે ઓનલાઇન અરજી સાથે નિયત ફી ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. દસ્તાવેજોની ચકાસણી બાદ સિસ્ટમ દ્વારા ઓટોમેટિક મંજૂરી આપવામાં આવશે. જેના કારણે અરજદારોનું કામ વધુ ઝડપથી પૂર્ણ થઈ શકશે.

નવી વ્યવસ્થામાં વાહન સંબંધિત અનેક મહત્વપૂર્ણ કામગીરી ઓનલાઇન કરવામાં આવનાર છે. તેમાં ડીલર ટ્રાન્સફર રદ કરવી, એનઓસી જારી કરવી, સ્પેશિયલ પરમિટ, માલિકી હક ટ્રાન્સફર, પરમિટ ટ્રાન્સફર, પરમિટ સરેન્ડર, સ્પેશિયલ પરમિટ, ટેમ્પરરી પરમિટ અને ડુપ્લિકેટ ફિટનેસ સર્ટિફિકેટ જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ સેવાઓ ઓનલાઇન શરૂ થતાં વાહનચાલકોને સામાન્ય કામ માટે આરટીઓ કચેરી સુધી જવાની જરૂરિયાત ઓછી થશે. અત્યાર સુધી આવી કામગીરી માટે અરજદારોને અરજી કર્યા બાદ કચેરીમાં રૂબરૂ હાજર રહેવું પડતું હતું. કેટલીક વખત અરજીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ મંજૂરી માટે રાહ જોવી પડતી હતી. નવી ઓનલાઇન વ્યવસ્થાથી આ પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે. ખાસ કરીને વાહનના માલિકી હકના ટ્રાન્સફર, પરમિટ સંબંધિત કામગીરી અથવા અન્ય જિલ્લા અને રાજ્યમાં વાહન ટ્રાન્સફર માટે જરૂરી એનઓસી જેવી કામગીરીમાં અરજદારોને મોટી રાહત મળી શકે છે. આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ આરટીઓની કામગીરીને વધુ પારદર્શક, ઝડપી અને કોન્ટેક્ટલેસ બનાવવાનો છે.

ઓનલાઇન સેવા મેળવવા માટે અરજદારે આધારકાર્ડ આધારિત E-KYCની કોન્ટેક્ટલેસ પદ્ધતિથી અરજી કરવાની રહેશે. અરજી પ્રક્રિયા દરમિયાન અરજદારે સંબંધિત સેવા માટેની નિયત ફી ઓનલાઇન ભરવાની રહેશે. ત્યારબાદ જરૂરી દસ્તાવેજો સિસ્ટમ પર અપલોડ કરવાના રહેશે. દસ્તાવેજો અને જરૂરી વિગતો યોગ્ય રીતે અપલોડ કરવામાં આવ્યા બાદ સિસ્ટમ દ્વારા ઓટોમેટિક મંજૂરી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. એટલે કે સામાન્ય સેવાઓ માટે અરજદારે કચેરીમાં જઈને અધિકારીની રૂબરૂ મંજૂરી મેળવવાની જરૂરિયાત નહીં રહે. જોકે ઓટો એપ્રુવલ મેળવવા માટે એક મહત્વની શરત પણ રાખવામાં આવી છે. અરજદારના તમામ દસ્તાવેજોમાં નામ એકસરખું હોવું જરૂરી રહેશે. જો અલગ-અલગ દસ્તાવેજોમાં નામમાં ફેરફાર હશે તો ઓટોમેટિક મંજૂરીની પ્રક્રિયામાં મુશ્કેલી આવી શકે છે. તેથી ઓનલાઇન અરજી કરતા પહેલા અરજદારોએ પોતાના દસ્તાવેજોમાં રહેલી વિગતો ખાસ ચકાસવી પડશે. નવી વ્યવસ્થાથી અરજદારોનો સમય બચશે અને આરટીઓ કચેરીમાં થતી ભીડ પણ ઓછી થવાની શક્યતા છે.

## NOC અને માલિકી હક ટ્રાન્સફર જેવી કામગીરી પણ થશે સરળ

નવી ઓનલાઇન સેવાઓમાં વાહનચાલકો માટે સૌથી મહત્વપૂર્ણ સુવિધાઓમાં NOC અને માલિકી હક ટ્રાન્સફરનો સમાવેશ થાય છે. અન્ય જિલ્લા અથવા રાજ્યમાં વાહન ટ્રાન્સફર કરવા માટે જરૂરી NOC હવે ઓનલાઇન જનરેટ થઈ શકશે. તેવી જ રીતે વાહનની ખરીદી કે વેચાણ બાદ માલિકી બદલવાની પ્રક્રિયા પણ ફેસલેસ બનાવવામાં આવશે. એટલે કે યોગ્ય દસ્તાવેજો અને વિગતો સાથે અરજી કર્યા બાદ આ પ્રક્રિયા માટે આરટીઓ કચેરીમાં રૂબરૂ જવાની જરૂર નહીં રહે. કોમર્શિયલ વાહન માટેની પરમિટ અન્ય વ્યક્તિના નામે ટ્રાન્સફર કરવાની કામગીરી પણ ઓનલાઇન કરવામાં આવશે. પ્રવાસન અથવા ખાસ પ્રસંગો માટે જરૂરી સ્પેશિયલ પરમિટ મેળવવાની પ્રક્રિયા પણ સરળ બનશે. જો ડીલર ટ્રાન્સફરની પ્રક્રિયા રદ કરવી હોય તો તેની કામગીરી પણ ઓનલાઇન થઈ શકશે. આ ઉપરાંત પરમિટ સરેન્ડર, ટેમ્પરરી પરમિટ અને ડુપ્લિકેટ ફિટનેસ સર્ટિફિકેટ જેવી સેવાઓ માટે પણ ઓનલાઇન સુવિધા ઉપલબ્ધ થવાથી વાહનચાલકોનો સમય અને મહેનત બચશે.

## કેટલીક કામગીરી માટે હજુ પણ RTOમાં રૂબરૂ જવું પડશે

જોકે આરટીઓની તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવી નથી. કેટલીક એવી સેવાઓ છે જેમાં વાહન અથવા અરજદારની રૂબરૂ ચકાસણી જરૂરી હોવાથી અરજદારે આરટીઓ કચેરીમાં જવું પડશે. નવા ડ્રાઈવિંગ લાઈસન્સ માટે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવાનો હોય, લાઈસન્સમાં અન્ય કેટેગરીનું વાહન ઉમેરવાનું હોય અથવા કોમર્શિયલ વાહનની ફિટનેસની ભૌતિક ચકાસણી કરવાની હોય ત્યારે રૂબરૂ હાજરી જરૂરી રહેશે. નવા વાહનના દસ્તાવેજો અને ચેસિસ નંબરની ભૌતિક ચકાસણી જેવી કામગીરી પણ ઓનલાઇન પૂર્ણ નહીં થાય. વિદેશી ડ્રાઈવિંગ લાઈસન્સ સંબંધિત કામગીરી માટે પણ અરજદારે રૂબરૂ જવું પડશે. એટલે કે જ્યાં શારીરિક ચકાસણી, ટેસ્ટ અથવા ભૌતિક વેરિફિકેશન જરૂરી છે તેવી સેવાઓમાં જૂની પ્રક્રિયા યથાવત્ રહેશે. બીજી તરફ, જે સેવાઓમાં માત્ર દસ્તાવેજોની ચકાસણી અને પ્રક્રિયાત્મક મંજૂરી જરૂરી છે તેને ઓનલાઇન અને ઓટો એપ્રુવલ મોડ પર લાવવામાં આવી રહી છે. ૧૫ સપ્ટેમ્બરથી શરૂ થનારી આ વ્યવસ્થાથી રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના લાખો વાહનચાલકોને સમય બચાવવાની અને આરટીઓ કચેરીના વારંવારના ધક્કામાંથી રાહત મળવાની આશા છે.

સિટી ન્યૂઝ
રાષ્ટ્રનો ધબકાર...
11 SEPTEMBER 2026, FRIDAY


### મહારાષ્ટ્રના નેતાઓને બળતરા ઉપડી, રાજ ઠાકરેએ અમિત શાહ પર નિશાન સાધ્યું

# ગુજરાતમાં યોજાનાર નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં સેલેબ્સને સેરેમનીમાં ન જવા શિવસેનાની અપીલ

## 72 વર્ષના ઈતિહાસમાં દિલ્હી બાદ પહેલીવાર ગુજરાત ખસેડાતા ટિકા કરી



મહારાષ્ટ્રના નેતાઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ ૭૨ વર્ષના ઈતિહાસમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દિલ્હીથી ગુજરાત ખસેડવાના નિર્ણયની ટીકા કરી છે. જ્યારે, શિવસેનાના સાંસદ સંજય રાઉતે કલાકારોને આ સમારોહનો બહિષ્કાર કરવા અપીલ કરી છે.સ્થાન બદલવા પર રાજ ઠાકરેએ વાંધો ઉઠાવતા લખ્યું, 'આખરે તેની જરૂર કેમ પડી? દેશની આર્થિક રાજધાની મુંબઈનું મહત્ત્વ ઓછું કરવાનો પ્રયાસ કર્યા પછી, શું હવે દેશની રાજધાની દિલ્હીનું મહત્ત્વ પણ ધીમે ધીમે સમાપ્ત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે?'તેમણે આગળ લખ્યું, 'પ્રશ્ન સીધો છે, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન ગુજરાતમાં જ કેમ? જો જગ્યા બદલવી જ હતી તો મુંબઈ કેમ નહીં?

# સલીમ ખાનને રાજકપૂર લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ

### 62મા મહારાષ્ટ્ર રાજ્ય ફિલ્મ પુરસ્કાર ૨૦૨૬ સમારોહમાં સન્માનિત કરાયા



વેટરન સ્ક્રીનરાઈટર અને લિરિસિસ્ટ સલીમ ખાનને હિન્દી સિનેમામાં તેમના યોગદાન બદલ ૬૨મા મહારાષ્ટ્ર રાજ્ય ફિલ્મ પુરસ્કાર ૨૦૨૬ સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા. બુધવારે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જોકે સલીમ ખાન પોતે તેમાં હાજર રહ્યા ન હતા. તેમની વતી હેલન એવોર્ડ લેવા પહોંચ્યા હતા. તબિયત ખરાબ હોવાના અનુમાન પર હેલને કહ્યું છે કે તેઓ બિલકુલ ઠીક છે. જ્યારે રાની મુખર્જીને પણ સમારોહમાં એવોર્ડ મળ્યો છે.સમારોહ બાદ મીડિયા સાથેની વાતચીતમાં હેલને સલીમ ખાનના સ્વાસ્થ્ય વિશે માહિતી આપી. હેલને કહ્યું, "હું સલીમ સાહેબ માટે આ એવોર્ડ મેળવીને આભારી છું. તેમની બધી ફિલ્મો મારી પ્રિય છે. તેમનું સ્વાસ્થ્ય ખૂબ સારું છે. તેઓ ખૂબ જ મજબૂત વ્યક્તિ છે. તેઓ આપ સૌને, સમગ્ર મહારાષ્ટ્ર અને ભારતના લોકોને શુભેચ્છાઓ પાઠવે છે."

### અભિનેત્રિએ તુકારામ મુંઢે પાસે મદદ માંગી, કહ્યું તમે એક માત્ર આશા છો

# બિપાશાના પ્રોટીન ડ્રિંકમાં ઈયળ







અભિનેત્રી બિપાશા બાસુને પ્રોટીન પાઉડરના નવા ખુલ્લા જારમાં નાની-નાની ઈયળો દેખાઈ છે. તેમણે તેનો વીડિયો ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર શેર કર્યો. બિપાશાએ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તુકારામ મુંઢેને ટેગ કર્યા અને મામલામાં દખલ દેવાની અપીલ કરી.બિપાશાએ ડ્રિંકના વીડિયો સાથે લખ્યું છે, તુકારામ મુંઢે તમે જ અમારી એકમાત્ર આશા છો. જેથી અમે જે પણ વસ્તુઓ ખરીદીએ, તેમાં ખરાબ કે ભેળસેળવાળો સામાન ન મળે. વીડિયોમાં બિપાશાએ પોતાની આંગળી પર એક નાની ઈયળ બતાવી. તેણે કહ્યું, આ આઈસોપ્યોરમાં નાની-નાની ઈયળો છે. ખૂબ જ નાની ઈયળ. આ નવો ડબ્બો છે, જેને અમે હમણાં જ ખોલ્યો છે. આ પછી તેણે આંગળી પર ઈયળ બતાવતા કહ્યું, આ રહી ઈયળો, આમાં આવી જ ઈયળો ભરેલી છે.

### 5થી 7% વળતરની લાલચ રૂા.2.10 કરોડની ઉઘરાણીની ફરિયાદથી મુશ્કેલી વધી

# કરોડોની ઠગાઈમાં છગન બુસા ટોળકીની આગોતરા જામીન અરજી નામંજૂર

- છગન બુસા, સંજય નિતાંત અને આનંદ સામે ફરિયાદ
- સંજય બુસાની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી

સિટી ન્યૂઝ@રાજકોટ


સંજય બુસા (આરોપી)



પરાગ શાહ સરકારી વકીલ ઈશાન ભટ્ટ

રાજકોટમાં જમીન-મકાનમાં રોકાણ કરાવી ટૂંકા ગાળામાં ઊંચું વળતર આપવાના વાયદાના નામે રૂા.૨.૧૦ કરોડની રકમ મેળવ્યાનો ગંભીર આક્ષેપ કરતી ફોજદારી ફરિયાદ સામે આવી છે. ફરિયાદમાં બિલ્ડર-કમ-ફાઈનાન્સર છગનભાઈ મોહનભાઈ બુસા, સંજયભાઈ બુસા, નિતાન્ત બુસા અને આનંદ છગનભાઈ બુસાના નામ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, મિત્રતા અને વિશ્વાસના સંબંધનો લાભ લઈ ફરિયાદી પાસેથી ૨.૧૦ કરોડનું રોકાણ કરાવવામાં આવ્યું હતું અને એકથી બે મહિનામાં ૫થી ૭ ટકા જેટલું વળતર આપવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, નક્કી કરાયેલા સમયગાળા બાદ પણ મુદ્દલ રકમ કે વળતર પરત ન મળતાં આખરે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. આ જ પ્રકરણમાં આરોપી સંજય વસંત બુસા દ્વારા રાજકોટ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી, જેને અદાલતે નામંજૂર કરી હોવાનું સામે આવ્યું છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ વેપાર-ધંધો કરી પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવે છે અને આરોપી છગન બુસા સાથે જ્ઞાતિ તથા મિત્રતાના સંબંધો ધરાવતા હતા. આરોપીઓ જમીન-મકાનના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાની તથા માર્કેટમાંથી નાણાં મેળવી વળતર આપવાની વિવિધ સ્કીમો ચલાવતા હોવાની વાત ફરિયાદમાં કરવામાં આવી છે. આ પરિચય અને વિશ્વાસના કારણે ફરિયાદીને પણ રોકાણ માટે સમજાવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. ફરિયાદ મુજબ તા.૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ છગન બુસા તથા સંજય બુસા ફરિયાદીની ઓફિસે આવ્યા હતા અને તેમને રૂા.૨.૧૦ કરોડની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું.ફરિયાદમાં આગળ જણાવ્યા પ્રમાણે આરોપીઓએ એવી રજૂઆત કરી હતી કે ફરિયાદી પાસે ઉપલબ્ધ નાણાં જમીન-મકાન તથા માર્કેટની વિવિધ સ્કીમોમાં રોકાણ કરવામાં આવશે અને તેમાંથી સારો નફો મેળવી આપવામાં આવશે. ચોક્કસ જમીનમાં રોકાણ કરી ટૂંકા સમયમાં ૫થી ૭ ટકા જેટલું વળતર મળી શકે છે તેવી ખાતરી આપવામાં આવી હોવાનું ઉદ્યોગપતિનું કહેવું છે. જો ફરિયાદી પાસે નાણાં હોય તો આરોપીઓને આપવા અને તેના બદલામાં ખાતરીપૂર્વક વળતર મેળવી આપવાની વાત કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.આ સમયે અન્ય બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ હાજર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, તેમની હાજરીમાં રૂા.૨,૧૦,૦૦,૦૦૦ની રકમ આરોપીઓને આપવામાં આવી હતી. આ રકમ સ્વીકારવામાં આવી હોવાના પુરાવા તરીકે સંજય બુસા દ્વારા એક ડાયરીમાં નોંધ કરી આપવામાં આવી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નાણાં આપતી વખતે જ રકમ કઈ મુદતમાં પરત કરવાની અને વળતર ક્યારે ચૂકવવાનું તેની શરતો નક્કી થઈ હોવાનું ફરિયાદી દ્વારા જણાવાયું છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ, રકમ પરત મેળવવા માટે ફરિયાદી દ્વારા આરોપીઓને વારંવાર ફોન તેમજ રૂબરૂ ઉઘરાણી કરવામાં આવી હતી. જોકે, દરેક વખતે થોડો સમય માગવામાં આવતો અને અલગ-અલગ વ્યક્તિઓ મારફતે ભલામણ કરાવી સમય પસાર કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.ફરિયાદમાં છગન બુસાના તમામ વહીવટ આરોપી નં.૨થી ૪ સંભાળતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. એટલે કે, છગન બુસા સાથે સંજય, નિતાન્ત અને આનંદની ભૂમિકા અંગે પણ ફરિયાદમાં સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ફરિયાદીનો આક્ષેપ છે કે, આરોપીઓએ મિત્રતા તથા વિશ્વાસના સંબંધનો લાભ લઈ રૂા.૨.૧૦ કરોડનું રોકાણ કરાવ્યું અને ત્યારબાદ મુદ્દલ તથા વળતરની રકમ પરત કરવામાં આવી નહીં. આ સમગ્ર મામલે ઉદ્યોગપતિ દ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. ફરિયાદમાં આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત સહિતની કાયદેસરની કાર્યવાહી ઉપરાંત જી.પી.આઈ.ડી. એક્ટ હેઠળ પણ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ ફરિયાદીની રૂા.૨.૧૦ કરોડની લેણી રકમ તથા વાર્ષિક ૫થી ૭ ટકા વળતર પરત અપાવવા પણ માંગ કરવામાં આવી છે. દરમિયાન આ ફરિયાદના સંદર્ભમાં આરોપીઓ પૈકી સંજય વસંત બુસાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. આગોતરા જામીન અરજી સામે મૂળ ફરિયાદી તરફથી યુવા એડવોકેટ ઈશાન ભટ્ટ દ્વારા સખત વાંધો લેવામાં આવ્યો હતો. ફરિયાદી તરફથી લેખિત વાંધા અરજી રજૂ કરવામાં આવી હતી તેમજ સુનાવણી દરમિયાન મૌખિક દલીલો પણ કરવામાં આવી હતી.
એડવોકેટ ઈશાન ભટ્ટે કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે, ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો તથા કેસની હકીકતો જોતા આરોપી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો પ્રથમદર્શનીય ગુનો બનતો હોવાનું જણાય છે. ઉપરાંત, હાલ પોલીસ તપાસ ચાલુ હોવાથી તપાસના આ તબક્કે આરોપીને આગોતરા જામીન આપવામાં આવે તો તપાસને અસર થવાની શક્યતા હોવાની દલીલ કરવામાં આવી હતી.ફરિયાદી તરફથી વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ફરિયાદીને અત્યંત મોટી રકમનું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આર્થિક ગુનાઓનું પ્રમાણ વધતું હોવાના સંદર્ભમાં પણ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આરોપીને આગોતરા જામીનનો લાભ આપવામાં આવે તો આવા આર્થિક ગુનાઓમાં સંડોવાયેલા તત્વોને પ્રોત્સાહન મળી શકે તેવી દલીલ પણ કરવામાં આવી હતી. આરોપીની કથિત ગુનાહિત માનસિકતા અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી.
આગોતરા જામીનની સુનાવણી દરમિયાન ફરિયાદી તરફથી એડવોકેટ ઈશાન ભટ્ટે નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ મહત્વપૂર્ણ ચુકાદાઓનો આધાર પણ રજૂ કર્યો હતો. બીજી તરફ સરકાર પક્ષે સરકારી વકીલ પરાગભાઈ શાહ હાજર રહ્યા હતા. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ રાજકોટ સેશન્સ અદાલતે સંજય વસંત બુસાની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હોવાનું જણાવાયું છે.

# પર્યુષણ પર્વનો આજે ચોથો દિવસ

### પર્યુષણ એ ગુરૂના સાંનિધ્યમાં સત્યની સમજ પ્રાપ્ત કરી, ભૂલોનો એકરાર કરીને હૃદયને સ્નાન કરવાનો શુભ અવસર

## પર્યુષણ પર્વ તમારા નેચરને ચેન્જ કરવા માટે આવે છે...

### પરિગ્રહને પૂણ્ય પરિગ્રહ બનાવવાની સમજ આવી જાય તો પર્યુષણ સાર્થક થઈ જાય

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એ હૃદયપરિવર્તનનો અમૂલ્ય અવસર છે. પર્યુષણ એ ગુરુના સાંનિધ્યમાં સત્યની સમજ પ્રાપ્ત કરી, ભૂલોનો એકરાર કરીને હૃદયને સ્નાન કરાવવાનો શુભ અવસર છે.પર્યુષણના ચતુર્થ દિવસે 'પરિગ્રહ'ની અનુપ્રેક્ષા કરી, ઈન્ટ્રોસ્પેકશન કરી, પરિગ્રહના આગ્રહનો પ્રભુ સમક્ષ એકરાર કરીને પરિગ્રહને પુણ્ય પરિગ્રહ બનાવવાનો કરાર કરવાનો છે.પરિગ્રહ એક એવો ગ્રહ છે જે 'રાહુ' જેવો ગ્રહ બનીને નડી પણ શકે છે અને 'ગુરુ' જેવો ગ્રહ બનીને ઉન્નત પણ બનાવી શકે છે. પરિગ્રહનો સમ્યક્ ઉપયોગ એટલે પરમાર્થની શુભ ભાવના અને અર્પણતાનું શ્રેષ્ઠ કર્તવ્ય નિભાવવાની પુણ્યશાળી તક! પરિગ્રહનો અસમ્યક્ ઉપયોગ એટલે સ્વાર્થની ભાવના અને સ્વયંના સુખ માટે સંપત્તિનો ઉપયોગ કરવો!સંપત્તિનો ઉપયોગ જ્યારે માત્ર ને માત્ર સ્વયંના સુખ માટે જ થાય છે ત્યારે એ સંપત્તિ અસૂરી કહેવાય છે અને પાપનો બંધ કરાવે છે.સંપત્તિ જ્યારે અન્યને સુખી કરવા માટે, અન્યનાં દુખ દૂર કરવા માટે, ધર્મ માટે અર્પણ થાય ત્યારે એ પુણ્યનો બંધ કરાવે છે.પરિગ્રહનો નિયમ હોય છે, જો એ સૂરી હોય તો તમને સુખી કરે અને અસૂરી હોય તો તમને દુખી કરે.સંપત્તિ જો ભાગ્યની હોય તો સૌભાગ્ય વધારે અને ભાગ્યની ન હોય તો છીનવાઈ જાય.પરિગ્રહ હંમેશાં નખ જેવો હોય છે.નખ જ્યારે વધી જાય ત્યારે એને કટ ન કરીએ તો સ્વયંને જ વાગે, એમ સંપત્તિ જ્યારે સ્વયંની જરૂરિયાતથી વધારે હોય અને એનો ઉપયોગ અન્યને સુખી કરવા માટે ન થાય તો એ સંપત્તિ ક્યારેક સ્વયંની પીડાનું કારણ બની જાય, એ સંપત્તિ હૉસ્પિટલમાં કે સંતાનો દ્વારા અયોગ્ય માર્ગે પણ વપરાઈ શકે છે.કેટલાક પરિગ્રહ આપણી પીડાને વધારે અને કેટલાક પરિગ્રહ પરમાર્થ કરાવીને પુણ્યને વધારે!આજ સુધી શું કર્યું છે? સંપત્તિનો પરિગ્રહ કર્યો છે કે એ સંપત્તિમાંથી પુણ્ય ઉપાર્જન કર્યું છે?પરિગ્રહ જેને ડંખે તે જ પરિગ્રહને પુણ્ય પરિગ્રહ બનાવી શકે.પરિગ્રહ માત્ર સંપત્તિનો ન હોય. પરિગ્રહ લાગણીનો હોય, ઈચ્છાનો હોય, વસ્તુઓનો હોય, પદનો હોય, પ્રતિષ્ઠાનો હોય... અનેક પ્રકારના પરિગ્રહ હોય અને એ પરિગ્રહ જ અહંકાર અને ઈર્ષ્યા નામના દોષોને જન્માવે છે અને આત્માને ભુલાવે છે. આજે પરિગ્રહ ભાવોની અનુપ્રેક્ષા કરતાં-કરતાં, પ્રભુ સમક્ષ વિનયભાવે વંદન કરીને સર્વ પ્રકારના પરિગ્રહ ભાવોનું , , , અને કરી દો; એકરાર કરતાં-કરતાં હૃદયને પસ્તાવાના જલથી સ્નાન કરાવીને શુદ્ધ કરી દો.પરિગ્રહને પુણ્ય પરિગ્રહ કેવી રીતે બનાવી શકાય? જગતમાં ૩ પ્રકારની વ્યક્તિઓ હોય.જ્યારે તેની કોઈ વસ્તુ ખોવાઈ જાય તો પ્રથમ કોઈના પર બ્લેમ કરે અને પછી પોલીસ-કમ્પ્લેઇન કરે. જ્યારે તેની કોઈ વસ્તુ ખોવાઈ જાય ત્યારે ભાવના ભાવે કે જેની પાસે હોય તેનું ભલું થાય, તે સુખી થાય.



### પ્રાણ અને પ્રકૃતિ સાથે જાપ : જૈન ધર્મ કહે છે બદલવા ધારો તો જીવતા પ્રકૃતિ બદલી શકો છો

## પોઝિટિવ માણસ દુઃખમાં પણ હસતો રહેશે, નેગેટિવ માણસ સુખમાં પણ રડતો હશે

### નેગેટિવિટીને દૂર કરીને પોઝિટિવિટી લાવવી એજ પર્યુષણ પર્વની સાચી આરાધના

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પર્યુષણ પુનરાવર્તન માટે છે કે પરિવર્તન માટે? નેગેટિવ માણસ હંમેશાં અભાવને જુએ છે. પૉઝિટિવ માણસ હંમેશાં જે છે એને જુએ છે. નેગેટિવ માણસ સુખમાં પણ રડતો હશે. પૉઝિટિવ માણસ દુઃખમાં પણ હસતો રહેશે. નેગેટિવ માણસ સારા માણસના પણ દોષો જ જુએ. પૉઝિટિવ માણસ ખરાબ માણસના પણ ગુણો જ જુએ. નેગેટિવ માણસ બોલીને બગાડે છે. પૉઝિટિવ માણસ સારું બોલીને સુધારે છે.નેગેટિવિટીને દૂર કરીને પૉઝિટિવિટી લાવવી એ જ પર્યુષણ પર્વની સાચી આરાધના છે.ભક્તિ કે ભાવના, પ્રવચન કે વ્યાખ્યાન-સત્સંગમાં બેસો છો પણ એ તમારામાં બેસે છે? ક્યારેક ચેકઅપ કરો. પર્યુષણની સફળતા માટે ચેન્જ યૉર ઍટિટ્યુડ - તમારું વલણ-પ્રકૃતિ બદલાવો. ભાગવત ગીતામાં કહ્યું છે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય. જૈન ધર્મ કહે છે કે બદલવા ધારો તો જીવતાં પ્રકૃતિ બદલી શકો છો!!! ચેન્જ યૉર હૅબિટ - આદત, ટેવ બદલો. પહેલાં માણસ ટેવ પાડે છે પછી ટેવ માણસને પાડે છે! ચેન્જ યૉર લાઇફ સ્ટાઇલ - જીવન જીવવાની પદ્ધતિ બદલાવો. આપણે આપણા પોતાનામાં પરિવર્તન લાવવા તૈયાર નથી અને બીજા બદલાય એવી આશા રાખીએ છીએ. જૂનું ભૂલી શકતા નથી, નવું જોઈ શકતા નથી!!'એક પથ્થરમાંથી બનતા શિલ્પને આદર મળે. જો મઠારો જિંદગીને તો જ કંઈક નક્કર મળે.'ભૂતકાળ સપના, વર્તમાનકાળ અપના, ભવિષ્યકાળ કલ્પના. ભૂતકાળને ભૂલી જાઓ. ભવિષ્યની ચિંતા છોડો. માત્ર વર્તમાનકાળને સફળ બનાવવા ચિંતા નહીં, ચિંતન કરો. વ્યથા નહીં, વ્યવસ્થા કરો. જોયા કરો, જતું કરો, એટલું જ નહીં, ક્યારેય જોયા કરો અને જાતે કરો. આવા પરિવર્તનથી જ પર્યુષણની ઉજવણી સાર્થક થયા વિના રહેશે નહીં. કોઈ પણ સત્કાર્ય કે કર્તવ્યરૂપે કાર્ય કરો એમાં અવૉર્ડ કે રિવૉર્ડની આશા-અપેક્ષા વિના કરો. હંમેશાં અંતર નિરીક્ષણ કરતા રહો કે પર્યુષણમાં પુનરાવર્તન થાય છે કે પરિવર્તન!!! જીવનમાં સુખ-દુઃખ, લાભ-અલાભ, શાંતિ-અશાંતિ જે આવે છે એ જાય છે. સોનેરી દિવસોને જતા વાર લાગતી નથી. જેની પ્રતિક્ષા એની પૂર્ણાહુતિ આવે જ છે. પર્યુષણને સફળ બનાવવા સમાજસુધારક બનતાં પહેલાં સ્વભાવસુધારક બનવું જરૂરી છે. આત્મજાગૃતિ એ જ સંપત્તિ છે. આત્મજાગૃતિ વિના આત્મહિત શક્ય જ નથી. સૌ પ્રથમ જાગૃત થા. સાવધાન બનીને નુકસાનકારક પ્રવૃત્તિથી દૂર થઈ જા. ભીતરમાં ભગવાન વસે તો બધા દાખલા સહેલા, હૃદયમાં શુદ્ધ ભાવોથી મલિનતાને હજારો માઇલ દૂર ભગાવી પ્રભુશરણનો સ્વીકાર કરી આત્મશુદ્ધિ કરી લેવી અતિજરૂરી છે. 'ઝિંદગી ખૂબસૂરત હૈ હમેં જીના નહીં આયા નશા હર ચીઝ મેં હૈ હમેં પીના નહીં આયા' પરમાર્થ કરતા રહો, પરંતુ પરમાર્થી બનતાં પહેલાં નિસ્પૃહી બનવાનું ભૂલશો નહીં.







# લાંબા વિરામ બાદ અમરેલીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## રાજુલા, ખાંભા, સાવરકુંડલા અને ધારી પંથકમાં ધોધમાર વરસાદ; સુકાતા પાકને નવજીવન, ખેડૂતોમાં ખુશી

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-અમરેલી**

જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા જિલ્લાના અનેક પંથકોમાં વરસાદી માહોલ જામ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા ત્યારે વરસાદ વરસતા સુકાઈ રહેલા પાકને જીવનદાન મળ્યું છે. વરસાદથી ખેડૂતોમાં ખુશી સાથે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે.

રાજુલા, જાફરાબાદ, ખાંભા, સાવરકુંડલા, ધારી અને લીલીયા સહિતના વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો હતો. રાજુલા તાલુકાના ડુંગર, માંડળ, મોરંગી, કુંભારીયા, દેવકા, હિંડોરણા, છતડીયા, નાની ખેરાળી, વાવેરા અને મોટા આગરીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક જોરદાર વરસાદી ઝાપટાં પડ્યાં હતા.વરસાદના પગલે અનેક માર્ગો પર પાણી ફરી વળ્યું હતું. ધારી તાલુકાના વાકુનીધાર, ઈંગોરાળા અને વિરપુર સહિતના ગામોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. અનેક નદી-નાળામાં પાણીનો પ્રવાહ વધ્યો હતો.

લાંબા સમય બાદ વરસેલા વરસાદથી કપાસ અને મગફળી સહિતના પાકને મોટો ફાયદો થવાની આશા ખેડૂતોમાં જાગી છે. વરસાદ ખેંચાતા સુકાઈ રહેલા પાકને હવે જરૂરી ભેજ મળતાં ખેડૂતોની ચિંતા હળવી થઈ છે.

છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદી માહોલથી લોકોને પણ ગરમીમાંથી રાહત મળી હતી.

# એસટી બસના બે ડ્રાઈવર નશાની હાલતમાં ઝડપાયા, મુસાફરોના જીવ જોખમમાં મુકાયા



**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-અમરેલી**

અમરેલી જિલ્લામાં મોડી રાત્રે ગુજરાત ST વિભાગના ૨ ડ્રાઈવરો નશાની હાલતમાં ઝડપાતા મુસાફરોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. રાજુલા અને અમરેલી તાલુકા પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધાઈ બંને ડ્રાઈવરોની ધરપકડ કરવામાં આવી છે.

જૂનાગઢ-રાજુલા રૂટની ST બસના ડ્રાઈવર ભૂપતભાઈ ડાભીનો ઉનાથી દારૂની બોટલ ખરીદતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. બસ મોડી રાત્રે રાજુલા ST ડેપો પહોંચતા ડેપો મેનેજર મમતાબેન જોષી તપાસ માટે પહોંચ્યા હતા.

બ્રેથ એનાલાઈઝરથી તપાસ કરતા ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. આ મામલે ડેપો મેનેજર ફરિયાદી બન્યા હતા અને રાજુલા પોલીસે ભૂપત ડાભી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

બીજી ઘટના અમરેલી તાલુકા પોલીસની હદમાં બની હતી. અમરેલી શહેરના ચિતલ રોડ પરથી પસાર થતી ST બસના ડ્રાઈવર ભાવેશભાઈ બોસીયાએ નશાની હાલતમાં બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ રોડની નીચે ઉતરી ગઈ હતી. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી અને બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

આ મામલે અમરેલી રૂરલ પોલીસે ડ્રાઈવર ભાવેશભાઈ બોસીયા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

દરરોજ હજારો મુસાફરો ST બસમાં મુસાફરી કરે છે ત્યારે ડ્રાઈવર નશાની હાલતમાં બસ ચલાવે તે બાબતને લઈને મુસાફરોની સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઊભો થયો છે. ૨ ઘટનાઓ સામે આવ્યા બાદ ST ડેપો પ્રશાસન અને વિભાગની ડ્રાઈવરો અંગેની નિયમિત ચેકિંગ વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠ્યા છે. હવે ST વિભાગ બંને ડ્રાઈવરો સામે કેવા કડક પગલાં લે છે અને ડ્રાઈવરોની નશાની સ્થિતિ ચકાસવા માટેની વ્યવસ્થા કેટલી અસરકારક છે તેના પર નજર રહેશે.

# વિકાસના ખાડામાં સલામતી દફન, ઓખામાં તંત્ર સામે સવાલ

## જય અંબે સોસાયટીમાં રોડ વચ્ચે 4 ફૂટ સુધી ખોદકામ ખુલ્લું; બેરિકેડ-ચેતવણી વિના કામગીરીથી અકસ્માતનો ભય

**સિટી ન્યૂઝ@બુધાભા ભાટી-ઓખા**

ઓખા નગરપાલિકાના આરંભડા વિસ્તારની જય અંબે સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલ માટે કેનાલ બનાવી તેમાં પાઇપ ફિટ કરવાની કામગીરી ચાલી રહી છે. જોકે, વિકાસકામની વચ્ચે જાહેર સલામતીની વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ રોડની વચ્ચે મશીનરીથી આશરે ૪ ફૂટ ઊંડું ખોદકામ કરવામાં આવ્યું છે, પરંતુ સ્થળ પર જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી નથી.



રહેણાક વિસ્તારના મુખ્ય રસ્તા પર ઊંડું ખોદકામ ખુલ્લું રાખવામાં આવતા રાહદારીઓ, વાહનચાલકો, વૃદ્ધો અને બાળકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું હોવાની સ્થાનિકોમાં ચિંતા છે. ખાસ કરીને રાત્રિના સમયે ખાડા દેખાઈ ન આવે તો ગંભીર અકસ્માત સર્જાવાની દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે.

જાહેર રસ્તા પર ખોદકામ દરમિયાન બેરિકેડ, ભયસૂચક બોર્ડ, દિશાસૂચક નિશાન, રિફ્લેક્ટર તથા રાત્રિના સમયે લાઈટિંગ જેવી સુરક્ષા વ્યવસ્થા જરૂરી હોવા છતાં આવી વ્યવસ્થાના અભાવથી રહેવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિકોએ સવાલ ઉઠાવ્યો છે કે વિકાસકામની સાથે લોકોની સલામતીની જવાબદારી કોણ નિભાવશે? કોન્ટ્રાક્ટર દ્વારા મજૂરો અને મશીનરીથી કામગીરી ચાલી રહી છે ત્યારે નગરપાલિકાના જવાબદાર અધિકારી કે ઈજનેરની પૂરતી દેખરેખ રહે છે કે કેમ તે અંગે પણ સવાલો ઉઠ્યા છે.

રહેવાસીઓનું કહેવું છે કે વિકાસ જરૂરી છે, પરંતુ વિકાસના નામે લોકોની સુરક્ષા જોખમમાં મૂકી શકાય નહીં. નગરપાલિકા તાત્કાલિક સ્થળની મુલાકાત લઈ ખોદકામવાળા વિસ્તારોમાં બેરિકેડિંગ, ચેતવણી બોર્ડ અને રાત્રિના સમયે પ્રકાશની વ્યવસ્થા કરે તેવી માંગ ઉઠી છે.

જય અંબે સોસાયટીમાં ખુલ્લા ખોદકામને લઈને હવે સ્થાનિકોમાં એક જ સવાલ છેનગરપાલિકા કોઈ અનિચ્છનીય અકસ્માતની રાહ જોશે કે સમયસર સુરક્ષા વ્યવસ્થા કરશે? વિકાસકામ ઝડપથી પૂર્ણ કરવાની સાથે જાહેર રસ્તા પર સલામતીના નિયમોનું પાલન થાય તેવી માંગ ઉઠી છે.

# સુરજકરાડીની બજારમાં પાર્ક બાઈક ભડકે બળી, અફરાતફરી

**સિટી ન્યૂઝ@બુધાભા ભાટી-ઓખા**

સુરજકરાડીની મુખ્ય બજારમાં કૃષ્ણા એન્ટરપ્રાઈઝ દુકાન પાસે પાર્ક કરેલી ઈલેક્ટ્રિક બાઈકમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બાઈકમાંથી ધુમાડો અને આગ દેખાતા આસપાસના લોકોમાં દોડધામ મચી હતી. બાઈકમાં આગ લાગ્યાની જાણ થતાં નજીકના વેપારીએ તાત્કાલિક પાણી નાખી આગ બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. સમયસર આગ કાબૂમાં આવી જતા મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. ઈલેક્ટ્રિક બાઈકમાં આગ કયા કારણોસર લાગી તે અંગેની ચોક્કસ માહિતી હજુ સામે આવી નથી. ઘટનાને પગલે સ્થાનિકોમાં ચકચાર મચી હતી. પાર્ક કરેલી ઈલેક્ટ્રિક બાઈકમાં અચાનક આગ લાગતાં ઈલેક્ટ્રિક વાહનચાલકોમાં પણ સુરક્ષાને લઈને ચિંતા જોવા મળી હતી.





**કૃષ્ણા એન્ટરપ્રાઈઝ પાસે ઈલેક્ટ્રિક બાઈકમાં અચાનક આગ; વેપારીએ પાણી નાખી સમયસર આગ કાબૂમાં લીધી**




# યાત્રાધામ વીરપુરમાં SBIનું બંધ ATM બન્યું માથાનો દુઃખાવો

**સિટી ન્યૂઝ@વીરપુર
ગૌરવ ગાજીપરા**

પ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં જન્માષ્ટમીના તહેવાર પૂર્વેથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)નું ATM બંધ રહેતા સ્થાનિક નાગરિકો તેમજ બહારગામથી આવતા યાત્રાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. લાંબા સમયથી ATM બંધ હોવાના કારણે રોકડ ઉપાડવા માટે લોકોને મુશ્કેલીઓ સર્જાઈ હતી,

ઉલ્લેખનીય છેકે વીરપુરમાં દરરોજ આશરે ૫,૦૦૦થી ૧૦,૦૦૦ જેટલા દર્શનાર્થીઓ પૂજ્ય જલારામ બાપાના દર્શનાર્થે આવતા હોય છે. ડિજિટલ યુગમાં લોકો રોકડ કરતાં ATM અને ડિજિટલ વ્યવહારો પર વધુ નિર્ભર બન્યા છે ત્યારે યાત્રાધામમાં ATM સેવા ખોરવાતા યાત્રાળુઓને મુશ્કેલી પડી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે ટાવર ચોકમાં આવેલું અન્ય એક ATM પણ લાંબા સમયથી બંધ છે, જેથી જવાબદાર તંત્ર દ્વારા આ બાબતે ગંભીરતાથી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

સ્થાનિક રહેવાસી જયેશભાઈ સાવલિયાએ જણાવ્યું હતું કે, ATM બંધ હોવા અંગે બેંક મેનેજરને અગાઉ રજૂઆત કરવામાં આવી હતી અને એક-બે દિવસમાં મશીન રિપેર થઈ જશે તેવી ખાતરી આપવામાં આવી હતી. જોકે, લાંબો સમય વીતી જવા પણ સમસ્યાનો ઉકેલ ન આવતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

દરમિયાન લોકોની રજૂઆતો અને રોષ બાદ SBI બેંક પ્રશાસન હરકતમાં આવ્યું હતું.

વીરપુર SBI બ્રાન્ચના મેનેજરે જણાવ્યું હતું કે ATMમાં ટેકનિકલ ખામી સર્જાતા એન્જિનિયર દ્વારા તપાસ કરવામાં આવી હતી, જેમાં મશીનનો એક સ્પેરપાર્ટ ખરાબ હોવાનું સામે આવ્યું હતું. ગ્રાહકોની સુવિધાને ધ્યાનમાં રાખીને બેંક દ્વારા મુંબઈથી ફ્લાઈટ મારફતે રાતોરાત વો સ્પેરપાર્ટ મંગાવવામાં આવ્યો હતો. સ્પેરપાર્ટ બ્રાન્ચ પર પહોંચતા જ ATMના ખરાબ પાર્ટને બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ટૂંક સમયમાં ATM ફરી કાર્યરત થઈ જશે, તેવી બેંક મેનેજરે ખાતરી આપી હતી. સાથે જ ગ્રાહકોને આગળ કોઈ મુશ્કેલી ન પડે તે માટે બેંક દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# DCP સિન્હાની આખી એશ ટ્રે ઓલવેલી સિગરેટથી ભરાઈ ગઈ હતી પણ ફિરોઝ ચાચાને ખબર પડતી ન્હોતી કે તેમને ક્રાઈમ બ્રાન્ચ કેમ લાવ્યા છે




ઈન્સપેક્ટરે ઘડિયાળ સામે જોયુ રાતના ૩ વાગી રહ્યા હતા. ડીસીપી એ તો ઘરેથી ટિફિન મંગાવી જમી લીધુ હતુ પણ જાડેજા ના પેટમાં હવે ભુખના કારણે ઉંદરડા દોડી રહ્યા હતા. જાડેજા ને વિચાર આવ્યો કે ચાચાના ઘરે પણ તેમની રાહ જોતા હશે. ડીસીપી ના ટેબલ ઉપર ચાના ખાલી કપ અને એસટ્રેમાં સિગરેટના ખાલી ઠુઠાઓ પડ્યા હતા. ડીસીપી દર અડધો કલાકે ચા મંગાવતા અને પછી તરત સિગરેટ પી રહ્યા હતા. હજી ડીસીપી એ ફોડ પાડ્યો ન્હોતો કે ચાચાને ક્યા કારણસર બોલાવવામાં આવ્યા છે. ૬ કલાકની પૂછપરછ પછી પણ ચાચાને ખબર પડવા દીધી ન્હોતી. ડીસીપી બહુ લંબાણપૂર્વક ચાચા સાથે વાત કરી રહ્યા હતા. ફિરોજચાચા એ કહ્યું સાહેબ પહેલા અમે મેઘાણીનગર રહેતા હતા. મારા પિતાજી પણ ત્યાં જ રહેતા હતા. અમને લોકો પીંજારા તરીકે ઓળખે છે. પીંજાર શબ્દ ડીસીપી ને ખબર પડ્યો નહીં, તેમણે જાડેજા સામે જોયું. જાડેજા એ કહ્યું સાહેબ આપણે ગાદલા ભરીએ તેની વાત કરે છે, તો પણ ડીસીપી ને ખબર પડી નહીં. જાડેજા એ ખુરશી ઉપર પડેલી ગાદી તરફ ઈશારો કરતા કહ્યું સાહેબ આ ગાદીની અંદરનું રૂ પીંજવાનું કામ કરે.

ડીસીપી એ કહ્યું મતલબ મેટ્રસીસ બનાને કા કામ.. જાડેજા એ કહ્યું હા હા સાહેબ મેટ્રસીસનું કામ. ચાચાએ કહ્યું અમારી દુકાન ચમનપુરામાં હતી. ૧૫ વર્ષ પહેલા મારા અબ્બુનું ઈંતકાલ થઈ ગયુ, પછી હું તે દુકાન સંભાળવા લાગ્યો. અમારી આસપાસ મોટા ભાગે હિન્દુઓ જ રહેતા હતા. જો કે મારો જન્મ પણ આ વિસ્તારમાં જ થયો હોવાને કારણે મને બધા ઓળખતા હતા. અમારી વચ્ચે ક્યારેય બોલાચાલી થઈ જાય પણ કામ પુરતી બીજા દિવસે પાછી દોસ્તી પણ થઈ જાય. હું ખુબ નાનો હતો ત્યારે મને બરાબર યાદ નથી પણ ૧૯૬૯ના કોમી તોફાન થયા હતા ત્યારે મારા અબ્બુ અમને લઈ રાહત છાવણીમાં જતા રહ્યા હતા. લોકોએ અમારી દુકાન સળગાવી દીધી હતી. થોડા દિવસો પછી અમે અમારા ઘરે પાછા આવી ગયા પણ ક્યારેય કંઈ થયું નથી. જો કે વચ્ચે વચ્ચે ક્યારેક શહેરમાં તોફાન થતાં ત્યારે મારી દુકાનને આગ લગાડી દેતા, પણ મેં પણ વીમો લઈ લીધો હતો. હવે કોઈ દુકાનને આગ લગાડે તો મને માઠુ લાગતું ન્હોતું કારણ મારી આસપાસ રહેતા હિન્દુઓ બહુ સારા હતા. તેમની ઉપર મને ભરોસો હતો. ચાચાએ જાડેજા સામે જોતા કહ્યું સારા અને ખરાબ માણસો તો બધી કોમમાં હોય, જાડેજા એ હકારમાં માથુ હલાવ્યું.ચાચાએ કહ્યું સાહેબ હું ભણેલો નથી. મારા અબ્બુને ૪ છોકરા હતા. મારા સિવાય કોઈને પીંજારાના ધંધામાં રસ ન્હોતો. મારા ૩ ભાઈઓમાંથી એક હોટલમાં નોકરી કરે છે. વચેટને દરિયાપુરમાં ગેરેજ છે અને સૌથી નાનો તે મહેસાણામાં માસ્તર છે. ડીસીપી એ જાડેજા સામે જોયુ, જાડેજા એ કહ્યું સર માસ્તર એટલે ટીચર.ચાચાએ ડીસીપી સામે જોતા કહ્યું અમારા મેઘાણીનગરના ઘરમાં હું મારી પત્ની અને દિકરો પરવેઝ રહેતા હતા. ૨ દીકરીઓ પણ છે પણ તે પરણી સાસરે જતી રહી છે. પરવેઝ પણ મારી સાથે દુકાને આવતો હતો, તે ૨૦ વર્ષનો થયો હતો. અમે તેના નિકાહ પણ કરવાના હતા, ચાચા બોલતા બોલતા હાંફી ગયા હતા. ડીસીપી એ પોતાના ટેબલ ઉપર ઢાંકી રાખેલો પાણીનો ગ્લાસ ચાચા સામે મુક્યો, ચાચાએ પાણી પીધુ અને કહ્યું સાહેબ ગોધરા સ્ટેશન ઉપર ટ્રેન સળગી તેની મને ખબર જ ન્હોતી. બીજા દિવસે તો હું રોજ પ્રમાણે દુકાને ગયો હતો.

હજી શટર ખોલી સામાન બહાર કાઢી રહ્યો હતો ત્યારે બાજુની કરિયાણાવાળા ની દુકાનવાળો રાજુ મારી પાસે આવ્યો અને મને પુછ્યું ચાચા આજે તમે દુકાન કેમ ખોલી? મને બહુ આશ્ચર્ય થયું, મેં તેને પુછ્યું ભાઈ રોજ દુકાને જ આવું છું, તુ મને આવું કેમ પુછે છે? તેણે મને કહ્યું છાપુ વાંચ્યુ નથી? આજે બંધનું એલાન છે. મેં તેની દુકાન સામે જોયુ તેની દુકાન તો ખુલ્લી હતી. મેં તેને પુછ્યુ બંધનું એલાન છે તો તે શું કામ દુકાન ખોલી છે. તેણે મને કહ્યું ચાચા તમને કેમ સમજાવુ. પછી તેણે મને સલાહ આપી કે હું દુકાન બંધ કરી ઘરે જતો રહું, મેં તેની વાત માની નહીં. મેં કહ્યું રાજુ તારા જન્મ પહેલાથી મારી દુકાન અહિયા છે, પછી તેણે મને કહ્યું કે ગોધરામાં મુસ્લિમોએ હિન્દુઓને સળગાવી દીધા હતા, મને બહુ ગુસ્સો આવ્યો હતો. સાલા નાલાયક માણસો હતા, ભલે પછી તે અમારી કોમના કેમ ના



પ્રશાંત દયાળ

હોય. ડીસીપી ની આંખ સામે એક પિક્ચરની જેમ દ્રશ્યો પસાર થઈ રહ્યા હતા. ચાચાએ કહ્યું મને જરા પણ ડર લાગતો ન હતો પણ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ મારી દુકાન સામેથી મોટી સંખ્યામાં ટોળા પસાર થવા લાગ્યા, તેઓ મારી સામે બહુ વિચિત્ર નજરે જોતા હતા. રાજુ મને ફરી સમજાવવા આવ્યો કે મારે ઘરે જતા રહેવુ જોઈએ, પણ હું ઘરે જવાનો ન્હોતો, તેણે મને તેના સોંગદ આપતા કહ્યું ચાચા મારા સોંગદ છે હવે ઘરે જતા રહો.હું રાજુના કારણે ઘરે જવા તૈયાર થયો, રાજુ મારી સામે નાનાથી મોટો થયો હતો, તેનું માન રાખવા હું નિકળ્યો હતો. હું ઘરે જતો હતો ત્યારે મેં રસ્તામાં ખુબ ટોળા જોયા હતા. મારા ઘરે પહોંચ્યો તો મારા સોસાયટી Socitey ના નાકા પર પોલીસ બેઠી હતી. મેં પોલીસવાળાને પુછ્યું કે ભાઈ શું થયું છે? તેણે મને કહ્યું કાકા ઘરે જતા રહો આવી રીતે બહાર ફરશો નહીં, તે ગુસ્સામાં હતો એટલે મેં તેને કંઈ પુછ્યું નહીં. હું ઘરે ગયો, મારો દિકરો પરવેઝ દુકાને આવવા માટે જ નિકળતો હતો. મેં તેને કહ્યું બધા કહે છે કે શહેરનો માહોલ સારો નથી માટે દુકાન બંધ કરી છે, તુ પણ હવે ક્યાંય જતો નહીં. તે તરત TV જોવા બેસી ગયો, મારી બીબી જમવાનું બનાવી રહી હતી ત્યારે ટોળાની બુમો સંભળાઈ.

મારી બીબી દોડતી બહાર જોવા ગઈ, પેલા છોકરાઓ અમારા માટે ગમે તેમ બોલતા હતા. મેં મારી બીબીને કહ્યું નાલાયકો છે, તેમા તુ શું કામ દુખી થાય છે. અમારી સોસાયટી મુસ્લિમોની હતી. આજુબાજુ હિન્દુઓ જ રહેતા હતા પણ ચિંતાનું કોઈ કારણ ન્હોતુ અને સાહેબ ૪ પોલીસવાળા તો હતા. પોલીસ હોય પછી તો ચિંતા કરવાનું કોઈ કારણ ન્હોતુ. બપોરનો ૧ વાગ્યો હશે હું જમીને આડો પડ્યો હતો. મારી બીબીએ મને ઉઠાડ્યો, તે ડરેલી હતી તેણે મને કહ્યું ચાલો જલદી નિકળો, મને વિચાર આવ્યો ક્યાં નિકળવાનું છે, ત્યારે જ મને ચીસો સંભળાઈ. કોઈક અમારી સોસાયટી ઉપર પથ્થરો ફેંકી રહ્યા હતા તેવું લાગ્યું. પથ્થરોને કારણે બારીના કાચ તૂટી રહ્યા હતા. પરવેઝ પણ ડરી ગયો હતો, તેણે આવો માહોલ ક્યારેય જોયો ન્હોતો, મને સુઝતુ ન્હોતુ કે શું કરવું પણ સોસાયટીના લોકો ઘરમાંથી નિકળી સલીમભાઈ Salimbhai ના ઘર તરફ દોડી રહ્યા હતા. (ક્રમશઃ)

# રિલાયન્સ ફાઈનાન્સ કર્મીના નામે કારખાનેદાર સાથે 13 લાખની ઠગાઈ

» રાજકોટના જાગનાથ પ્લોટમાં રહેતા યુવાને નોંધાવી સાયબર ક્રાઈમમાં ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના જાગનાથ પ્લોટ શેરી નં.૪માં નારાયણ કૃપા નામના મકાનની સામે રહેતા ઋષભભાઈ સતીષભાઈ સંઘવીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોબાઈલ નં.84780 37538, 92884 56144 અને 77398 88323ના ધારકો તેમજ બેન્કખાતા ધારકોના નામ આપ્યા છે. ફરિયાદી ઋષભ ટેક્સટાઈલ નામનું કારખાનું ધરાવે છે અને ફરિયાદીને લોનની જરૂર હોય રીલ્સ જોતા હોય ત્યારે રીલાયન્સ ફાયનાન્સ અને ધાની ફાયનાન્સની જાહેરાત જોઈ હતી અને તેમાં કલીક કરતા સંતોષ નાયર નામના આરોપીએ સંપર્ક કરી રીલાયન્સ ફાયનાન્સના કર્મચારી તરીકેની ઓળખ આપી ૨૧-૮ થી ૧૦-૯ દરમિયાન લોન અપાવવાના બહાને અલગ-અલગ ખાતામાં પ્રોસેસીંગ ફીના નામે નાણા ભરાવી રૂ.૧૩,૦૧,૦૧૨ની છેતરપિંડી આચરી હતી. પોલીસે અજાણ્યા મોબાઈલ નંબર ધારકો અને એકાઉન્ટ ધારકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્લાસ્ટિકના વેપારના નામે વેપારી સાથે 1.63 કરોડની છેતરપિંડી

## 2.29 કરોડ રોકાણ કરાવ્યું; 65.92 લાખનો જ હિસાબ આપ્યો, બાકીના નાણાં શેરબજારમાં હારી ગયાનું કહી હાથ ઊંચા કર્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના રણછોડનગરમાં રહેતા અને બેડી માર્કેટિંગ યાર્ડમાં પેઢી ધરાવતા જીગરભાઈ સોરઠીયા સાથે પ્લાસ્ટિકના વેપારમાં ભાગીદારીના બહાને ૧.૬૩ કરોડની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ કુવાડવા રોડ પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે સુરતના રાકેશ પુખરાજ માંડોત સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદી કામનાથ ટ્રેડિંગ પેઢીમાં છેલ્લા ૧૬ વર્ષથી એકાઉન્ટ અને વેપાર સંભાળે છે. પ્લાસ્ટિકના રો-મટીરિયલ તથા સ્ક્રેપના વેપાર દરમિયાન તેમની રાકેશ સાથે ઓળખાણ થઈ હતી.

ફરિયાદ મુજબ ઓગસ્ટ ૨૦૨૫માં રાકેશે પોતાની વેદાંત ઈકો પ્લાસ્ટ પેઢીના GSTમાં સમસ્યા અને નોટિસ હોવાનું જણાવી, કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી પેઢીના નામે બિલ ન બનાવવા કહ્યું હતું. તેના બદલે પોતે, પત્ની રિંકલબેન અને માતા વિમલાબેનના ખાતામાં નાણાં જમા કરાવવા તથા નફો સરખા ભાગે વહેંચવાની વાત કરી હતી.

૨૯ ઓગસ્ટ ૨૦૨૫થી ૧૭ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન વિમલાબેનના ખાતામાં ૧,૩૭,૮૪,૮૦૦ જમા કરાવાયા હતા, જેમાંથી ૩૯,૪૨,૦૦૦નો જ હિસાબ મળ્યો હતો. રિંકલબેનના ખાતામાં ૪૪,૧૬,૫૦૦ ટ્રાન્સફર કરાયા હતા, જેમાંથી ૨૪ લાખનો હિસાબ આપવામાં આવ્યો હતો.રાકેશના ખાતામાં બેંક મારફતે ૧૩.૨૦ લાખ અને આંગડિયા મારફતે ૩૪ લાખ અપાયા હતા, જેની સામે ૨.૫૦ લાખનો હિસાબ મળ્યો હતો. આમ કુલ ૨,૨૯,૨૧,૩૦૦ આપ્યા હતા, જ્યારે ૬૫,૯૨,૦૦૦નો જ હિસાબ મળ્યો હતો. બાકી ૧,૬૩,૨૯,૩૦૦ની ઉઘરાણી કરવામાં આવી હતી.

ફરિયાદ મુજબ નાણાં પરત માંગતાં રાકેશે શેરબજારમાં રૂપિયા હારી ગયો હોવાનું કહી થોડા દિવસમાં ચુકવણીનું આશ્વાસન આપ્યું હતું. નાણાં પરત ન મળતાં વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. PSI એમ.આર. મકવાણા અને ટીમે તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં પાડોશીઓ વચ્ચે માથાકૂટ, કાર, રિક્ષા અને બાઈકમાં તોડફોડ

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના મોચીબજાર ખાટકીવાડ સંધીના ડેલા પાસે પાડોશીઓ વચ્ચે માથાકૂટ થતા બીએમડબલ્યુ કાર, રિક્ષા અને બાઈક્માં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ ચોપડે નોધાયો છે. ખાટકીવાડ સંધીના ડેલામાં રહેતા રજાક સિદ્ધીકભાઈ શેખે પોલીસમાં નોધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અલ્તાફ બશીર ખીયાણી તથા અજાણ્યા શખસોના નામ આપ્યા છે. ફરિયાદીની બીએમડબલ્યુ કાર રિક્ષા તથા ફરિયાદીના ભત્રીજાના બાઈકમાં તોડફોડ કરી આરોપીઓએ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામા પક્ષે જંક્શન પ્લોટમાં રહેતા અકબર અબ્દુલ ખીયાણીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અરબાઝ દાઉદાણી અને સૈફુ સલીમ સંઘારનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ફરિયાદી અને તેનો જમાઈ પોતાની હોટેલે હતા ત્યારે ફરિયાદીની હોટેલ બહારનો સામાન લેવાનું કહેતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# હું મકાન ખાલી કરવાનો નથી જે કરવું હોય તે કરો કહી બેંકે કરેલું સીલ તોડી નાખ્યું

» બેન્ક ઓફ બરોડાએ 1.29 કરોડની ચડત લોન વસુલવા મકાનનો કબ્જો લીધો હતો

સિટી ન્યૂઝ@રાજકોટ

મવડી ગામે પ્રણામી પાર્ક પાસેના મકાનની ૧.૨૯ કરોડની લોનના હપ્તા ભરાતા ન હોવાથી બેંક ઓફ બરોડાએ કોર્ટના આદેશથી મિલકતનો કબજો લીધો હતો. જોકે, મકાનમાલિકે સીલ તોડી અંદર પ્રવેશ કરી મકાન ખાલી કરવાનો ઈનકાર કરતાં તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મકાન પ્રણવ ધીરુભાઈ ભૂત અને દિવ્યા પ્રણવભાઈ ભૂતના સંયુક્ત નામે છે. લોનના હપ્તા ભરાતા ન હોવાથી બેંકે ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ નોટિસ પાઠવી હતી. બાદમાં ૧૫મા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટના આદેશથી ૨૩ ઓગસ્ટે કોર્ટ કમિશનર એ.એ. ચાવડાએ પોલીસ બંદોબસ્ત સાથે મિલકત સીલ કરી બેંકને કબજો સોંપ્યો હતો. બેંકે સિક્યુરિટી ગાર્ડ મૂક્યા બાદ રાત્રે બોલાચાલી થતાં ગાર્ડ અને બે વ્યક્તિ પોલીસ સ્ટેશને ગયા હતા. આ દરમિયાન કોઈએ મકાનનું સીલ તોડી અંદર પ્રવેશ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બાદમાં પ્રણવ ભૂતે ફોન કરી હું મકાન ખાલી કરવાનો નથી, તમારે જે કરવું હોય તે કરો તેમ કહ્યું હતું. આ મામલે બેંકના ચીફ મેનેજર અમરદીપકુમાર સત્યેન્દ્ર પ્રસાદે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# હળવદમાં ગટર ઉભરાવાની સમસ્યાથી રોષે ભરાયેલા લોકોએ પાલિકા કચેરીને જડી દીધાં તાળાં

સિટી ન્યૂઝ@હળવદ

હળવદની સિદ્ધિ વિનાયક સોસાયટીમાં લાંબા સમયથી ગટર ઉભરાવાની સમસ્યા ઉકેલાતી ન હોવાથી રોષે ભરાયેલા અરજદારોએ સવારે ૧૦:૩૦ વાગ્યે નગરપાલિકા કચેરીના મુખ્ય શટરને તાળું મારી દીધું હતું. આ સમયે કચેરીમાં કામ કરી રહેલી ૨ મહિલા સફાઈ કામદારો અંદર જ ફસાઈ ગઈ હતી.

બંધ કચેરીમાં ગભરામણ અને છાતીમાં દુખાવો થતાં માયાબેન પરમાર અને રવિનાબેન વાઘેલાએ શટર ખોલવા આજીજી કરી હતી. જોકે, તાળાબંધી કરનારાઓએ શટર ખોલવાનો ઈનકાર કર્યો હોવાની ફરિયાદમાં જણાવાયું છે.

ચીફ ઓફિસર મયુર જોષીની સૂચનાથી પોલીસ સ્થળે પહોંચી હતી અને તાળાં ખોલાવી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. બનાવને પગલે સરકારી કામકાજ પણ ખોરવાયું હતું. મ્યુનિસિપલ ઈજનેર નિસર્ગ ધામેચાની ફરિયાદના આધારે ચંદુ મોરી, પારસ મહેતા અને પ્રશાંત ચાવડા સામે BNSની વિવિધ કલમો તથા જી.પી. એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ છે.





» અંદર 2 મહિલા સફાઈ કામદારો ફસાતાં ગભરાટ; પોલીસ પહોંચીને તાળાં ખોલાવ્યાં, 3 સામે ફરિયાદ





# દાનને નામ નહીં, નિસ્વાર્થ સેવાનું માધ્યમ બનાવો : નમ્રમુનિ મહારાજ

## ધર્મની શરૂઆત હાથ જોડવાથી નહીં, કોઈના કલ્યાણ માટે હાથ લંબાવવાથી થાય છે; દેશ-વિદેશમાં 5 કરોડથી વધુ નવકાર મંત્ર જપ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



પર્યુષણ મહાપર્વના ચોથા દિવસે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબે ટ્રાન્સફોર્મેશનનો સંદેશ આપતાં દાનને નામ, પ્રસિદ્ધિ કે સન્માન મેળવવાનું સાધન નહીં, પરંતુ નિસ્વાર્થ સેવાનું માધ્યમ બનાવવાની પ્રેરણા આપી હતી. તેમના પાવન સાંનિધ્યમાં દેશ-વિદેશમાં કલ્યાણકારી નવકાર મંત્રના મહાજપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભાવિકો તથા શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક જોડાઈ ૫ કરોડથી વધુ નમસ્કાર મહામંત્ર જપ સાધના કરી હતી.

પરમ ગુરુદેવે શ્રાવકના જીવનમાં દાન, શીલ, તપ અને ભાવનું વિશેષ મહત્વ સમજાવ્યું હતું. દાન આપતી વખતે નામ, પ્રસિદ્ધિ કે સન્માનની અપેક્ષા ન રાખવી જોઈએ તેમ સમજાવતાં તેમણે કહ્યું હતું કે દાન ન કરનાર ના-દાન, દાન કરીને પોતાનું નામ અને પ્રસિદ્ધિ ઈચ્છનાર મે-દાન, જ્યારે દાન કરીને પણ નામની કોઈ ખેવના ન રાખે અને દાન યોગ્ય રીતે વપરાય તેની કાળજી રાખે તે સાચો દાનવીર છે.

અન્નદાનની પ્રેરણા આપતાં દરેક ઘરમાંથી દરરોજ બે રોટલી કોઈ ભૂખ્યાને આપવાનો સંકલ્પ કરાવવામાં આવ્યો હતો. મોટું દાન કરવું શક્ય ન હોય તો રોજ માત્ર એક રૂપિયાથી પણ દાનની શરૂઆત કરી શકાય તેમ ગુરુદેવે સમજાવ્યું હતું. નાની શરૂઆત પણ નિયમિતતા અને ભાવનાથી મોટી સેવા બની શકે છે, તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

દાન કર્યા બાદ વારંવાર તેનો ઉલ્લેખ કરનાર અને દાન કરીને તેને ભૂલી જનાર વચ્ચેનો ભેદ સમજાવતા ગુરુદેવે દીધા બાદ ક્યાંય નામ નહીં અને લેવા બાદ વારંવાર ઉપકારભાવની ભાવના જીવનમાં ઉતારવાની પ્રેરણા આપી હતી. આગામી પર્યુષણ સુધી પોતાના દાન માટે ક્યાંય નામ ન લખાવવાનો સંકલ્પ કરવાની પણ ભાવિકોને હાકલ કરવામાં આવી હતી.

ગુરુદેવે જણાવ્યું હતું કે દાનનો સાચો અર્થ ત્યારે જ સાકાર થાય છે, જ્યારે તેમાં દેખાડો નહીં પરંતુ કરુણા, જવાબદારી અને માનવતાનો ભાવ હોય. સેવા કરનાર વ્યક્તિએ લાભાર્થી પ્રત્યે ઉપકારનો ભાવ નહીં, પરંતુ સહભાગિતાની લાગણી રાખવી જોઈએ.

નિસ્વાર્થ સેવાના સંદેશને ઉજાગર કરવા પરમ ટિફિન સહાય ગ્રુપ દ્વારા વયોવૃદ્ધો, દિવ્યાંગજનો અને જરૂરિયાતમંદોને દરરોજ બે વખત ભોજન પહોંચાડતી સેવાપ્રવૃત્તિનું હૃદયસ્પર્શી નાટ્યરૂપાંતર રજૂ કરવામાં આવ્યું હતું. સેવાકાર્યનું આ પ્રસ્તુતિકરણ જોઈને અનેક ભાવિકો ભાવુક બની ગયા હતા.



પરમ ગુરુદેવની પ્રેરણાથી ચાલી રહેલી આ સેવાકીય પ્રવૃત્તિમાં USA સ્થિત સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટના રીકાબેન તથા મનુભાઈ શાહ દ્વારા નામની કોઈ ખેવના રાખ્યા વિના આપવામાં આવતા સતત યોગદાનની ગુરુદેવે અનુમોદના કરી હતી. તેમણે નિસ્વાર્થ સેવા અને દાનનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે સાચી સેવા સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે ત્યારે જ તેનું સાર્થક્ય છે.

છેલ્લા સાત વર્ષથી પરમ ટિફિન સહાય દ્વારા જરૂરિયાતમંદોને ૧૫ લાખથી વધુ ટિફિન પહોંચાડવામાં આવ્યાં છે. આ સેવાકાર્યને વધુ વિસ્તૃત કરતાં મનુભાઈ-રેખાબેન શાહ તરફથી દરરોજ ૭૦૦ ટિફિનની સેવા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતને ભાવિકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.આ પ્રસંગે માતા ત્રિશલાજીને આવેલા ૧૪ સ્વપ્નોના પ્રતીકાત્મક દર્શન પણ કરાવવામાં આવ્યા હતા. ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે ભાવિકોએ આ દર્શનનો લાભ લીધો હતો. ગુરુદેવે સમજાવ્યું હતું કે ફક્ત પોતાના સુખની નહીં, પરંતુ સહુના સુખની ચિંતા કરવામાં આવે તે જ સાચી સમૃદ્ધિ છે.

આપવાનો સ્વભાવ જીવનને આગળ વધારે છે, જ્યારે ફક્ત ભોગવવાનો ભાવ વિકાસને અટકાવે છે.

અન્નદાન અને ભોજનસેવાને માનવતા ધર્મ ગણાવી પરમ ગુરુદેવે જીવનમાં અર્પણ, સેવા અને નિસ્વાર્થ ભાવનું ટ્રાન્સફોર્મેશન લાવવાનો સંદેશ આપ્યો હતો. તેમણે ભાવિકોને દાનને પ્રસિદ્ધિથી મુક્ત કરી જરૂરિયાતમંદોના જીવનમાં આશા, સન્માન અને સહારો ઊભો કરવાની પ્રેરણા આપી હતી.

# રાજકોટમાં પક્ષીઓની ગણતરીનો મહાઅભિયાન, 21 ગ્રીડમાં સર્વે

## શનિવાર–રવિવારે પ્રથમ ફિલ્ડ સર્વે; 1 વર્ષમાં 84 પેટા ગ્રીડમાં પક્ષી વૈવિધ્યનો વૈજ્ઞાનિક નકશો તૈયાર થશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં પક્ષીઓની વિવિધતા તથા સંખ્યાનું વૈજ્ઞાનિક દસ્તાવેજીકરણ કરવા માટે પ્રથમ વખત રાજકોટ બર્ડ એટલાસ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. શનિવાર તા. ૧૨ અને રવિવાર તા. ૧૩ સપ્ટેમ્બરે સવારે ૬.૩૦થી ૯ વાગ્યા દરમિયાન પ્રથમ ફિલ્ડ સર્વે યોજાશે.

સમગ્ર રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોને ૨૧ ગ્રીડમાં વહેંચવામાં આવ્યા છે. દરેક ગ્રીડના ૪ પેટા વિભાગ મુજબ કુલ ૮૪ પેટા ગ્રીડમાં વિવિધ ઋતુઓ અને સમયગાળા




દરમિયાન સમગ્ર વર્ષ સર્વે કરવામાં આવશે. પ્રથમ રાઉન્ડમાં નક્કી કરાયેલા ગ્રીડમાં પક્ષીઓની પ્રજાતિ અને સંખ્યાની માહિતી એકત્રિત કરાશે.

બર્ડ કાઉન્ટ ઈન્ડિયાના ટેકનિકલ માર્ગદર્શન હેઠળ હાથ ધરાનારા આ પ્રોજેક્ટનો હેતુ રાજકોટની પક્ષીસૃષ્ટિનું વૈજ્ઞાનિક દસ્તાવેજીકરણ, પક્ષીઓ અંગે લોકજાગૃતિ અને સંરક્ષણ માટે જરૂરી માહિતી એકત્રિત કરવાનો છે.

સર્વે દરમિયાન પક્ષીઓની પ્રજાતિ અને સંખ્યાની નોંધણી માટે e-Bird મોબાઈલ એપનો ઉપયોગ કરવામાં આવશે. જ્યારે નક્કી કરાયેલા ગ્રીડમાં ચોકસાઈપૂર્વક સર્વે કરવા જિયો-ટ્રેકર એપનો ઉપયોગ થશે. એક જ સમયે શહેરના વિવિધ વિસ્તારોમાંથી એકત્રિત થતી માહિતી વૈજ્ઞાનિક પદ્ધતિથી દસ્તાવેજીકરણ કરવામાં આવશે.

### અનુભવ નહીં, માત્ર પક્ષીપ્રેમ જરૂરી

પ્રકૃતિ, પક્ષીઓ અને પર્યાવરણમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓથી લઈને વડીલો સુધી કોઈપણ વ્યક્તિ આ પ્રોજેક્ટમાં જોડાઈ શકશે. અગાઉનો અનુભવ જરૂરી નથી અને નોંધણી ફી પણ લેવામાં આવતી નથી. સહભાગીઓને સર્વે પદ્ધતિ, ડેટા નોંધણી, ફિલ્ડ પ્રોટોકોલ તથા એપ્લિકેશનના ઉપયોગ અંગે તાલીમ આપવામાં આવી છે. પ્રોજેક્ટમાં યોગદાન આપનાર સહભાગીઓને અંતિમ અહેવાલમાં યોગ્ય શ્રેય ઉપરાંત Certificate of Participation આપવામાં આવશે. હાલ નિયમિત અને જવાબદારીપૂર્વક કામગીરી કરી શકે તેવા કોર્ડિનેટર્સ તથા વોલન્ટિયર્સની જરૂરિયાત છે.

### 11 સંસ્થાઓના સહયોગથી રાજકોટ બર્ડ એટલાસ

કાર્યશાળા, ફોટોગ્રાફી ક્લબ ઑફ રાજકોટ (FCR), વાઈલ્ડ સૌરાષ્ટ્ર, રોટરી ક્લબ ઑફ રાજકોટ મિડટાઉન, ગુજરાત વન વિભાગ, બાયોસાયન્સ ભવન-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, નેચર રેન્જર્સ, વાઈલ્ડલાઈફ કોન્ઝર્વેશન ટ્રસ્ટ, રાજકોટ પ્રાણીસંગ્રહાલય તથા રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી પ્રોજેક્ટ તૈયાર થશે. પક્ષીપ્રેમીઓ, વિદ્યાર્થીઓ, ફોટોગ્રાફર્સ અને પર્યાવરણપ્રેમી નાગરિકોને આ ઐતિહાસિક પહેલમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે. નોંધણી માટે https://forms.gle/s૮Ht૪ZyiphynknLx૫ પર ઓનલાઈન ફોર્મ ભરી શકાય છે.વધુ માહિતી માટે ગૌરવ વાઢેર મો. ૮૦૦૦૧૪૬૪૩૫, શમશેરસિંહ સુચારિયા મો. ૯૮૨૫૦૭૬૧૯૮ અથવા ભાવેશ ત્રિવેદી મો. ૭૫૭૩૦૨૦૪૨૭ પર સંપર્ક કરી શકાય છે.

# ત્રંબામાં ભાદરવી અમાસના મેળામાં ઉમટ્યો માનવમહેરામણ





## ત્રંબકેશ્વર મહાદેવના સાનિધ્યમાં એકદિવસીય લોકમેળો; રાસ–ગરબાની રમઝટ સાથે પિતૃતર્પણ માટે પણ ભાવિકોની ભીડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ નજીકના ત્રંબા ગામે ત્રિવેણી સંગમ નદીના કિનારે આવેલા ત્રંબકેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ભાદરવી અમાસ નિમિત્તે એકદિવસીય લોકમેળો યોજાયો હતો. ગામલોકોના આયોજનથી યોજાયેલા આ ભાતીગળ મેળામાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારો લોકો ઉમટી પડ્યા હતા. મેળાનો પ્રારંભ રાજુભાઈ ધ્રુવના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો સહિત નરશીભાઈ ધડુક, ભરતભાઈ મકવાણા, કેયુરભાઈ ઢોલરિયા, વર્ષાબેન ખુટ, વલ્લભભાઈ શેખલીયા, લાખાભાઈ સાગઠીયા અને સરપંચ ભાવેશ પાઠવી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્રંબા ખાતે ભાદરવી અમાસના દિવસે પિતૃતર્પણનું વિશેષ મહત્વ માનવામાં આવે છે. આથી મોટી સંખ્યામાં ભાવિકોએ પીપળાના વૃક્ષને પાણી અર્પણ કરી પિતૃમોક્ષ માટે પ્રાર્થના કરી હતી. ધાર્મિક વાતાવરણ વચ્ચે મંદિર પરિસરમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. લોકમેળામાં રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. ગ્રામ્ય પંથકના લોકો પરિવાર સાથે મેળાની મોજ માણવા ઉમટ્યા હતા. ત્રંબકેશ્વર મહાદેવ મંદિર તરફથી ભાવિકો માટે ગુંદી-ગાંઠિયાનો પ્રસાદ પણ આપવામાં આવ્યો હતો.

# રાજુલાના યુવા પત્રકાર ધર્મેશ મહેતાના દાદીનું દુખદ નિધન

**સિટી ન્યૂઝ@રાજુલા**

રાજુલાના ડુંગર ગામનાં પૂર્વ સરપંચ મનીષભાઈ મહેતાના માતા તેમજ યુવા પત્રકાર ધર્મેશ મહેતાના દાદી નં દખદ નિધન થયું છે. ડુંગર નિવાસી જયંતિલાલ પ્રાગજીભાઈ મહેતાના પુત્ર સ્વ. મંગળદાસ જયંતીલાલ



મહેતાના ધર્મપત્ની જયોતિબેન મંગળદાસ મહેતા (ઉ.વ.૮૨) બુધવાર તારીખ ૦૯-૦૯-૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. અને તે મનીષ, વીપુલ, ભાવનાના માતાશ્રી, કમલેશકુમાર તથા રૂપલના સાસુ, મહુવા નિવાસી સ્વ. જેઠાલાલ વનમાળીદાસ મહેતાના દિકરી, સુરેશભાઇ, ભુપતભાઇ, ભરતભાઇના બેન શ્રીજી ચરણ પામેલ છે. અને તેમનું સદગતનું બેસણું ડુંગર મુકામે તેમના નિવાસ સ્થાને તારીખ ૧૨-૦૯-૨૦૨૬ ના શનિવાર બપોરે ૦૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.

# નાના બાદનપરમાં જળસંચયનો શંખનાદ,ગામજનો થયા એકજૂટ

## ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાંનો સંકલ્પ; ગીરગંગા પરિવાર ટ્રસ્ટની બેઠકમાં જળસંપન્ન ગામ માટે મંથન

**સિટી ન્યૂઝ@કાલાવડ**

કાલાવડ તાલુકાના નાના બાદનપર ગામે ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવાના હેતુથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય જાગૃતિ બેઠક યોજાઈ હતી. ગ્રામજનો, મહિલા મંડળ, પંચાયત અને આગેવાનોની ઉપસ્થિતિમાં જળસંચયના વિવિધ કાર્યો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જણાવ્યું હતું કે પાણી માત્ર કુદરતી સંપત્તિ નહીં, પરંતુ આવનારી પેઢીઓનું ભવિષ્ય છે. જળસંચય અંગે આજે જાગૃતિ નહીં આવે તો ભવિષ્યમાં જળઅછતનો સામનો કરવો પડી શકે છે. તેમણે ચેકડેમ ઊંડા



કરવા, તળાવોના બ્યુટિફિકેશન અને રિચાર્જ બોર બનાવવા જેવા કામો દ્વારા ગામને જળસંપન્ન બનાવવાની જરૂરિયાત દર્શાવી હતી. સાથે ગ્રામજનોને જળ ઝુંબેશમાં જોડાવા અપીલ કરી હતી. બેઠકમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી તેને જમીનમાં ઉતારવાની વિવિધ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન અપાયું હતું. ગામનું પાણી ગામમાં અને ખેતરનું પાણી ખેતરમાં રોકવાના સંકલ્પ સાથે જળસંચય આયોજન અંગે ચર્ચા થઈ હતી. ગ્રામજનો અને આગેવાનોએ ટ્રસ્ટની કામગીરીને આવકારી અભિયાનમાં આર્થિક તથા સામાજિક સહયોગની ખાતરી આપી હતી. બેઠકમાં સરપંચ હંસાબેન સાંગાણી, જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય જગદીશભાઈ સાંગાણી, કલ્યાણજીભાઈ સાંગાણી, ગોવર્ધનભાઈ સાંગાણી, માધવજીભાઈ સાંગાણી, બાલકૃષ્ણભાઈ સાંગાણી, ગોપાલભાઈ સાંગાણી, પ્રવીણભાઈ સાંગાણી, રાજેશભાઈ સાંગાણી, મનીષભાઈ સાંગાણી સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# લોધિકાના દુષ્કાળ જેવી સ્થિતિમાં પશુઓ માટે ઘાસચારાની તંગી

## ચીભડા વિડીમાં પશુઓને ચરાવવા મંજૂરી આપો; AAPનું મામલતદારને આવેદન, તાત્કાલિક ઘાસ વિતરણની માંગ

**સિટી ન્યૂઝ@લોધિકા**

લોધિકા તાલુકામાં વરસાદની અછતને પગલે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાતા માલધારીઓ અને પશુપાલકો માટે પશુઓના ઘાસચારાની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. પશુપાલકોની મુશ્કેલીને ધ્યાનમાં લઈ આમ આદમી પાર્ટીલોધિકા તાલુકા દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી ચીભડા વિડીમાં માલધારીઓના પશુઓને ચરાવવા મંજૂરી આપવા તેમજ પૂરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ કરાવવાની માંગ કરવામાં આવી છે.

લોધિકા તાલુકાના અનેક પરિવારો પશુપાલન પર નિર્ભર છે. વરસાદની અછતને કારણે કુદરતી ઘાસચારો અને પશુઆહારની ઉપલબ્ધતા ઘટતાં પશુપાલકોને પશુધનનો નિભાવ કરવામાં મુશ્કેલી પડી રહી છે. આવી સ્થિતિમાં તંત્ર દ્વારા તાત્કાલિક રાહતના પગલાં લેવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

આવેદનમાં ચીભડા વિડીમાં ઉપલબ્ધ ઘાસચારાનો ઉપયોગ સ્થાનિક માલધારીઓના પશુઓ માટે થઈ શકે તેમ હોવાથી ત્યાં પશુઓ ચરાવવાની મંજૂરી આપવા માંગ કરાઈ છે. સાથે જ જરૂરિયાતવાળા વિસ્તારોમાં સરકારી ધોરણે ઘાસ વિતરણની વ્યવસ્થા કરવા અને પશુપાલકોને તાત્કાલિક રાહત મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટીએ પશુપાલકોની પરિસ્થિતિને ગંભીરતાથી ધ્યાને લઈ માનવતાના ધોરણે તાત્કાલિક નિર્ણય લેવા અપીલ કરી છે. માંગણીઓ અંગે ઝડપથી કાર્યવાહી નહીં થાય તો માલધારીઓ અને પશુપાલકોના હિતમાં આગળની રજૂઆત કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

આવેદનપત્ર AAPના લોધિકા તાલુકા પ્રમુખ દિનેશભાઈ દાફડા, તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા હિતેશભાઈ મારકણા, તાલુકા સદસ્ય રાજેશ પટેલ, ભાવેશભાઈ વસોયા સહિત આગેવાનો અને કાર્યકરોએ મામલતદારને આપ્યું હતું.

# ગોંડલના સડક પીપળિયામાં 890 ગ્રામ ગાંજા સાથે પરપ્રાંતિય ઝડપાયો

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામની સીમમાં આવેલા એક કોમ્પ્લેક્સમાં દરોડો પાડીને SOG ટીમે રૂ. ૪૪,૫૦૦ની કિંમતના ૮૯૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે.

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય (IPS) અને જિલ્લા પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જર (IPS)ની સુચનાથી એસ.ઓ.જી. પી.આઈ. એફ.એ. પારગી અને તેમની ટીમ ગોંડલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન પો.કો. રણજીતભાઈ, વિપુલભાઈ ગોહિલ તથા નવદિપભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે, સડક પીપળીયા ગામની સીમમાં આવેલ શુભ ઈન્ડસ્ટ્રીયલ ઝોન-૮, હનુમાન મંદિર પાસે 'માં ખોડલ કોમ્પ્લેક્ષ'ના પ્રથમ માળે ઓરડી નં.૨૪માં એક ઈસમ વેચાણ અર્થે ગાંજો રાખીને બેઠો છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડીને પૂછપરછ કરતા ઈસમ પાસે રહેલા કાળા રંગના બેગમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ



(ગાંજો) મળી આવ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ કિશનકુમાર સંજય મંડલ છે. તે હાલમાં ગોંડલ તાલુકાના સડક પીપળીયા ખાતે આવેલમાં ખોડલ કોમ્પલેક્ષની ઓરડી નં.૨૪ માં રહે છે અને તે મૂળ સોનુડીહ, થાના ગોરાડીહ, છ. ભાગલપુર (બિહાર) નો વતની છે. પોલીસ ચોપડે આ આરોપીનો અગાઉનો કોઈ ગુનાહિત ઈતિહાસ નોંધાયેલ નથી. જપ્ત કરાયેલા મુદ્દામાલ અને પોલીસ કાર્યવાહી પોલીસે સ્થળ પરથી ૮૯૦ ગ્રામ વનસ્પતીજન્ય માદક પદાર્થ (ગાંજો) કે જેની કિંમત રૂ. ૪૪,૫૦૦ થાય છે, તથા રૂ. ૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૪૯,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.





# પર્યુષણમાં સંઘર્ષ નહીં, જીવનનો ઉત્કર્ષ કરવાનો બોધ; અજરામર જૈન સંઘમાં કલ્પસૂત્ર વાંચના

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના અજરામર સ્થાનકવાસી જૈન સંઘમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વના ચોથા દિવસે જીવનમાં સંઘર્ષ નહીં પરંતુ ઉત્કર્ષ કરવાનો સુંદર બોધ આપવામાં આવ્યો હતો. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય સાધના સમ્રાટ ગુરુદેવ ભાવચંદ્રજી સ્વામીની નિશ્રામાં યોજાયેલી આરાધનામાં ભાવિકોએ આધ્યાત્મિક વાતાવરણમાં કલ્પસૂત્રની વાંચનાનો લાભ લીધો હતો.પ્રવચનમાં સમજાવવામાં આવ્યું હતું કે જીવનમાં શાંતિ, સમાધિ અને સદ્ભાવના માટે ૪ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. વસ્તુઓનો અતિશય સંગ્રહ ન કરવો, વાણીથી વિગ્રહ ન કરવો, સંપત્તિનો સંગ્રહ કરવાને બદલે દાન-પુણ્ય અને સત્કર્મ કરવા તથા કોઈ વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ ન રાખવો.શબ્દથી પુલ પણ બની શકે છે અને દિવાલ પણ ઊભી થઈ શકે છે. કુટુંબ અને પરિવારમાં પરસ્પર ભેદ, ખેદ અને વ્યવહારમાં કટુતા ઊભી થવાનું એક કારણ વાણી પણ છે. મંથરાની વાણીથી રામાયણ અને દ્રૌપદીના શબ્દોથી મહાભારતનું સર્જન થયું હોવાના ઉદાહરણ સાથે સંબંધોમાં મધુર વાણીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

ધનવાન વ્યક્તિએ માત્ર સંપત્તિનો સંગ્રહ કરવાને બદલે ભાગ્યવાન બનવા માટે દાન, પુણ્ય અને સત્કર્મ કરતા રહેવું જોઈએ તેમ સમજાવવામાં આવ્યું હતું. પર્યુષણ પર્વની આરાધના માત્ર ધાર્મિક ક્રિયા નહીં, પરંતુ જીવનમાં વિચાર અને ભાવ પરિવર્તન લાવવાનો અવસર હોવાનું જણાવાયું હતું.

આ પ્રસંગે માતૃશ્રી મીનાબેન વિનયચંદ્ર ખંધાર પરિવારે કલ્પસૂત્ર પોથી વહોરવાનો લાભ લીધો હતો. ડો. ચિંતનચંદ્રજી સ્વામીએ કલ્પસૂત્રમાંથી પ્રભુ મહાવીરના ૨૭ ભાવોનું વર્ણન કર્યું હતું. શાંતિમય વાતાવરણમાં ઉપસ્થિત ભાવિકોએ ૩૫ સિદ્ધિ તપ, માસખમણ, ૧૯, ૧૮, ૧૬ તથા નવાઈ-અઠાઈ તપના તપસ્વીઓની અનુમોદના કરી હતી.

આજે તા. ૧૨ સપ્ટેમ્બરે ભગવાન મહાવીર સ્વામીના જન્મવાંચન પ્રસંગે ૧૪ સ્વપ્નો તથા પારણું ઝૂલાવવાની ઉછામણીમાં લાભ લેવા ધર્મપ્રેમીઓને અનુરોધ કરવામાં આવ્યો છે. પૂ. ઓમકારશ્રીજી મ.સા.ના ૨૩મા ઉપવાસની અનુમોદના પણ કરવામાં આવી રહી છે. કઠિન તપસાધનાની અનુમોદના માટે ગઈકાલે ૨૦૦ બહેનો સાંજીમાં જોડાયા હતા.

પર્યુષણ પર્વની આરાધનામાં ધર્મ, શાસન અને સંઘ પ્રત્યે ભાવના સાથે જીવનમાં સકારાત્મક વિચાર અને ભાવ પરિવર્તન લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ અંગે સંઘ પ્રમુખ મધુભાઈ ખંધાર અને કમલેશભાઈ શાહે માહિતી આપી હતી.

# સ્વ. સરયુબેન શેઠની સ્મૃતિમાં રોયલ એકેડેમીનો સંગીતનો જલસો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સ્વ. સરયુબેન ચંદ્રકાન્તભાઈ શેઠની સ્મૃતિને અર્પણ રોયલ એકેડેમી ઈન્ડિયા દ્વારા હેમુ ગઢવી હોલમાં પ્લેટિનમ જ્યુબિલી ૭૭મો લાઈવ ગ્રાન્ડ શો યોજાયો હતો. સંગીત, મોજ-મસ્તી અને નવા-જૂના ગીતોથી ભરપૂર કાર્યક્રમમાં રાજકોટના સંગીતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




## 77મા પ્લેટિનમ જ્યુબિલી ગ્રાન્ડ શોમાં 45 સિંગર્સની નોન-સ્ટોપ પ્રસ્તુતિ; 72 વેરાયટી ગીતોથી હેમુ ગઢવી હોલ ગુંજી ઉઠ્યો

કાર્યક્રમમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, મેયર ડો. નેહલભાઈ શુક્લ તેમજ શેઠ બિલ્ડર્સના મુકેશભાઈ, દિલીપભાઈ અને નરેન્દ્રભાઈ શેઠના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. એન્કરિંગ મેહુલભાઈ રવાણીએ કર્યું હતું, જ્યારે ઓરકેસ્ટ્રા તુષારભાઈ ગોસાઈની ટીમે સંગીતની સુરાવલીઓ રેલાવી હતી.

લાઈવ ગ્રાન્ડ શોમાં ૪૫ સિંગર્સે ૭૨ વેરાયટી ગીતોની અવિરત પ્રસ્તુતિ કરી હતી. નવા અને જૂના ગીતો સાથે નોન-સ્ટોપ સંગીતની શાનદાર મહેફિલે અંત સુધી સંગીતપ્રેમીઓને જકડી રાખ્યા હતા.

રોયલ એકેડેમી ઈન્ડિયા પાસે ૫૫૫થી વધુ સિંગર્સ મેમ્બરોનું સંગીત પરિવાર છે. નવા ગાયકો અને ઉભરતા કલાકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી સંસ્થા નોન-કોમર્શિયલ પ્રવૃત્તિઓ કરે છે. નાના કલાકારો માટે રોયલ સંગીત એકેડેમી હોલ તથા ઋષભ વાટિકા નિશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

સંગીત ઉપરાંત સંસ્થા આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છે. દર રવિવારે બપોરે આધ્યાત્મિક જાપ સહિતની વિવિધ પ્રેરણાદાયી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

રોયલ એકેડેમી ઈન્ડિયાની સંગીત ક્ષેત્રે સતત પ્રવૃત્તિઓમાં ડાયરેક્ટર તરીકે નયનાબેન મોદી, સોનલબેન ચાવડા, ફાલ્ગુનીબેન મહેતા અને અલ્કાબેન શેઠ સેવા આપી રહ્યા છે. સ્વ. સરયુબેન શેઠની સ્મૃતિને જોડાયેલા આ કાર્યક્રમમાં ચંદ્રકાન્ત એમ. શેઠ સહિત સમગ્ર રોયલ એકેડેમી ઈન્ડિયાની ટીમે આયોજનને સફળ બનાવ્યું હતું. રાજકોટના સંગીતપ્રેમીઓએ અંત સુધી કાર્યક્રમ માણી સંગીતની મોજ માણી હતી.

# રાજકોટ કોર્પોરેટરોના વેતનમાં 167% વધારાની માંગ સામે કોંગ્રેસનો વિરોધ





## » હાલનું 15 હજાર માનદ વેતન પૂરતું; કોર્પોરેટરોની હાજરી અને જવાબદારી નક્કી કરવાની પણ માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરોના વેતન-ભથ્થામાં ૧૬૭% વધારો કરવાની માંગ સામે કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડો. હેમાંગભાઈ વસાવડા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી અને કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાએ સંયુક્ત નિવેદનમાં આ માંગને ગેરવ્યાજબી ગણાવી છે.

કોંગ્રેસ આગેવાનોના જણાવ્યા મુજબ રાજકોટના ૪૦થી વધુ ભાજપના કોર્પોરેટરોએ મેયર સહિતના પદાધિકારીઓ સમક્ષ હાલ મળતા વેતન-ભથ્થામાં ૧૬૭% વધારો કરવાની લેખિત રજૂઆત કરી છે. અન્ય મહાનગરપાલિકાઓમાં વધુ વેતન મળતું હોવાની દલીલ પણ કરવામાં આવી છે. જોકે, આગેવાનોના જણાવ્યા મુજબ જુનાગઢ અને ભાવનગર સહિતની મહાનગરપાલિકાઓમાં આશરે ૯,૬૦૦ જેટલું માનદ વેતન મળે છે.

કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યો છે કે કોર્પોરેટરોની કોઈ ચોક્કસ હાજરી કે જવાબદારી નક્કી ન હોય ત્યારે વેતનમાં મોટો વધારો શા માટે કરવો જોઈએ? શહેરમાં ખાડા, ગટર, પાણી, વરસાદી પાણી ભરાવા, બગીચા અને ફુવારાઓ સહિતના અનેક પ્રશ્નો હોવા છતાં કોર્પોરેટરો ભાગ્યે જ લોકપ્રશ્નો માટે સક્રિય દેખાતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.આગેવાનોના જણાવ્યા મુજબ અગાઉ કોર્પોરેટરો પક્ષ કાર્યાલયોમાં લોકો માટે ઉપલબ્ધ રહેતા અને લોકપ્રશ્નો ઉકેલવા પ્રયાસ કરતા હતા. હાલ કોર્પોરેટરોની કામગીરી મર્યાદિત રહી હોવાનો પણ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસ આગેવાનોએ જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સમયગાળામાં કોર્પોરેટરોના વેતન-ભથ્થામાં એકસાથે ૪૦૦% વધારો કરવામાં આવ્યો હતો. તે સમયે રાજકોટમાં જાગૃત નાગરિકોએ વિરોધ અને ધરણાં યોજી આ વધારાનો વિરોધ કર્યો હતો.કોંગ્રેસ આગેવાનોએ જણાવ્યું હતું કે પ્રજાના ટેક્સના નાણાંનો એક-એક પૈસો જવાબદારીપૂર્વક વપરાવો જોઈએ. લોકો મોંઘવારી અને વધતા ખર્ચ વચ્ચે મુશ્કેલીમાં હોય ત્યારે કોર્પોરેટરોના માનદ વેતનમાં વધારો કરવો યોગ્ય નથી. હાલ મળતું ૧૫,૦૦૦નું માનદ વેતન પૂરતું હોવાનું જણાવી તેમણે કહ્યું હતું કે પ્રજાએ ક્યાં સેવા કરવાનું આમંત્રણ આપ્યું હતું? ૧૫,૦૦૦ ન પોસાય તો રાજીનામું આપી દો, ઘણા યુવાનો લાઈનમાં છે.

નિવેદનના અંતે ડો. હેમાંગભાઈ વસાવડા, દિલીપભાઈ આસવાણી અને ગજેન્દ્રસિંહ ઝાલાએ કોર્પોરેટરોના વેતન વધારાની માંગ પર પુનર્વિચાર કરવાની માંગ કરી છે.

# ગોંડલના ગુંદાસરામાં કટિંગ ટાણે જ એલસીબીએ દરોડો પાડી 13.80 લાખનો દારૂ-બિયર ઝડપી પાડ્યો

## 27.24 લાખના મુદામાલ સાથે કલ્યાણપુર અને રાજકોટને બે ઝબ્બે : ઢીંગલી સહીત ચાર વોન્ટેડ

સિટી ન્યૂઝ@ગોંડલ

ગોંડલના ગુંદાસરા ગામની સીમમા દારૂના કટીંગ વેળાએ પોલીસ ત્રાટકી હતી અને ૧૩.૮૦ લાખના શરાબ-બીયર સાથે બે શખ્સોને દબોચી દારૂની ૭૫૩૬ બોટલ, બિયર સહિત રૂ.૨૭.૨૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. રૂરલ એલસીબીની ટીમે બે શખ્સોને પકડી સૂત્રધાર સહિત ચાર શખ્સો ફરાર થઈ જતાં તેની શોધખોળ આદરી છે.રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા દારૂ-જુગારની પ્રવ્રુતિ શોધી કાઢી સદંતર નાબુદ કરવા અસરકારક કામગીરી કરવાની આપેલ સુચનાથી રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં ટીમ અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. ત્યારે કુખ્યાત બુટલેગર જયેશ ઉર્ફે ઢીંગલી પ્રવિણ માંડલીક (રહે.શાપર) એ ગુંદાસરા ગામની સીમમા આવેલ રાજ મહેશ રૂપારેલીયાની વાડી/ખેતરમા વિદેશી દારૂનો જથ્થો ઉતારી દારૂનુ કટીંગ કરે છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે ગુંદાસરા ગામની સીમમા દરોડો પાડ્યો હતો.પોલીસે વાડીમાંથી દારૂની અલગ અલગ બ્રાન્ડની  ૭૫૩૬ બોટલ રૂ.૧૩,૨૮,૯૭૬, બીયર ટીન નંગ-૪૦૮ રૂ. ૫૧ હજારનો જથ્થો મળી આવતાં પોલીસે વિદેશી દારૂ અને બિયર, મોબાઈલ ફોન, દારૂની હેરફેરીમા ઉપયોગમા લીધેલ બે વાહનો અને બાઈક મળી કુલ રૂ. ૨૭,૨૪,૯૭૬ નો મુદામાલ કબ્જે કરી ત્યાં હાજર કરણ ઉર્ફે બારોટ પ્રભુ લગધીર (ઉ.વ.૨૬, રહે. આદર્શ સો.સા બ્લોક નં-૨૪૯ પાળપીપળીયા,લોધીકા, મુળ ગામ-વિરપર ટંકારા) અને હમીર પાલા નકુમ (ઉ.વ.૪૦, રહે.જામખીરસરા, કલ્યાણપુર) ની ધરપકડ કરી હતી. જ્યારે વિદેશી દારૂ અને બિયર મંગાવનાર જયેશ ઉર્ફે ઢીંગલી, વાડી માલીક રાજ રૂપારેલીયા તેમજ જયેશ ઉર્ફે ઢીંગલીનો માણસ રાજ, બીપીન હમીર સોલંકી તેમજ ક્રેટા અને સ્વીફ્ટ ડિઝાઈર કારના ચાલકની શોધખોળ આદરી હતી.

# સોમેશ્વર મહાદેવના સાનિધ્યમાં આજથી શિવ મહાપુરાણનો જ્ઞાનયજ્ઞ

## 9 દિવસ સુધી સંગીતમય શિવકથા; કૌશિકભાઈ ભટ્ટ કથાનું રસપાન કરાવશે, 14મીએ ડો. મહાદેવપ્રસાદ મહેતાનું વિશેષ વક્તવ્ય

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર માર્ગ નં. ૨ પર આવેલા ઐતિહાસિક સોમેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં તા. ૧૨થી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન શિવ મહાપુરાણ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૩થી સાંજે ૭ વાગ્યા સુધી યોજાનારી કથામાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાશે.

કથાની વ્યાસપીઠ પર જાણીતા કથાકાર શાસ્ત્રી કૌશિકભાઈ ભટ્ટ




(રાણસીકીવાળા) સંગીતમય શૈલીમાં આધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીને શિવપુરાણના રહસ્યો સરળ ભાષામાં રજૂ કરશે. કથા દરમિયાન શિવ મહિમા, શિવ પ્રાગટ્ય, સતી ચરિત્ર, શિવ વિવાહ, ગણેશ જન્મોત્સવ તથા ૧૨ જ્યોતિર્લિંગના મહિમા સહિતના પ્રસંગો ભાવપૂર્વક ઉજવાશે.

તા. ૧૪ સપ્ટેમ્બરે વિદ્યાવાચસ્પતિ કથાકાર શાસ્ત્રી ડો. મહાદેવપ્રસાદ મહેતા વિષ્ણુ સહસ્ત્ર નામ વિષય પર વિશેષ વક્તવ્ય આપશે. આ ઉપરાંત સાહિત્ય મર્મજ્ઞ નિરંજનભાઈ પંડ્યા તથા સંસ્કૃતના વિદ્વાન ભદ્રેશભાઈ વ્યાસની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞને સફળ બનાવવા સોમેશ્વર મહાદેવ મંદિરની વ્યવસ્થાપક કમિટીના રાજુભાઈ જુંજા, મનુભાઈ રાચ્છ, ભાનુબેન ફળદુ, ઈન્દુભાઈ ખંભોળીયા, મોનિકભાઈ ગોકાણી, વિમલભાઈ ફળદુ, કરણભાઈ જુંજા, દેવાશિષ ઠક્કર, રાજ મકવાણા, જયેશભાઈ પટેલ, સંજયભાઈ ગઢવી, સુધીરભાઈ પોપટ સહિત ગોપી મંડળની બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે.

વધુ માહિતી માટે રાજુભાઈ જુંજા મો. ૯૮૯૮૧૦૨૪૭૨ અને મનુભાઈ રાચ્છ મો. ૮૭૫૮૭૫૩૨૦૯ પર સંપર્ક કરી શકાય છે.

# ડી.એચ. કોલેજના મેદાનમાં 11 ઓક્ટોબરથી ગોપી રાસ

## સરગમ લેડીઝ ક્લબનું આયોજન

### 11 દિવસના સિઝન પાસ માત્ર 400 અને 500માં, રોજ 20 પ્રિન્સેસ-બેસ્ટ ડ્રેસ ઈનામ

સિટી ન્યૂઝ@રાજકોટ

સરગમ લેડિઝ કલબે ફરી આ વખતે ધૂમધમાકા સાથે ગોપી રાસોત્સવના આયોજનની જાહેરાત કરી છે. બહેનોના ગરબા માટે ફેવરિટ એવા યાજ્ઞિક રોડ ઉપર આવેલી ધર્મેન્દ્ર કોલેજ ( ડી.એચ.) ના મેદાનમાં નવ દિવસ માટે મોટી સંખ્યામાં બહેનો ઝૂમી ઉઠશે. બધે મોંઘવારીની અસર હોવા છ્તા માત્ર ટોકન ફીમાં જ સિઝન પાસ આપવામાં આવશે.

આ અંગે વિશેષ જાહેરાત કરતાં સરગમ લેડિઝ કલબના ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા જણાવ્યુ છે કે, તા. ૧૧/૧૦/૨૬ થી ૨૦/૧૦/૨૬ સુધી ડી.એચ.ના મેદાનમાં સુંદર વ્યવસ્થા વચ્ચે ગોપી રાસોત્સવ યોજાશે. આ વખતે પણ સિઝન પાસ માટે ટોકન ફી રાખવામા આવી છે. સરગમ પરિવારના લેડિઝ સભ્ય હોય તેના માત્ર ૧૧ દિવસના ફક્ત ૪૦૦/- રૂપિયા અને સભ્ય ન હોય તેવા બહેનોના ફક્ત ૧૧ દિવસના સીઝન પાસના ૫૦૦/- રૂપિયા ફી રાખવામા આવી છે. આ રાસોત્સવમાં સરગમ કલબના સભ્ય ન હોય તેવા રાજકોટના કોઈ પણ બહેનો ૧૫ વર્ષથી ઉપરના જોડાઈ શકે છે.

તેમણે જણાવ્યુ છે કે, આ ગોપી રાસોત્સવના ફોર્મનું વિતરણ શરૂ થઈ ગયું છે. આ ફોર્મ આમ્રપાલી લાઈબ્રેરી આમ્રપાલી મેઈન રોડ પોલીસ ચોકી ઉપર, મહિલા કોલેજ લાઈબ્રેરી મહિલા કોલેજ ચોક પોલીસ ચોકી ઉપર, એવરેસ્ટ લાઈબ્રેરી( શાસ્ત્રી મેદાન પાસે એવરેસ્ટ બિલ્ડીંગ ૧૦૧ ), કેનાલ રોડ




સેન્ટર દેના બેંક ની બાજુમાં કેનાલ મેઈન રોડ , સરગમ ભવન ( જામટાવર રોડ જી.ટી. શેઠ હોસ્પિટલ પાસે ) અને સરગમ કલબ ઓફીસ જાગનાથ મંદિર ચોક ( યાજ્ઞિક રોડ ) ખાતેથી મળી શકશે અને ફોર્મ તથા ફી ત્યાં જ જમા કરાવવાના રહેશે. આ રાસોત્સવમાં રોજેરોજ ૨૦ પ્રિન્સેસ અને વેલડ્રેસ ઇનામો આપવામાં આવશે.

ડી.એચ. કોલેજના મેદાનમાં આ રાસોત્સવ માટે સુંદર બેઠક વ્યવસ્થા રાખવામા આવશે અને જડબેસલાક સિક્યુરીટી પણ ગોઠવવામાં આવશે. આ વખતે મન્સુર ત્રિવેદી પ્રસ્તુત મ્યૂઝિકલ મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રા ધૂમ મચાવશે. આ સંગીત સાથે મુંબઈના સિંગર હેમંત પંડ્યા ઉપરાંત પ્રિયા જોષી, અને નિલેષ પંડ્યા (રાજકોટ) માતાજીનાં ગરબા રજૂ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માત્ર બહેનો માટે જ યોજાતા ગોપી રાસ બહેનોમાં ઘણા લોકપ્રિય છે અને દર વખતે મોટી સંખ્યામાં બહેનો રમવા માટે આવે છે. આ રાસોત્સવ નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો આવે છે.

આ રાસોત્સવ ને સફળ બનાવા સરગમ કલબ નાં કાયમી શુભેચ્છકો મૌલેશભાઈ પટેલ, સ્મિતભાઈ પટેલ, પ્રભુદાસભાઈ પારેખ, નાથાભાઈ કાલરીયા, જગદીશભાઈ ડોબરિયા, જીતુભાઈ બેનાણી, ખોડીદાસભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી, રાકેશભાઈ પોપટ, ગિરધરભાઈ દોંગા, કિરીટભાઈ આદ્રોજા, જીતુભાઈ ચંદારાણા, સુરેશભાઈ નંદવાણા, યોગેશભાઈ પુજારા, બિપીનભાઈ હદવાણી, પ્રફુલભાઈ હદવાણી, દીલેશભાઈ પાબારી, સુરેશભાઇ વેકરીયા, મનીષભાઈ માડેકા, એમ.જે. સોલંકી, રાજદીપસિંહ જાડેજા (રાજાભાઈ વાવડી), શૈલેશભાઈ માંકડિયા, નિખીલભાઈ પટેલ, નીરજભાઈ આર્ય, હેતલભાઈ રાજ્યગુરુ, રમેશભાઈ જીવાણી, શૈલેષભાઈ પાબારી આ તમામ મહાનુભાવો નો ગોપીરાસ માં સહયોગ મળેલ છે.

સમ્રગ મંડપ ડેકોરેશન પરમાર કિશોર મંડપ સર્વિસવાળા મધુભાઈ પરમાર, લાઈટીગ ડેકોરેશન પરમાર લાઈટીંગવાલા પરાગભાઈ મહેતા, સમ્રગ માઈકની વ્યવસ્થા અંબિકા સાઉન્ડ એન્ડ ડી.જે. (હિમાંશુભાઈ ચાવડા ) ની છે. આપ જે સંગીત પર ધૂમ મચાવી રહ્યા છો એ ૫૦,૦૦૦ વોટસની સાઉન્ડ ફોર વે સાઉન્ડ સીસ્ટમ રાખેલ છે.

ગોપિરાસ માં પાર્કીગ ની વ્યવસ્થા વ્યવસ્થિત કરેલ છે જેના સ્કૂટર ના પાર્કિંગ ના ૨૦/- અને મોટર પ્રાર્કિંગ ના ૫૦/- રૂપિયા ચાર્જ રાખેલ છે.

આ રાસોત્સવને સફળ બનાવવા માટે સરગમ પરિવારના માર્ગદર્શક અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ પટેલ, ભરતભાઈ સોલંકી, જયસુખભાઈ ડાભી, રાજેન્દ્રભાઈ શેઠ, સુરેશભાઈ દેત્રોજા, કૌશિકભાઈ વ્યાસ, અનવરભાઈ ઠેબા, મનમોહન પનારા ઉપરાંત લેડિઝ કલબના ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલીયા, જસુમતિબેન વસાણી, સુધાબેન ભાયા, અલકાબેન કામદાર, છાયાબેન દવે, ગીતાબેન હીરાણી, કાશ્મીરાબેન નથવાણી, હેલીબેન ત્રિવેદી, જ્યોતિબેન રાજયગુરુ, જયશ્રીબેન સેજપાલ, જ્યોતિબેન ટીલવા, ડો. અલકાબેન ધામેલિયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# વંથલીમાં શનિવારે મહારક્તદાન કેમ્પનું આયોજન

### ચાળીસા સાહેબ મહાપર્વની પૂર્ણાહુતિ નિમિત્તે આયોજન; રાજકોટ સિવિલના જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તદાનની અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ

શ્રી ચાળીસા સાહેબ મહાપર્વ-૨૦૨૬ની પૂર્ણાહુતિના પાવન અવસર નિમિત્તે તા. ૧૨ સપ્ટેમ્બર, શનિવારે વંથલી સોરઠના સિંધુ ભવન, જુલેલાલ ચોક ખાતે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી યોજનારા આ સેવાકીય કેમ્પનો લાભ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીઓને મળશે.

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રક્તની જરૂરિયાતમાં વધારો થયો હોવાથી તમામ બ્લડ ગ્રુપના રક્તની તાતી જરૂરિયાત હોવાનું આયોજકોએ જણાવ્યું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવતા હોવાથી રક્તદાતાઓ વધુમાં વધુ સંખ્યામાં રક્તદાન કરી અમૂલ્ય માનવજીંદગીઓ બચાવવામાં સહભાગી બને તેવી હૃદયપૂર્વક અપીલ કરવામાં આવી છે.

મહારક્તદાન કેમ્પ તા. ૧૨ સપ્ટેમ્બરે સવારે ૯થી બપોરે ૨ વાગ્યા સુધી યોજાશે. આયોજક અનિલભાઈ રાજાણી મો. ૯૪૨૬૫૪૯૭૧૨૩ તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી દ્વારા રક્તદાતાઓને બહોળી સંખ્યામાં જોડાઈ આ માનવસેવાના મહાયજ્ઞને સફળ બનાવવા જાહેર આમંત્રણ પાઠવાયું છે.

જન્મદિવસ, સ્મૃતિદિવસ તથા અન્ય પ્રસંગોએ પણ રક્તદાન કેમ્પ યોજવા અપીલ કરવામાં આવી છે. આવા સેવાકીય પ્રયાસોથી રક્તની અછતનું આંશિક નિવારણ થઈ શકે છે. આ ઉપરાંત ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તથા જીવદયાના વિવિધ સેવાકાર્યો માટે વિનય જસાણી મો. ૯૪૨૮૨૦૦૬૬૦ પર સંપર્ક કરી શકાય છે.

# બોગસ પેઢીના નામે બેંક એકાઉન્ટ ખોલી સાયબર માફીયાના ફ્રોડના 1.73 કરોડ જમા કરાવનાર 3 ઝબ્બે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સાયબર માફીયાઓ દ્વારા ફ્રોડથી મેળવતા નાણા અંગે સમન્વય પોર્ટલ દ્વારા તપાસ કરતા બોગસ પેઢીના નામે બેંક ખાતા ખોલી સાયબર માફીયાઓને ભાડે આપનાર રાજકોટના ત્રણ શખસો સામે ગુનો નોધી ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.ગાંધીનગર સ્થિત ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ દ્વારા અપડેટ થયેલી માહિતી અને અન્ય રાજ્યોની પોલીસ માંથી મળેલા એલર્ટના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે આઈસીઆઈસીઆઈ બેંકના એક ખાતામાં સાયબર ફ્રોડ

## સમન્વય પોર્ટલ દ્વારા પર્દાફાશ: સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ત્રણ સામે ગુનો નોંધી પુછતાછ

દ્વારા ભોગ બનનાર લોકોના રૂ.૧.૭૩ કરોડથી વધુ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ખોલવામાં આવેલું એકાઉન્ટ હનુમુત ઓરગેનીક ટ્રેડીંગ પ્રા.લી.ના નામે હોવાનું બહાર આવ્યુ હતુ. જેની તપાસમા આ બેંક ખાતામાં નાણાની હેરફેર દીપકભાઈ જેશમભાઈ ગડીયા (રહે. ચિંતન પાર્ક, કોઠારિયા રોડ, રાજકોટ), નીતીનભાઈ રાજેશભાઈ ચક્રવર્તી (રહે. મછાનગર, રાજકોટ), શૈલેષભાઈ અમરશીભાઈ લુણાઘરિયા (રહે. સેટેલાઈટ ચોક, મોરબી રોડ, રાજકોટ) હોવાનુ બહાર આવતા પોલીસે ત્રણેય શખસોની અટકાયત કરી તેની પુછતાછ કરતા આ શખસોએ ફ્રોડના નાણા જમા કરવવા માટે નકલી ખાતા ખોલાવી સાયબર માફીયાઓને ભાડે આપ્યા હોવાનુ બહાર આવતા સાયબર ક્રાઈમ પોલીસ મથકના જમાદાર હર્ષરાજસિંહ જાડેજાએ ફરીયાદ નોધાવતા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.




## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ઈએમએસ લિ.ને નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી આશરે રૂ.૨૮.૩૮ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- પાવર મેક પ્રોજેક્ટ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને વેદાંતા પાવર લિ. પાસેથી શક્તિ થર્મલ પ્લાન્ટ, છત્તીસગઢ આધારિત થર્મલ પાવર પ્લાન્ટ ખાતે ૬૦૦ મેગાવોટના બે એન્ડ-ટુ-એન્ડ આધારિત સંચાલન અને જાળવણી માટે રૂ.૯૭૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- જીપીટી ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિ.ને રૂ.૧૧૪.૮૨ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- દિલીપ બિલ્ડકોન લિ.ને પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ પાસેથી રૂ.૧,૮૦૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- એચસીએલ ટેક્નોલોજીસ લિ.એ રૂ.૧૮૫ કરોડના રોકાણ સાથે એડવાન્સ્ડ સેમિકન્ડક્ટર લેબ લોન્ચ કરી છે.
- ઈનોવિઝન લિ.ને એનએચએઆઈ પાસેથી રૂ.૨૧૯,૦૭,૨૯,૬૩૫ નો ઓર્ડર મળ્યો છે.

| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| KARAMTARA ENGINEERING | 09/9 | 11/9 | 241 - 254 | 59 | 14,986 |
| LCC PROJECTS | 09/9 | 11/9 | 139 - 146 | 102 | 14,892 |
| STEAMHOUSE INDIA | 09/9 | 11/9 | 77 - 81 | 185 | 14,985 |
| MANIPAL PAYMENT & IDENTITY SOLUTIONS | 09/9 | 11/9 | 322 - 339 | 44 | 14,916 |
| ASSET RECONSTRUCTION CO. (INDIA) | 09/9 | 11/9 | 132 - 139 | 107 | 14,873 |
| RENTOMOJO | 09/9 | 11/9 | 384 - 404 | 37 | 14,948 |
| VEEGALAND DEVELOPERS | 10/9 | 15/9 | 130 - 140 | 107 | 14,980 |
| MANIKA PLASTECH | 11/9 | 16/9 | 40 - 43 | 348 | 14,964 |
| HERO MOTORS | 16/9 | 18/9 | 79 - 84 | 178 | 14,952 |
| JINDAL SUPREME (INDIA) | 16/9 | 18/9 | 88 - 93 | 161 | 14,973 |
| SS RETAIL | 16/9 | 18/9 | 403 - 424 | 35 | 14,840 |
| SONASELECTION INDIA | 17/9 | 21/9 | 94 - 99 | 150 | 14,850 |
| NATIONAL STOCK EXCHANGE OF INDIA | 17/9 | 21/9 | 1700 - 1785 | 8 | 14,280 |
| SME DETAILS | | | | | |
| AMTECH ESTERS | 09/9 | 11/9 | 71 - 75 | 3200 | 2,40,000 |
| VINOD TEXWORLD | 09/9 | 11/9 | 94 | 2400 | 2,25,600 |
| INFRAX RENEWABLE | 09/9 | 11/9 | 104 | 2400 | 2,49,600 |
| PANCHATV BHARAT | 10/9 | 15/9 | 140 | 2000 | 2,80,000 |
| RAKSAN TRANSFORMERS | 10/9 | 15/9 | 258 - 273 | 800 | 2,18,400 |
| OM GALAXY | 10/9 | 15/9 | 85 - 90 | 3200 | 2,88,000 |
| MAHARAJA & SPEEDEX INDIA | 10/9 | 15/9 | 177 - 186 | 1200 | 2,23,200 |
| CENTURY BUSINESS MEDIA | 11/9 | 16/9 | 70 - 74 | 3200 | 2,36,800 |
| INJECTO POLYMERS | 11/9 | 16/9 | 90 - 100 | 2400 | 2,40,000 |
| QUANTO AGROWORLD | 15/9 | 17/9 | 67 | 4000 | 2,68,000 |
| SHAKTI POLYTARP | 15/9 | 17/9 | 56 - 59 | 4000 | 2,36,000 |
| VAMA WOVENFAB | 15/9 | 17/9 | 324 - 341 | 800 | 2,72,800 |
| KHERIA AUTOCOMP | 17/9 | 21/9 | 96 - 101 | 2400 | 2,42,400 |
| AXIOM GAS ENGINEERING | 18/9 | 22/9 | 50 - 53 | 4000 | 2,12,000 |

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**


સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
તમારી સમસ્યા
હવે છુપાશે નહીં!
તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક
લાઈટ બંધ રહે છે?
ગંદુ પાણી આવે છે?
રસ્તા તૂટેલા છે?
ગંદકી અને સફાઈની સમસ્યા છે?
હવે સીધી ફરિયાદ કરો –
"સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!
તમારી સમસ્યાનો
ફોટો / વિડિયો મોકલો
અમે તેને સંબંધિત
અધિકારીઓ સુધી પહોંચાડશું
ચૂંટણી હોય કે ન હોય –
"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!
WhatsApp કરો:
+91 81409 88883
રાજકોટ
સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી